બફ્ય્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃاللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃاللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ’લા હઝરત
નું અજોડ મુખપત્ર


## બરકાતે ખ્વાજા (માસિક)

**નવેમ્બર-૨૦૨૩**

રબીઉલ્ આખર – જમાદિઉલ્ અવ્વલ
હિજરી સન : ૧૪૪૫

વર્ષ : ૨૦, અંક : ૧૧, સળંગ અંક : ૨૩૮

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફય્ઝાને રઝા મંઝિલ, દયાદરા–૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | ઈઝરાઈલી જુલ્મોના શિકાર પેલેસ્ટાઈનની સાચી દાસ્તાન | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 07 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 10 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 12 |
| 05 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃاللہ علیہ | 15 |
| 06 | તઝકેરતુલ અવલિયા હઝરત સહલ બિન અબ્દુલ્લાહ તુસ્તરી رحمۃاللہ علیہ | 18 |
| 07 | ખુદાની બારગાહમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم તથા મો'મિનોની ઈજ્જત કુર્આન હદીષની રોશનીમાં | 21 |
| 08 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 24 |
| 09 | પ્રથમ સદીના મુજદ્દિદ–૪ હઝરત આમિર બિન શરાહીલ શઅબી رضی اللہ عنہ | 27 |
| 10 | કુર્આન : વિશ્વભરના લોકો માટે હિદાયત તથા માર્ગદર્શન | 31 |
| 11 | બાળકોની કેળવણીના મનોવૈજ્ઞાનિક નિયમો | 35 |
| 12 | ગુજરાતમાં આ'લા હઝરતના ખલીફા હઝરત અલ્લામા મુફતી મહમૂદજાન જામજોધપૂરી رحمۃاللہ علیہ | 42 |
| 13 | દુઆઓ ક઼બૂલ ન થવાના સબબો ! | 45 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## ફૌઝે ગ઼મ કી બરાબર ચળ્હાઈ હૈ

ફૌઝે ગ઼મ કી બરાબર ચળ્હાઈ હૈ દાફએ ગ઼મ તુમ્હારી દુહાઈ હૈ
ઉમ્ર ખેલોં મેં હમને ગંવાઈ હૈ ઉમ્ર ભર કી યહી તો કમાઈ હૈ
તુમને કબ આંખ હમ કો દિખાઈ હૈ તુમને કબ આંખ હમ સે ફિરાઈ હૈ
તૂ ખુદા કા હુવા ઔર ખુદા તેરા તેરે ક઼બ્ઝે મેં સારી ખુદાઈ હૈ
જબ ખુદા ખૂદ તુમ્હારા હુવા તો ફિર કૌન સી ચીઝ હૈ જો પરાઈ હૈ
અંબિયા કો રસાઈ મિલી તુમ તક બસ તુમ્હારી ખુદા તક રસાઈ હૈ
મેરા બેળા કિનારે લગે પ્યારે નૂહ કી નાવ કિસને તિરાઈ હૈ
આગ કો બાગ કિસને કિયા પ્યારે તુમને તુમને હી કુદરત યે પાઈ હૈ
કાશ વો હશ્ર કે દિન કહે મુઝ સે નારે દોઝખ સે તુઝ કો રિહાઈ હૈ
તયબહ જાઉં વહાં સે ન વાપસ આઉં મેરે જી મેં તો અબ યે સમાઈ હૈ
શૌકે દીદારે નૂરી મેં અય **નૂરી** રૂહ ખીંચ કર અબ આંખોં મેં આઈ હૈ

અઝ : હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝા ક઼ાદરી નૂરી رحمۃاللہ علیہ

## ઈઝરાઈલી જુલ્મોના શિકાર



# પેલેસ્ટાઈનની સાચી દાસ્તાન




'ઈઝરાઈલ તથા પેલેસ્ટાઈન' વચ્ચેની સમસ્યા એ તે અંગ્રેજોની દૈન છે જેમણે છળકપટથી લગભગ પૂરા વિશ્વના દેશોને પોતાના ગુલામીમાં કરી લઈને સેંકડો વરસો સુધી તેમના પર રાજ કરી તેમનું શોષણ કરી માલમતા બ્રિટનમાં લઈ જમા કરી હતી. અંગ્રેજોએ પોતાના સામ્રાજ્યના ફેલાવા માટે મુસલમાનો સાથે મેદાને જંગમાં ફાવટ ન આવતાં પોતાના અનેક જાસૂસો થકી મુસલમાનોની અરબ રાષ્ટ્ર પર જે મજબૂત તુર્કી સુન્ની ઉષ્માની હુકૂમત હતી તેને તોડવા અરબોને હુકૂમતની લાલચો આપી તુર્કીઓ વિરુદ્ધ બગાવત માટે ભડકાવ્યા, તેમજ મુસલમોની શક્તિને તોડી પાડવા માટે, અંદરો અંદર લડતા કરવા માટે અરબસ્તાનમાં ધાર્મિક વડા તરીકે ખડો કરીને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી થકી તથા ઈબ્ને સઊદને રાજા બનાવવાની લાલચ આપી વહાબી ફિર્કાને જન્મ આપ્યો અને સરવાળે નજદી વહાબી સઊદીને અંગ્રેજોએ લશ્કરી મદદ કરીને ઉષ્માની સલ્તનતનો ખાત્મો કરીને અરબની મજબૂત સત્તાને તોડી પાડીને વિવિધ રાજાઓને અરબના વિસ્તારના અમુક અમુક વિસ્તારના હુકમરાન બનાવ્યા અને પોતાના ગુલામ બનાવ્યા. જેવી રીતે અરબસ્તાનમાં ઈ.સ. ૧૯૨૦ના ગાળામાં ઉષ્માની તુર્કી હુકૂમતનો ખાત્મો કરીને સઊદી નજદી વહાબી હુકૂમતને સ્થાપી, એવી જ રીતે એ જ અરસામાં પેલેસ્ટાઈનમાં યહૂદીઓને જેમનો કોઈ દેશ ન હતો તેમને વસાવ્યા જેમણે પાછળથી અમેરિકા તથા અંગ્રેજોની મદદથી ઈઝરાઈલ રાજ્યની સ્થાપ્ના કરી, જેને નજીકના વરસો સુધી દુનિયાના મોટાભાગના દેશોએ માન્યતા પણ આપી ન હતી. આવો ! એ પેલેસ્ટાઈનના મઝલૂમો વિશે ઈતિહાસની રોશનીમાં કાંઈક માહિતી જાણીએ.

www.barkatekhwaja.net

પેલેસ્ટાઈન દુનિયાના સૌથી મશહૂર દેશોમાંથી એક છે. મક્કા શરીફમાં હુઝૂર ﷺના એલાને નબુવ્વત બાદ બીજો હુકમ આવતા સુધી નબી કરીમ ﷺ તથા મુસલમાનો બયતુલ મુક઼દ્દસ મસ્જિદે અકસા તરફ મોં કરીને નમાઝ પઢતા હતા. અલ્લાહે આ ભૂમિમાં બરકતો રાખી છે જેનું એલાન કુર્આનમાં છે. એ મુસલમાનોનો ક઼િબ્લએ અવ્વલ છે. દુનિયાની સૌથી પૂરાણી વસ્તી પેલેસ્ટાઈનમાં જ વસાવવામાં આવી હતી. ઈસ્લામના મોટાભાગના નબીઓ તથા પયગંબરો પેલેસ્ટાઈનના રહેવાસી હતા. આ દેશને "નબીઓનો દેશ" પણ કહેવામાં આવે છે. અહીં મૌજૂદ મસ્જિદે અકસાથી જ હુઝૂરે અકરમ ﷺએ મેઅરાજનો સફર આસ્માનો તરફ શરૂ કર્યો હતો. મુસલમાનોની અક઼ીદતો આ ભૂમી સાથે જોડાયેલી છે.

ઈસ્લામી ઈતિહાસમાં પેલેસ્ટાઈનને બીજા ખલીફા હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہએ ફતહ કર્યું હતું. જેના પછી એ સેંકડો વરસો સુધી ઈસ્લામી હુકૂમતનો હિસ્સો રહ્યું. તુર્કીની ખિલાફતે ઉષ્માનિયાએ




પેલેસ્ટાઈનમાં ૪૦૦ વરસો સુધી હુકૂમત કરી. પેલેસ્ટાઈનમાં મૌજૂદ લોકોની સંખ્યા ૪૫ લાખ જેટલી છે જેમાંથી એક મોટી આબાદી વેસ્ટબેંકની તરફ રહે છે. ઈ.સ. ૧૯૨૦વાળા પેલેસ્ટાઈનનો કેવળ ૧૨% ભાગ જ હવે મુસલમાનો પાસે બચેલો છે, બાકીનો જુલ્મની રીતે ઈઝરાઈલે પચાવી પાડેલો છે. અને તે પણ આજકાલના ઈઝરાઈલી હુમ્લાઓ બાદ પેલેસ્ટાઈનીઓના હાથેથી નીકળી જાય તો નવાઈ નહીં ! રજૂ કરેલ નકશાઓ પર આપ ઈઝરાઈલ થકી પચાવી પાડેલ પ્રદેશ જોઈ શકો છો.

મસ્જિદે અકસા પર બંનેલો ગુંબદ ઈસ્લામી દુનિયામાં બનેલો સૌ પ્રથમ ગુંબદ હતો. એનાથી પહેલાં કોઈ પણ મસ્જિદમાં ગુંબદ બનાવવામાં આવ્યો ન હતો. એનો પાયો ખલીફા અબ્દુલ મલિક મરવાને ઈ.સ. ૬૯૨માં રાખ્યો હતો. ત્યારબાદ દરેક મસ્જિદમાં ગુંબદ બનાવવામાં આવવા લાગ્યો. મસ્જિદે અકસા પર બનેલા આ ગુંબદને ''ડોમ ઓફ ધી રોક''ના નામથી ઓળખવામાં આવે છે. મસ્જિદે અકસા ૩૫ એકર જમીનમાં બનેલી છે. એની અંદર કેટલીય મસ્જિદ તથા લાયબ્રેરી છે. જો કે અસલ ગુંબદ મસ્જિદે અકસા પર જે બન્યો છે તે અલગ છે. આ ગુંબદ તો તે સ્થળ પર છે જ્યાંથી હુઝૂર ﷺએ મેઅરાજની શરૂઆત કરી હતી.

www.barkatekhwaja.net

પેલેસ્ટાઈનમાં આજે પણ ઈસ્લામી વકફ સિસ્ટમ જીવંત છે. જેનાથી સરકારને મદદ મળે છે. મસ્જિદે અકસા એ જ વકફ સિસ્ટમનો હિસ્સો છે. આજે પણ પેલેસ્ટાઈનના ૪૫% હિસ્સા પર જૈતૂનની ખેતી કરવામાં આવે છે. પેલેસ્ટાઈન આજે પણ જૈતૂન પેદા કરનાર દસ મોટા દેશોમાંથી એક છે. વરસોથી જાલિમ ઈઝરાઈલના સતત કરવામાં આવતા હુમ્લાઓના કારણે પેલેસ્ટાઈનમાં દર વરસે કરોડો રૂપિયાનું નુકસાન થાય છે, તેમ છતાં આ સૌના હોવા છતાં ત્યાં આજે પણ મોટા પ્રમાણમાં કપડાંનો કારોબાર ચાલે છે. પેલેસ્ટાઈનમાં બનેલા પથ્થર તથા ટાઈલ્સ દુનિયાભરમાં ઉપયોગમાં લેવામાં આવે છે મક્કાની મસ્જિદે હરામમાં વાપરવામાં આવેલ કેટલાક પથ્થર પણ પેલેસ્ટાઈનથી મંગાવવામાં આવ્યા હતા.

પેલેસ્ટાઈનને વહેંચીને 'ઈઝરાઈલ' બનાવવાનો સૌ પ્રથમ **મેલો મનસૂબો** ઈ.સ. ૧૯૩૭માં અંગ્રેજો થકી પેશ કરવામાં આવ્યો હતો, જેને મુસલમાનોએ નિષ્ફળ કરી દીધો હતો. પરંતુ ઈ.સ. ૧૯૪૭માં બ્રિટને ષડયંત્ર રચીને એને બે ભાગોમાં વહેંચી કાઢયું અને એક નવા દેશ 'ઈઝરાઈલ'ની સ્થાપ્ના કરી. બ્રિટને દરેક મુસ્લિમ દેશને કમજોર કરવાની કોશિશ કરી. તેણે ભારતને પણ બે ભાગોમાં વહેંચ્યું કે જેથી મુસલમાનોની તાકાતને તોડવામાં આવી શકે. એ જ કામ પેલેસ્ટાઈનમાં પણ કરવામાં આવ્યું અને આ રીતે મુસલમાનોની શક્તિ તથા સલ્તનત બે હિસ્સાઓમાં વહેંચાઈને રહી ગઈ. ખૂબ જ ઓછા લોકો જાણે છે કે ઈસ્લામી હુકૂમતના દૌરમાં પેલેસ્ટાઈનનો વિસ્તાર જોર્ડન, મિસર, સીરિયા જેવા દેશો સુધી ફેલાયેલો હતો. એ સર્વ દેશો પેલેસ્ટાઈનનો જ ભાગ હતા. હઝરત યૂસુફ علیہ السلامએ જે મિસર પર હુકૂમત કરી હતી એમાં પેલેસ્ટાઈન પણ સામેલ હતું. દુનિયાના મશહૂર બાદશાહ સિકંદરે પણ એક સમયે પેલેસ્ટાઈન પર હુકૂમત કરી હતી. હઝરત ઉમર رضی اللہ عنہના થકી પેલેસ્ટાઈનને ફતહ કરવામાં આવ્યા બાદ ઈસાઈઓએ અમુક વરસો પછી ભેગા મળીને

પેલેસ્ટાઈન પર હુમ્લો કર્યો હતો જેમાં સિત્તેર હજાર મુસલમાન માર્યા ગયા હતા. એ સર્વ જંગો "સલીબી જંગોના" નામથી ઓળખવામાં આવે છે. દસમી સદીમાં થયેલી સલીબી જંગોના પરિણામે પેલેસ્ટાઈન અને મસ્જિદે અકસા પર ઈસાઈઓએ કબજો કરી લીધો. પરંતુ ઈ.સ. ૧૧૮૭માં સલાહુદ્દીન ઐયૂબી رحمۃ اللہ علیہએ ઈસાઈઓને હરાવીને એકવાર ફરીથી મસ્જિદે અકસાને આઝાદ કરાવી લીધી હતી.

ખિલાફતે ઉષ્માનીએ પેલેસ્ટાઈન પર ૪૦૦ વરસ હુકૂમત કરી. પેલેસ્ટાઈન તથા મસ્જિદે અકસા ઈ.સ. ૧૯૨૦ સુધી ખિલાફતે ઉષ્માનિયા તુર્કી સુન્ની હુકૂમતના કબજા હેઠળ રહ્યાં, પરંતુ ઈ.સ. ૧૯૨૦માં બ્રિટને એના પર કબજો કરી લીધો. જ્યારે હિટલરે યહૂદીઓને વીણી વીણીને મારવાનું શરૂ કર્યું ત્યારે આ ભટકતી કૌમ યહૂદી, બ્રિટન તથા અન્ય ઈસાઈ દેશો તરફ ભાગ્યા, પરંતુ તેમણે યહૂદીઓને પોતાના દેશોમાં ઘુસવા પણ ન દીધા ! એવા સમયે પેલેસ્ટાઈનના મુસલમાનોએ તેમને રહેવા માટે જગા આપી હતી. પરંતુ બાદમાં મુસલમાનોને આ મદદ ભારી પડી ગઈ અને યહૂદી બ્રિટનની મદદથી પેલેસ્ટાઈનમાં પોતાનો અલગ દેશ બનાવવાની કોશિશમાં લાગી ગયા. બ્રિટને ઈ.સ. ૧૯૪૭માં પેલેસ્ટાઈનને બે ભાગોમાં વહેંચી કાઢયું અને એક નવા દેશ 'ઈઝરાઈલ'ની સ્થાપ્ના કરી દીધી.

દોસ્તો ! યહૂદી પૂરા પેલેસ્ટાઈન પર કબજો કરીને "ગ્રેટર ઈઝરાઈલ"ને સ્થાપ્વા ચાહે છે. તેમનો મક્સદ મસ્જિદે અકસાને તોડી પાડીને હેકલે સુલૈમાની (સુલૈમાની દીવાલ)નું બાંધકામ કરવાનો છે. ઈઝરાઈલનું માનીએ તો મક્કા શરીફથી લઈને મદીના પાક, ઈરાક, ઈરાન, મિસર, જોર્ડન સૌ એનાં છે ! આપને એ જાણીને કદાચ આશ્ચર્ય થશે કે પેલેસ્ટાઈનને આજે પણ પોતાની સેના તથા ફોજ રાખવાની ઈજાઝત નથી. એ જ કારણે આજકાલ થનારી જંગમાં પેલેસ્ટાઈન તરફથી હમાસને જંગ લડવી પડી રહી છે. હમાસનું હેડક્વાર્ટર ગાઝા પટ્ટીમાં છે અને ત્યાંથી તેઓ પોતાના થકી બનાવવામાં આવેલ મીસાઈલ તથા રોકેટની મદદ વડે ઈઝરાઈલનો સામનો કરી રહ્યું છે. હમાસને જો કે વિશેષતઃ પશ્ચિમી દેશોએ આતંકવાદી સંગઠન ઠરાવેલ છે. પાછલા દિવસોમાં ઈઝરાઈલ પર હમાસે જે રીતે હુમ્લા કરીને હાહાકાર મચાવી દીધો જેનાથી ઈઝરાઈલના હોશ ઉડી ગયા છે, અને જવાબી કાર્યવાહીમાં ઈઝરાઈલે ગાઝા વિસ્તારમાં સતત બોમ્બ વર્ષા કરીને ત્યાંની બિલ્ડિંગોને ખંડેર બનાવી આપેલ છે તથા અનેક નિર્દોષ નાગરીકોમાં યુવાનો, બાળકો, સ્ત્રીઓની જાનહાની થઈ છે, છેલ્લા સમાચાર (તા. ૧૮–૧૦–૨૦૨૩) મુજબ જાલિમ ઈઝરાઈલે ગાઝા હોસ્પિટલ પર પણ હુમ્લો કર્યો જેમાં ૫૦૦ બીમારો, ઘાયલોની જાન ગઈ છે.

ઈઝરાઈલ વરસોથી પેલેસ્ટાઈન પર નાજાઈઝ કબજો જમાવીને બેઠું છે અને અમેરિકા વગેરે દેશોના પીઠબળ હેઠળ ત્યાંના મઝલૂમ મુસલમાનો પર જુલ્મો સિતમ કરતુ આવ્યું છે જેની દાસ્તાનોથી ઈતિહાસ ભરેલો પડયો છે. હાલના જંગમાં પણ અસંખ્ય ઈમારતો ગાઝા વિસ્તારમાં ખંડેર બની ગઈ છે અને અનેક જિંદગીઓ જેમાં નિર્દોષ બાળકો, સ્ત્રીઓ, યુવાનો, વૃદ્ધ વગેરે હોમાઈ ગયેલ છે. અસંખ્ય લોકો ઘાયલ છે. બસ રબ તઆલાથી દુઆ છે કે રબ્બે કરીમ તેના મહબૂબ બંદાઓના સદકા તુફૈલ બૈતુલ મુક઼દ્દસ આઝાદ થાય અને પેલેસ્ટાઈનવાસીઓ પર રહમો કરમ ફર્માવે, તેમને પોતાનુ વતન પરત મળે અને ચૈન તથા સુકૂનથી રહેવાનું નસીબ કરે. આમીન યા રબ્બલ આલમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

وَلَقَدْ كُذِّبَتْ رُسُلٌ مِّنْ قَبْلِكَ فَصَبَرُوْا عَلٰى مَا كُذِّبُوْا وَ اُوْذُوْا
حَتّٰۤى اَتٰىهُمْ نَصْرُنَا ۚ وَ لَا مُبَدِّلَ لِكَلِمٰتِ اللّٰهِ ۚ وَ لَقَدْ جَآءَكَ
مِنْ نَّبَاِی الْمُرْسَلِیْنَ ﴿۳۴﴾ وَ اِنْ كَانَ كَبُرَ عَلَیْكَ اِعْرَاضُهُمْ فَاِنِ
اسْتَطَعْتَ اَنْ تَبْتَغِیَ نَفَقًا فِی الْاَرْضِ اَوْ سُلَّمًا فِی السَّمَآءِ
فَتَاْتِیَهُمْ بِاٰیَةٍ ؕ وَ لَوْ شَآءَ اللّٰهُ لَجَمَعَهُمْ عَلَی الْهُدٰى فَلَا
تَكُوْنَنَّ مِنَ الْجٰهِلِیْنَ ﴿۳۵﴾ اِنَّمَا یَسْتَجِیْبُ الَّذِیْنَ یَسْمَعُوْنَ ؔ وَ
الْمَوْتٰى یَبْعَثُهُمُ اللّٰهُ ثُمَّ اِلَیْهِ یُرْجَعُوْنَ ﴿۳۶﴾ وَ قَالُوْا لَوْ لَا نُزِّلَ
عَلَیْهِ اٰیَةٌ مِّنْ رَّبِّهٖ ؕ قُلْ اِنَّ اللّٰهَ قَادِرٌ عَلٰۤى اَنْ یُّنَزِّلَ اٰیَةً وَّ لٰكِنَّ
اَكْثَرَهُمْ لَا یَعْلَمُوْنَ ﴿۳۷﴾ وَ مَا مِنْ دَآبَّةٍ فِی الْاَرْضِ وَ لَا طٰٓىٕرٍ
یَّطِیْرُ بِجَنَاحَیْهِ اِلَّاۤ اُمَمٌ اَمْثَالُكُمْ ؕ مَا فَرَّطْنَا فِی الْكِتٰبِ مِنْ
شَیْءٍ ثُمَّ اِلٰى رَبِّهِمْ یُحْشَرُوْنَ ﴿۳۸﴾ وَ الَّذِیْنَ كَذَّبُوْا بِاٰیٰتِنَا صُمٌّ
وَّ بُكْمٌ فِی الظُّلُمٰتِ ؕ مَنْ یَّشَاِ اللّٰهُ یُضْلِلْهُ ؕ وَ مَنْ یَّشَاْ یَجْعَلْهُ
عَلٰى صِرَاطٍ مُّسْتَقِیْمٍ ﴿۳۹﴾ قُلْ اَرَءَیْتَكُمْ اِنْ اَتٰىكُمْ عَذَابُ اللّٰهِ
اَوْ اَتَتْكُمُ السَّاعَةُ اَغَیْرَ اللّٰهِ تَدْعُوْنَ ۚ اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ﴿۴۰﴾
بَلْ اِیَّاهُ تَدْعُوْنَ فَیَكْشِفُ مَا تَدْعُوْنَ اِلَیْهِ اِنْ شَآءَ وَ
تَنْسَوْنَ مَا تُشْرِكُوْنَ ﴿۴۱﴾ وَ لَقَدْ اَرْسَلْنَاۤ اِلٰۤى اُمَمٍ مِّنْ قَبْلِكَ
فَاَخَذْنٰهُمْ بِالْبَاْسَآءِ وَ الضَّرَّآءِ لَعَلَّهُمْ یَتَضَرَّعُوْنَ ﴿۴۲﴾ فَلَوْ لَاۤ
اِذْ جَآءَهُمْ بَاْسُنَا تَضَرَّعُوْا وَ لٰكِنْ قَسَتْ قُلُوْبُهُمْ وَ زَیَّنَ لَهُمُ
الشَّیْطٰنُ مَا كَانُوْا یَعْمَلُوْنَ ﴿۴۳﴾ فَلَمَّا نَسُوْا مَا ذُكِّرُوْا بِهٖ فَتَحْنَا
عَلَیْهِمْ اَبْوَابَ كُلِّ شَیْءٍ ؕ حَتّٰۤى اِذَا فَرِحُوْا بِمَاۤ اُوْتُوْۤا اَخَذْنٰهُمْ
بَغْتَةً فَاِذَا هُمْ مُّبْلِسُوْنَ ﴿۴۴﴾ فَقُطِعَ دَابِرُ الْقَوْمِ الَّذِیْنَ ظَلَمُوْا ؕ
وَ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِیْنَ ﴿۴۵﴾

## સૂરએ અનઆમની તફસીર

તમારાથી પહેલાં (પણ) રસૂલ જૂઠાડાયા, તો તેમણે સબ્ર કરી એ જૂઠાડવા અને ઈજાઓ પામવા પર, એટલે સુધી કે તેમને અમારી મદદ આવી[૧૬૪] અને કોઈ બદલનાર નથી અલ્લાહની વાતોને[૧૬૫] અને તમારી પાસે રસૂલોના સમાચાર આવી ચૂક્યા છે[૧૬૬] (૩૪) અને જો તેમનુ મોઢું ફેરવવું તમને માઠુ લાગ્યું હોય.[૧૬૭] તો જો તમારાથી બની શકે તો ધરતીમાં કોઈ સુરંગ શોધી લો અથવા આકાશમાં સીડી, પછી એમના માટે નિશાની લઈ આવો[૧૬૮] અને અલ્લાહ ઈચ્છત તો તેમને હિદાયત પર એકત્ર કરી આપત. તો હે સાંભળનાર ! તું કદાપિ નાદાન ન બન. (૩૫) અને માને તો તે જ છે જેઓ સાંભળે છે[૧૬૯] અને તે મૃત હૃદયવાળાઓને[૧૭૦] અલ્લાહ ઉઠાડશે[૧૭૧] પછી તેના પ્રતિ હાંકવામાં આવશે[૧૭૨] (૩૬) અને બોલ્યા,[૧૭૩] 'એમના રબ તરફથી એમના પર કોઈ નિશાની કેમ ન ઉતરી ?' તમે કહી દો કે, અલ્લાહ નિશાની ઉતારવા શક્તિમાન છે' પણ એમનામાં ઘણા નર્યા અજ્ઞાન છે[૧૭૪] (૩૭) અને નથી કોઈ પૃથ્વી પર ચાલનાર અને ન કોઈ પક્ષી જે પોતાની પાંખો પર ઉડે છે પણ તમારા જેવી ઉમ્મતો.[૧૭૫]

અમે આ કિતાબમાં કશું બાકી ન છોડયું.[૧૭૬] પછી પોતાના રબ તરફ ઉઠાડવામાં આવશે[૧૭૭] (૩૮) અને જેમણે અમારી આયતો (જૂઠાડી (તેઓ) ગુંગા અને બહેરા છે,[૧૭૮] અંધારાઓમાં.[૧૭૯] અલ્લાહ જેને ઈચ્છે તેને ભટકાવી દે. અને જેને ઈચ્છે તેને સીધા માર્ગ પર નાખી દે[૧૮૦] (૩૯) તમે ફર્માઓ, ''બતાવો તો ખરા ! જો તમારા પર આવી પડે અલ્લાહનો અઝાબ, અથવા ક્યામત સ્થાપિત થાય, (તો શું) અલ્લાહ સિવાય અન્યને પોકારશો ?[૧૮૧] જો સાચા હોવ તો[૧૮૨] (૪૦) બલ્કે તેને જ પોકારશો તો જો તે ઈચ્છે (અને) જેના (ખાતર) તેને પોકારો છો (તે મુસીબતને) ઉઠાવી લે, અને (તો) ભાગીદારોને ભૂલી જશો[૧૮૩] (૪૧) અને બેશક ! અમે તમારાથી પહેલાંની ઉમ્મતો તરફ રસૂલ મોકલ્યા, તો તેમને સખ્તી અને તકલીફ વડે પકડયા,[૧૮૪] કે તેઓ કોઈ રીતે ગળગળા થાય[૧૮૫] (૪૨) તો કેમ ન થયું કે જ્યારે તેમના પર અમારો અઝાબ આવ્યો ત્યારે ગળગળા થયા હોત ! પણ તેમના હૃદયો તો સખત બની ગયાં[૧૮૬] અને શયતાને તેમનાં કામો તેમની દ્રષ્ટિમાં રૂપાળ ાં કરી દેખાડયાં (૪૩) પછી જ્યારે ભૂલાવી દીધી જે શિખામણો તેમની આપવામાં આવી હતી,[૧૮૭] (તો) અમે તેમના પર દ્વારો ખુલ્લાં કરી દીધાં દરેક વસ્તુનાં[૧૮૮] ત્યાં સુધી કે જ્યારે, જે તેમને મળ્યું તેના પર હર્ષઘેલા બન્યા.[૧૮૯] ત્યારે અમે ઓચિંતા તેમને પકડી લીધા.[૧૯૦] હવે તેઓ નિરાશ બની બેઠા (૪૪) તો મૂળ ખોદી કાઢવામાં આવ્યું જુલ્મીઓનું.[૧૯૧] અને બધી ખૂબીઓથી વખણાએલ રબ આખા જહાનનો[૧૯૨] (૪૫)

## :: સમજૂતી ::

**૧૬૪ :** અને જૂઠાડનારાઓનો નાશ કરાયો.

**૧૬૫ :** તેના હુકમને કોઈ પલટાવી શકતું નથી, રસૂલોની સહાય, અને એમને જૂઠાડનારાઓનો વિનાશ તેણે જ્યારે નિધાર્યો હશે ત્યારે જરૂર થશે જ.

**૧૬૬ :** અને તમે જાણો છો કે કાફિરો તરફથી તેમને કેવાં કષ્ટો પહોંચ્યાં. એ દષ્ટિ સમક્ષ રાખી તમે દિલને શાંત રાખો.

**૧૬૭ :** સૈયદે આલમ ﷺને ખૂબ ઈચ્છા હતી કે બધા લોકો ઈસ્લામ સ્વીકારી લે, જેઓ ઈસ્લામથી વંચિત રહ્યા તેમનું અભાગીપણું આપને ખૂબ સાલતુ હતું.

**૧૬૮ :** તેમના ઈમાન તરફથી હુઝૂર ﷺની આશાનો અંત લાવવાનો હેતુ અહીં છે, જેથી તેમના મોઢું ફેરવવાથી અને ઈમાન ન લાવવાથી આપને દુઃખ અને તકલીફ ન થાય.

**૧૬૯:** હૃદયપૂર્વક સમજવા માટે તેઓ જ બોધગ્રહિત થાય છે અને સત્ય ધર્મનું નિયંત્રણ સ્વીકારે છે.

**૧૭૦ :** અર્થાત કાફિરોને.

**૧૭૧ :** ક્યામતના દિવસે.

**૧૭૨ :** અને પોતાના કર્મોનું ફળ પામશે.

**૧૭૩ :** મક્કાના કાફિરો.

**૧૭૪ :** નથી જાણતા કે (એ નિશાની)નું ઉતરાણ એમના માટે આફત છે, કારણ કે (એ ઉતર્યા પછી) એનો ઈન્કાર કરતાંની સાથે (એમને) તબાહ કરી દેવામાં આવશે.

**૧૭૫ :** અર્થાત તમામ સજીવ પ્રાણીઓ, જાનવરો હોય કે પશુઓ કે પક્ષીઓ બધાં જ તમારી જેમ ઉમ્મતો છે. આ સરખામણી દરેક રીતે નથી પણ અમુક રીતે છે. જે બાબતોમાં સરખામણી છે તે વિશે

અમુક તફસીરકારોએ કહ્યું છે કે આ જાનવરો તમારી જેમ અલ્લાહને ઓળખે છે, તેને એક જાણે છે અને એની પવિત્રતા બોલે છે, તેમજ તેની ઈબાદત કરે છે. અમુકનું કહેવું છે કે મખ્લૂક હોવામાં તેઓ તમારી જેવા છે. અમુકે કહ્યું કે તેઓ માનવની જેમ જ પરસ્પર પ્રેમ ધરાવે છે અને એકબીજાને સમજી શકે છે. અમુકનું કથન છે કે રોજી ઢુંઢવામાં, તબાહીથી બચાવ કરવામાં, નર નારીનો તફાવત સમજવામાં તમારી જેમ છે. અમુકે કહ્યું કે જન્મવામાં, મરવામાં અને મૃત્યુ બાદ હિસાબ માટે સજીવન થવામાં તમારી જેમ છે.

**૧૭૬ :** અર્થાત સમગ્ર વિદ્યાઓ અને જે કંઈ બની ચૂક્યું અને જે કંઈ બનવાનું છે એ તમામનું વર્ણન એમાં છે અને બધી જ વસ્તુઓનું બયાન એમાં છે. એ કિતાબ એટલે કુર્આન મજીદ અથવા લવહે મહફૂઝ.

*(જુમલ વિગેરે)*

**૧૭૭ :** અને તમામ જાનવરો તેમજ પક્ષીઓનો હિસાબ કિતાબ થશે, ત્યારબાદ તેમને માટી કરી નાખવામાં આવશે.

**૧૭૮ :** કારણ કે સત્ય માની લેવું અને સત્યોચ્ચાર કરવાનું તેમને આવડતું નથી.

**૧૭૯ :** અજ્ઞાનતા, અવાકપણુ અને કુફ્રના.

**૧૮૦ :** ઈસ્લામની તવફીક આપે.

**૧૮૧ :** અને દુનિયામાં જેમને મઅબૂદ માનતા હતા તેમની પાસે હાજત પૂરી કરાવવા જશો ?

**૧૮૨ :** તમારા એ દાવામાં કે મુઆઝલ્લાહ મૂર્તિઓ મઅબૂદ છે. તો એ સમયે તેમને પોકારશો ? પણ તમે એવું નહીં કરો.

**૧૮૩ :** જેમને પોતાની ખોટી માન્યતા અનુસાર મઅબૂદ સમજતા હતા, અને તેમની તરફ ધ્યાન પણ નહીં આપો કારણ કે તમને ખબર છે કે તેઓ તમારા કામ આવી શકતા નથી.

**૧૮૪ :** ફકીરી મુફલિસી કંગાળપણુ અને બીમારી વગેરેમાં સપડાવ્યા.

**૧૮૫ :** અલ્લાહ પ્રતિ ધ્યાન આપે, પોતાના ગુનાહોથી પાછા ફરે.

**૧૮૬ :** તેઓ અલ્લાહ દરબારમાં આજિઝી કરવાના બદલે કુફ્ર અને જૂઠાડવા પર અડેલા રહ્યા.

**૧૮૭ :** અને તેઓ કોઈ પણ રીતે બોધગ્રહિત ન બન્યા, ન તો પડેલી મુસીબતો જોઈને, ન નબીઓની શિખામણોથી.

**૧૮૮ :** આરોગ્ય, સલામતી, વિપુલ પ્રમાણમાં રોજી અને એશઆરામ વગેરેનાં.

**૧૮૯ :** અને પોતાને તેને લાયક સમજી બેઠા અને કારૂનની જેમ ઘમંડ કરવા લાગ્યા.

**૧૯૦ :** અને અઝાબમાં સપડાવ્યા.

**૧૯૧ :** અને બધા જ બરબાદ કરી નાખવામાં આવ્યા, કોઈને બાકી મૂકવામાં આવ્યો નહીં.

**૧૯૨ :** આથી જણાયું કે ભટકેલાઓ, અધર્મીઓ, અને જુલ્મીઓનો નાશ એ અલ્લાહની નેઅમત છે, એના બદલ આભાર માનવો જોઈએ.


**અણમોલ કિતાબ મંગાવો**

**❀❀ કાનૂને શરીઅત ❀❀**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

:: **લેખક** ::

**અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

:: **અનુવાદક** ::

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદીયો : એક સેટના રૂા. ૨૫૦/–**

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે.

ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

પ્રકાશક

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**

મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

## દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-ર)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત નોઅમાન ઈબ્ને મુર્રા* رضی اللہ عنہ *થી[૧] રિવાયત છે. નબી* صلی اللہ علیہ وسلم *એ ફર્માવ્યું કે તમે શરાબી તથા ઝાનીના વિશે શું સમજો છો ? અને આ સવાલ એની સજાઓ ઉતરવાથી પહેલાં હતો.[૨] લોકો બોલ્યા, અલ્લાહ તથા રસૂલ જાણે. ફર્માવ્યું, એ ગુનાહે કબીરા છે. એમાં સખત અઝાબ છે અને બદતરીન ચોરી એની છે જે પોતાની નમાઝથી ચોરશે. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! નમાઝમાંથી કેવી રીતે ચોરશે ?! ફર્માવ્યું કે તેના રુકૂઅ તથા સજદા પૂરા નહીં કરે.[૩]" (માલિક તથા અહમદ, અને દારમીએ એની જેમ)*

**૧.** આપનું નામ ઔન ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉત્બા છે. સૈયદના ઈબ્ને મસ્ઊદના ભત્રીજાના પુત્ર છે. તાબઈ છે. મુરબ્બી છે. મહાન ફક઼ીહ તથા ઝાહિદ હતા. કૂફામાં ક઼યામ કર્યો. ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ થી આપને મુલાકાત થઈ હતી. ક્યારેક એમને ઔન ઈબ્ને ઉત્બા પણ કહી દેવામાં આવે છે, દાદાની નિસ્બતથી. અરબીમાં માણસની નિસ્બત બાપ, કાકા, દાદા, પરદાદાની તરફ પણ કરવામાં આવે છે.

**૨.** એટલે કે સંપૂર્ણ થઈ ગયો. યાદ રાખશો કે રુકૂઅના માટે ઝુકવું નમાઝમાં ફર્ઝ છે અને ત્યાં કાંઈક રોકાવું એટલે કે ઈત્મિનાનથી રુકૂઅ કરવો વાજિબ છે, અને એમાં તસ્બીહ પઢવી સુન્નત છે. જેથી સંપૂર્ણ રુકૂઅ તે છે જેમાં ફર્ઝ, વાજિબ, સુન્નત સૌ અદા થાય.

**૩.** એટલે કમાલનો અદના દરજો છે. જાણવા મળ્યું કે રુકૂઅ સજદાની તસ્બીહો ત્રણથી ઓછી ન કહે, વધારેમાં અધિકાર છે, પાંચવાર કે સાતવાર કહી શકે છે નફ્લો ખાસ કરીને તહજ્જુદમાં, તો જેટલો રુકૂઅ સિજદો લાંબો કરે એ બેહતર છે.

**૪.** એટલે કે આ હદીષ મુન્ક઼તઅ છે. પરંતું કોઈ વાંધો નથી કે અમલોમાં મુન્ક઼તઅ હદીષ સ્વીકાર્ય છે.

## બાબુસ્સુજૂદ વ ફઝ઼્લિહી[૧] باب السجود وفضلہ

## (સજદા તથા તેની ફઝીલત વિશે બયાન)

સજદો શબ્દકોશમાં જમીન પર માથુ રાખવાનુ, આજીજી કરવાને, માથુ ઝુકાવવાને કહે છે. શરીઅતમાં સાત અંગોનું જમીન પર લગાડવું ઈબાદત કે આજ્ઞાપાલનની નિય્યતથી તેને સજદો કહે છે સજદાના ત્રણ પ્રકાર છે : ઈબાદતનો સજદો જે અલ્લાહના માટે થાય છે. તાઝીમનો સિજદો જે ફરિશ્તાઓએ હઝરત આદમ علیہ السلام ને કર્યો. તહિય્યતનો સજદો જે યાકૂબ علیہ السلام એ યૂસુફ علیہ السلام ને કર્યો. ઈબાદતનો સિજદો ગૈરે ખુદા માટે શિર્ક છે. બાકીના બે સજદા ઈસ્લામમાં હરામ છે. એની પૂરી ચર્ચા અમારી તફસીર તફસીરે નઈમી"માં જુઓ. યાદ રાખશો કે કેવળ સજદો પણ ઈબાદત છે, પણ કેવળ રુકૂઅ તથા ક઼યામ ઈબાદત નથી, બલ્કે એ નમાઝમાં ઈબાદત છે. *(મિર્ક઼ાત)*



www.barkatekhwaja.net

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ મને હુકમ આપ્યો કે સાત હાડકાંઓ પર સજદો કરો, પેશાની, બે હાથ, બે ગુઠણો, પગોના કિનારા.[૧] અને એ કે કપડાં તથા વાળ ભેગા ન કરે.[૨]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** જો કે સજદામાં નાક પણ લગાડવામાં આવે છે પણ પેશાની અસ્લ છે અને નાક એના હેઠળ આવે છે જેથી નાકનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો. હાથોથી મુરાદ હથેળીઓ છે કદમના કિનારાઓથી મુરાદ બેડકાં પંજા છે, એ રીતે કે દસેવ આંગળીઓનાં માથાં કાબા તરફ રહે.

**૨.** નમાઝમાં કપડાં સમેટવાં, રોકવાં. સૌમાં કપડાનું રોકવું છે, હા ! ભલે પાયજામા નીચે લંગોટ બાંધેલ હોય, ઉપર પાયજામો કે તેહબંદ હોય તો મના નથી. કેમ કે એમાં કપડાંને રોકવું નથી. યાદ રાખશો કે સજદામાં કદમ તથા પેશાની જમીન પર લાગવું ફર્ઝ છે, પણ હાથો તથા ગુઠણોનું લાગવું સુન્નત છે. ઈમામ સાહબની નજીક કેવળ પેશાની નાક લાગ્યા વિના સજદો જાઈઝ છે. આ હદીષ ઈમામ સાહબની દલીલ છે.

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સજદામાં બરાબર રહો[૧] અને તમારામાંથી કોઈ પોતાની કોણીઓ ન બિછાવે કૂતરાના બિછાવવાની જેમ.[૨]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે ઈત્મિનાનથી સજદા કરો. (અશિઅતુલ લમ્આત) અથવા સજદાનું દરેક અંગ પોતાના સ્થાને રાખો. *(મિર્કાત)*

**૨.** એટલે કે સિજદામાં કેવળ હથેળીઓ જ જમીન પર લાગે, પહોંચુ, કોણીઓ વગેરે સૌ ઉઠેલ રહે, એ જ સુન્નત છે. કોણીઓ બિછાવવી મકરૂહ છે.

*"હઝરત બરાઅ ઈબ્ને આઝિબથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે જ્યારે તમે સજદો કરો તો પોતાની હથેળીઓ રાખો[૧] અને કોણીઓ ઉઠાવો.[૨]" (મુસ્લિમ)*

**૧.** માથાની આસપાસ એ રીતે કે આંગળીઓ બિલ્કુલ મળેલી હોય અને અંગૂઠાના કિનારા કાનોની ગદ્દીઓની નીચે હોય કે ગદ્દીઓથી ટીપુ ટપકે તો અંગૂઠાની ટોચ પર પડે.

**૨.** આ હુકમ પુરૂષો માટે છે. સ્ત્રી કોણીઓ બિછાવશે અને બાવડાં, પાંસળીઓથી મળેલાં રાખશે, કેમ કે એમાં સતર અધિક છે.

*"હઝરત મૈમૂના رضی اللہ تعالیٰ عنہا થી રિવાયત છે ફર્માવે છે કે નબી ﷺ જ્યારે સિજદો કરતા તો પોતાના હાથોની વચ્ચે અંતર રાખતા, ત્યાં સુધી કે જો બકરીનું બચ્ચુ આપના હાથોની નીચેથી પસાર થવા ચાહતુ તો પસાર થઈ જતું.[૧] આ અબૂ દાઊદના શબ્દો છે. જેવું કે શરહે સુન્નહમાં અસ્નાદની સાથે સ્પષ્ટતા કરવામાં આવેલ છે.[૨] અને મુસ્લિમમાં એના અર્થમાં છે. ફર્માવે છે કે નબી ﷺ જ્યારે સિજદો કરતા તો જો બકરીનું બચ્ચુ આપના હાથોની વચ્ચેથી પસાર થવા ચાહતુ તો પસાર થઈ જતું."*

**૧.** એટલે પોતાના હાથ પોતાની પાંસળીઓથી એટલા દૂર રાખતા કે એ વચ્ચેની જગામાંથી બકરીનું બચ્ચુ પસાર થઈ શકે. એની સ્પષ્ટતા કાંઈક આગળ આવશે.

**૨.** આ સાહિબે મસાબીહ પર વાંધો છે કે તે ફસ્લે અવ્વલમાં મુસ્લિમ, બુખારી સિવાય અન્ય કિતાબની હદીષ લાવ્યા. મુસ્લિમનું લખાણ આ નથી બલ્કે એ જ આગળ આવી રહ્યું છે. (ક્રમશઃ)

www.barkatekhwaja.net

# શરહે હ઼દાઈક઼ે બખ્શિશ
ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

*ઝાહિરમેં ક઼દમ ખાકપે ધરતા થા બબાતિન—અફલાક઼ તો ક્યા અર્શ ભી ઝેરે કફે પા થા*
*હાઝિર હુએ જિબ્રઈલે અમીં ભી તો અદબસે—નાઝિલ હુવા કુર્આં ભી તો બે સૌત સદાકે*

**મુસ્હફે આરિઝપે હૈ ખતે શફીઅહ નૂર કા**
**લો સિયહકારો મુબારક હો ક઼બાલા નૂર કા**

*(મુસ્હફ = કુર્આન. આરિઝ = રુખસાર, અગ્ર ભાગ. ખત = રેખા (દાઢી મુબારકની ખત). શફીઆ = સિફારશી)*

**અર્થાત :** ચેહરએ અન્વરના રુખ્સાર મુબારક (ગાલો) પર દાઢી મુબારકનો ખત્તે અન્વર ગુનેહગારોને શફાઅતની ખુશ ખબરી સંભળાવી રહેલ છે કે હે ગુનેહગારો ! તમને શફાઅતનું ઈજાઝતનામુ મુબારક થાય. દાઢી મુબારકના ખત (રેખા)ને લખાણના ખતની સાથે કેટલા પ્યારા અંદાઝમાં મિલાવવામાં આવેલ છે.

રિવાયતમાં આવે છે કે એક યહૂદીએ હુઝૂર ﷺની દાઢી મુબારકનો એક બાલ લઈને એના વસીલાથી અલ્લાહની બારગાહમાં હુસ્નો જમાલના માટે દુઆ કરી તો તેની તદન સફેદ દાઢી એ જ સમયે કાળી ભમ્મર થઈ ગઈ. *(કન્ઝુલ ઉમ્માલ)*

*સૂરજને ઝિયા ઈસ ચશ્મસે લી—ઈસ નુતિકસે ગુન્ચે ફૂલ બને*
*ઉઠા તો સિતારે ફર્શ પે થે—બૈઠા તો ઝમીંકો અર્શ કિયા*

**આબે ઝર બનતા હય આરિઝ પર પસીના નૂર કા**
**મુસ્હફે એ'જાઝ પર ચઢતા હય સોના નૂર કા**

*(આબેઝર = સોનાનુ પાણી. આરિઝ = ચહેરો)*

**અર્થાત :** ચહેરા મુબારક પર પરસેવાનાં સુગંધીદાર ટીપાંઓ એવાં ચમકે છે કે જાણે સોનાનું પાણી ચમકે છે અને એવું મેહસૂસ થાય છે કે જાણે મોજિઝા રૂપી ચહેરા પર પ્યોર સોનુ ચઢાવી દેવામાં આવ્યું છે.

*ગુલિસ્તાનોંકો ભી જો મયસ્સર નહીં—ઐસી ખુશ્બુએં ઉનકે પસીનેમેં હૈં*
*જલ્વએ મુસ્તફા હો અગર સામને—લઝ્ઝતેં કિસ ક઼દર અશ્ક઼ પીનેમેં હૈ*

અને કોઈએ શું સરસ કહ્યું છે :–

*અરસા હુવા તયબહકી ગલિયોંસે વો ગુઝરે થે—ઈસ વક઼્ત ભી ગલિયોંમેં ખુશ્બુ હૈ પસીને કી*

★ ★ ★

*કસ્તૂરીઓ ગુલાબમેં યહ નકહતેં કહાં—આક઼ા ! યહ સારી તેરે પસીને કી બાત હૈ*

www.barkatekhwaja.net

**પેચ કરતા હય ફિદા હોનેકા લુમ્આ નૂર કા**
**ગિર્દે સર ફિરનેકો બનતા હય અમામા નૂર કા**

*(પેચ = વર્તુળ, લપેટ. લુમ્આ = રોશની, ગિર્દે સર = માથાની આસપાસ)*

**અર્થાત** : નૂરનો પુંજ કુર્બાન થવા માટે માથા મુબારકની આસપાસ એવી રીતે ઘુમી રહ્યો છે જાણે દસ્તારને માથાની આસપાસ ઘુમાવીને બાંધવામાં આવે છે.

**હયબતે આરિઝસે થર્રાતા હૈ શો'લા નૂર કા**
**કફ્શે પા પર ગિર કે બન જાતા હૈ ગુચ્છા નૂર કા**

*(થર્રાતા = ધ્રુજે છે, કફ્શે પા = પગરખા)*

**અર્થાત** : ચેહરા મુબારકના નૂરાની તથા ચમકદાર મુબારક ગાલોના પ્રભાવ તથા રુઆબથી નૂરનો પુંજ કાંપતો કાંપતો નાલૈન પાક પર પડીને બોસો લે છે તો નૂરાની ફૂલોનો ગુલદસ્તો બની જાય છે.

*સરમાયાએ જાં હૈં શહે અબરારકી બાતેં–કિસ દરજા સુકૂં દેતી હૈં સરકારકી બાતેં*
*જી ચાહે કે હરઆન સુનૂં ઝિક્રે પયંબર–હોતી રહેં કૌનૈનકે સરદારકી બાતે*

**શમ્અ દિલ મિશ્કાત તન સીના ઝજાજહ્ નૂર કા**
**તેરી સૂરત કે લિયે આયા હૈ સૂરહ નૂર કા**

*(શમ્અ = મીણબત્તી. મિશ્કાત = ફાનસ, તન = શરીર, ઝજાજહ, = કાચની ચીમની, સૂરહ = કુર્આની સૂરત)*

**અર્થાત** : સૂરએ નૂરની આયત મુબારક :

اَللّٰہُ نُوْرُ السَّمٰوٰتِ وَ الْاَرْضِ ؕ مَثَلُ نُوْرِہٖ کَمِشْکٰوۃٍ فِیْہَا مِصْبَاحٌ ؕ اَلْمِصْبَاحُ فِیْ زُجَاجَۃٍ ؕ اَلزُّجَاجَۃُ ۔۔ الی آخرہ ની ઈમાન અફરોઝ તશ્રીહ તથા તફસીર જે અનેક તફસીરોનો નીચોડ છે જે આ'લા હઝરતે આ શેઅરમાં સમાવી દીધી છે. જુઓ ! *(સૂરએ નૂર, ૨૪/૩૫)*

શમ્અ (એટલે વર્ણવેલ આયતમાં શબ્દ નૂરથી મુરાદ હુઝૂર ﷺનું દિલ છે. અલ્લાહ તઆલાને નૂર મુનવ્વરના અર્થમાં કહેવામાં આવે છે.) અને મિશ્કાતથી મુરાદ સરકારનું જિસ્મે મોઅત્તર છે, અને સીના અક્દસ ઝજાજા (સીનાની નૂરાની ચિમની) છે. એવું લાગે છે કે સરકારનો સરાપા (હુલીયો) વર્ણન કરવાના માટે જ અલ્લાહ તઆલાએ સૂરએ નૂર નાઝિલ કરી છે. સુબ્હાનલ્લાહ ! આ છે આ'લા હઝરતની શાઈરી ! આવો શાઈર યોગ્ય રીતે ખરેખર એ ઈનામનો હક્દાર છે કે એના બારામાં કહેવામાં આવે છે :

*મુહમ્મદ પે દિલકો ફિદા કર રહા હૂં–મૈં યૂં દર્દે દિલકી દવા કર રહા હૂં*
*મલક બોસે લેતે હૈં મેરી ઝબાન કે–કે મૈં મિદહતે મુસ્તફા કર રહા હૂં*
*મુહમ્મદ કા તૌક઼ે ગુલામી દિખાકર–મૈં દૂર અપની હર ઈક બલા કર રહા હૂં*

*(સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)*

**મેલસે કિસ દરજા સુથરા હય વો પુતલા નૂર કા**
**હય ગલે મેં આજ તક કોરા હી કુર્તા નૂર કા**

*(મેલ = મેલ, કચરો. પુતલા = પૂતળુ. કોરા = નવુ)*



www.barkatekhwaja.net

**અર્થાત :** (સહાબીએ રસૂલ હઝરત અનસ બિન માલિક رحمۃ اللہ علیہની પાસે એક દસ્તરખાન હતું જેની સાથે એકવાર ખાવા ખાધા પછી હુઝૂર ﷺએ પોતાના મુબારક હાથો લુછયા હતા. ત્યાર બાદ જયારે તે દસ્તરખાન મેલુ થઈ જતુ તો હઝરત અનસ رضی اللہ عنہ તેને ધોવાને બદલે સળગતી આગમાં રાખી દેતા હતા અને સાથે જ ફર્માવતા કે આ કપડા વડે મારા આકાએ પોતાના હાથ મુબારક અને મોં લુછયું છે, એને આગ નથી સળગાવી શકતી જેથી તે દરખાસ્ત મેલથી સાફ થઈને આગથી નીકળે છે. જયારે આપ ﷺના શરીર મુબારક સાથે સ્પર્શનાર કપડુ મેલથી આ રીતે રહેતુ હતું તો ખુદ જિસ્મે અતહરની સફાઈનો આલમ શો હશે.

આ'લા હઝરતના શેઅરનો ભાવાર્થ એ છે કે હે મારા પ્યારા આકા ! ﷺ આપનું શરીર મુબારક મેલ કુચેલથી કેટલુ સાફ સુથરુ છે જયારે કે શરીર પર હમેશાં આપે સાદી કમીઝ જ ઉપયોગમાં લીધી છે.

''આજ તક''થી મુરાદ એ પણ થઈ શકે છે કે હદીષ શરીફના પ્રમાણે الانبیاء احیاء فی قبورھم یصلون આપ એ ફર્માવ્યું કે અંબિયાએ કિરામ પોતાની કબરોમાં જીવંત હોય છે અને નમાઝો પઢે છે.

*(મુસ્નદે અબી યઅલા, ૬/૧૪૭)*

અને ان اللہ تعالیٰ حرم علی الارض ان تاکل اجساد الانبیاء فنبی اللہ حیٌ یرزق હયાતુન્નબી ﷺના અકીદાને સાબિત કરતાં ફર્માવવામાં આવ્યું કે આજે સદીઓ ગુજરી ગયા બાદ પણ માટી આપ ના લિબાસને પણ નથી સ્પર્શી શકતી. આપનો લિબાસ મુબારક (કફન મુબારક) આજે પણ એ રીતે નવુ તથા મેલથી સાફ છે જેવી રીતે દફન સમયે સાફ સુથરુ હતું.

*મિદહતે શાહે દોસરા મુઝસે બયાં હો કિસ તરહ—તંગ મેરે તસવ્વુરાત પસ્ત મેરે તખૈયુલાત*

**તેરે આગે ખાક પર ઝુકતા હૈ માથા નૂર કા**
**નૂરને પાયા તેરે સજદે કો સીમા નૂર કા**

*(સીમા = ચાંદી)*

**અર્થાત :** હે મારા નૂરવાળા ! નૂરની પેશાની પણ સજદાના માટે આપની સામે ઝુકી રહી છે અને નૂરને આ રોશની તથા ચમક પણ આપને સજદો કરવાના કારણે નસીબ થઈ છે. એટલે કે આપ સજદો કરો છો તો કાઈનાતને નેઅમતો મળે છે.

**તૂ હૈ સાયા નૂર કા હર ઉઝ્વ ટુકળા નૂર કા**
**સાયા કા સાયા ન હોતા હૈ ન સાયા નૂર કા**

**અર્થાત :** હે મારા આકા ! આપ તો નૂરે ખુદાના અક્સ (પ્રતિબિંબ) સાયો તથા ફયઝ છો જેથી આપના નૂરાની શરીરનુ એક એક અંગ નૂરનો ટુકડો છે. એટલા માટે આપનો સાયો ન હતો, કેમ કે નૂરનો સાયો ક્યાં હોય છે ?!

*બતલાએ કોઈ નબીકા દેખા સાયા—સાયે કા ભી હોતા હૈ કિસી જા સાયા*
*જબ સાયા નૂરે અજલી વો ઠહરા—પળતા ક્યૂં કર ઝમીં પર ઉસકા સાયા*

*(જમીલે કાદરી રઝવી)* .....(ક્રમશઃ)

www.barkatekhvaja.net

# ફવાઈદુલ ફવાદ
## દિલોના ફાયદા
ભાગ-૧ (૩૪ મજલિસો)

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

આ ગયબી (દુર્લભ) હીરા મોતી અને લારૈબી, ફૂલ (તે જહાનના ફૂલ જેના પર કોઈ શંકા નથી), ખ્વાજએ રાસ્તીન નિઃશંક وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ ની બારગાહથી લકબ પામનારા, ફકીરો તથા મિસ્કીનોના બાદશાહ, શયખ નિઝામુલ હક્ક વશ્શરઅ વદ્દીન, મર્ઉલ્લાહુલ મુસ્લિમીન, બતૂલે બકાયહી (તેમને લાંબી ઉંમર આપીને અલ્લાહ મુસલમાનોને ફયઝ અતા કરે) આમીનના ખજાના તલ્કીન અને યકીનના નિહાંખાનાથી એકત્ર કરવામાં આવે છે અને જે કાંઈ આ શમ્એ મહફિલે મલકૂતથી કાનો સુધી પહોંચ્યું, ચાહે તે હઝરતના અયન લફ્ઝ મુબારક હોય અથવા તેનો ભાવાર્થ હોય, તેને પોતાની સીમિત સમજ પ્રમાણે લખી લીધો. અને કેમ કે આ સંગ્રહથી દર્દમંદોનાં દિલ ઘણા જ ફાયદા ઉઠાવશે, એટલા માટે એનું નામ "ફવાઈદુલ ફવાદ" (દિલોના ફાયદા) રાખ્યું છે. અને અલ્લાહ જ મદદ કરનાર છે, અને એના પર ભરોસો છે.

### (પ્રથમ મજલિસ)

રવિવાર માહે શાબાન (એની બરકતો આમ થાય)ની ત્રીજી તારીખ હિ.સ. ૭૦૭ પરવરદિગારની રહમતનો ઉમ્મીદવાર બંદો ગુનેહગાર હસન અલા સંજરીને જે આ તલ્કીન (નસીહતો)ને લખનાર અને એના ભાવાર્થોને સંપાદિત કરનારને એ શાહ ફલક જાહ, મલક દસ્તગાહની કદમબોસીની દોલત નસીબ થઈ એ જ વખતે એ આફતાબે રોશનઝમીરીના કુતુબની બેનઝીર (અજોડ) નજરના ફયઝથી તેના બાતિનને ચાર તબઅની ગંદકીને ત્યજી દીધી અને તેના માથાને અસ્ફિયાની પેશાનીની કુલાહે ચાર તુર્કી વડે ઝીનત (શોભા) મળી. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

### ★ મુત્તકી તથા તાઈબ, અને તૌબાની ફઝીલત ★

એ દિવસે ફર્ઝ નમાઝો અને ચાશ્તની નમાઝ અને મગરિબ પછીની છ રકાતો અને ઐયામે બીજના રોઝાઓની તાકીદ પછી ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે "તાઈબ" એ "મુત્તકી"ના સમાન છે, કેમ કે મુત્તકી તે હોય છે કે દા.ત. તેણે આખી જિંદગી કદી શરાબ ન પીધી અથવા અન્ય કોઈ ગુનોહ તેનાથી ન થયો હોય. અને તાઈબ તે હોય છે કે ગુનોહ કર્યો અને પછી તૌબા કરી લીધી. ત્યારબાદ ફર્માવ્યું કે બંનેવ આ હદીષના પ્રમાણે બરાબર (સમાન) છે કે : "ગુનાહથી તૌબા કરનાર એવો છે જાણે તેણે ગુનોહ કર્યો જ નથી." (અલ હદીષ) આ સ્પષ્ટતા પણ એના હેઠળ ફર્માવી કે જેણે ગુનોહ કર્યો અને ગુનાહની ખૂબ મજા માણી, જ્યારે તે તૌબા કરે છે અને આજ્ઞાપાલન કરે છે તો

www.barkatekhwaja.net

એ ફર્માંબરદારીમાં પણ ખૂબ લિજ્જત પામે છે અને (અયન) શક્ય છે કે એ રાહતનું એક રજકણ જે તેને ફર્માંબરદારીમાં હાંસલ થયું તે રજકણ ગુનાહોના ઢગલાઓના ઢગલાને સળગાવી નાખે !

### ★ દુનિયામાં નામના ચાહનારાઓ ! સાવધાન ! ★

પછી ચર્ચા એ થઈ કે મર્દાને ખુદા ખુદને છુપા રાખે છે, અને હક્ક તઆલા તેમને જાહેર કરી આપે છે. ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે ખ્વાજા અબુલ હસન નૂરી (અલ્લાહ તઆલા તેમની કબ્રને નૂરથી ભરી આપે) મુનાજાત (દુઆ)માં કહ્યા કરતા હતા કે, ઈલાહી ! મને તારા શહેરોમાં તારા બંદાઓની દરમિયાન છુપાવી લે. તેમણે એ હાતિફ (ગયબી પોકારનાર)થી અવાજ સાંભળ્યો કે હે અબુલ હસન ! એટલે કે, "હક્કને કોઈ ચીજ નથી છુપાવતી, અને હક્ક કદાપિ છુપુ નથી રહેતું !"

એ જ મુનાજાતથી આ હિકાયત વર્ણવી કે નાગોરના વિસ્તારમાં એક બુઝુર્ગ હતા તેમને હમીદુદ્દીન સવાલી رحمۃ اللہ علیہ કહેતા હતા. તેમને સવાલ કરવામાં આવ્યો કે મશાઈખમાંથી અમુક ઈન્તેકાલ કરી જાય છે અને તેમના ઈન્તેકાલ પછી કોઈ તેમનું નામ પણ નથી લેતુ. અને અમુક જ્યારે ઈન્તેકાલ કરી જાય છે, તો તેમનું નામ અને ખ્યાતિ જગતના ખૂણે ખૂણામાં પહોંચી જાય છે. હાલતોનો આ તફાવત કેવી રીતે થાય છે ? જવાબ આપ્યો કે, **"જેઓ જિંદગીમાં પોતાના પ્રચારની કોશિશ કરે છે તેમના મૃત્યુ બાદ તેમનું નામ તથા ખ્યાતિ નષ્ટ થઈ જાય છે અને જેઓ જિંદગીના સમયમાં ખુદને છુપાવીને રાખે છે તો મૃત્યુ બાદ તેમનું નામ તથા શોહરત (ખ્યાતિ) આખા જગતમાં પહોંચી જાય છે.**

### ★ બુઝુર્ગની બેઅદબીનો ખતરનાક અંજામ ! ★

પછી મહાન મશાઈખ તથા અબ્દાલ વિશે, તેમના દરજાઓની તરક્કી (પ્રગતિ) વિશે ચર્ચા થઈ. ઝબાન મુબારકથી ઈર્શાદ ફર્માવ્યો કે એક શખ્સ હઝરત શયખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ ની ખાનકાહમાં આવ્યો. તેણે કોઈને જોયો કે હાથ પગો તૂટેલા અને ખરાબ હાલાતમાં ખાનકાહના દરવાજા પર આવીને પડેલો છે. એ શખ્સ શયખની ખિદમતમાં આવ્યો અને એ દરવાજા પર પડેલા માણસની હાલત સંભળાવીને દુઆની દરખાસ્ત કરી. શયખે ફર્માવ્યું, ખામોશ રહો ! એણે બેઅદબી કરી છે ! તે આવનારે પૂછ્યું કે તેણે શું બેઅદબી કરી છે ? શયખે ફર્માવ્યું, તે અબ્દાલોમાંથી એક છે. કાલે એ પોતાના બીજા બે સાથીઓની સાથે એ ઉડયન શક્તિ વડે જે અબ્દાલોને હાંસલ છે, હવામાં ઉડી રહ્યા હતા. જ્યારે આ ખાનકાહ પર પહોંચ્યા તો તેમનો એક સાથી તો ખાનકાહથી હટીને અદબભેર જમણી બાજુ થઈને પસાર થઈ ગયો, બીજો સાથી પણ ખાનકાહની ડાબી બાજુ થઈને નીકળી ગયો, પણ આ ચાહતો હતો કે બેઅદબી સાથે ખાનકાહની ઉપર થઈને ગુજરે જેથી પડી ગયો !

### ★ પીરના અદબ વિશે ચર્ચા ★

આ વાતો પણ એના અનુસંધાન ફર્માવી. પીરના અદબનું ધ્યાન રાખવું અને એની સમક્ષ સારો જવાબ આપવાના બારામાં ફર્માવ્યું કે, ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ એકવાર ઈદની રાતે પોતાની ખાનકાહમાં બિરાજમાન હતા, અને ચાર શખ્સો મર્દાને ગયબમાંથી તેમની ખિદમતમાં હાજર થયા. (હઝરતે) તેમનામાંથી એકની તરફ ચહેરો કરીને ફર્માવ્યું કે કાલે તમે ઈદની નમાઝ ક્યાં પઢશો ? તે મર્દે કહ્યું કે મક્કા મુબારકમાં. ત્યાર બાદ બીજાને પૂછ્યું કે તમે ક્યાં અદા કરશો ? તે મર્દ બોલ્યો કે મદીના મોઅઝ્ઝમામાં. ત્યાર બાદ ત્રીજાને પૂછ્યું કે તમે ક્યાં પઢશો ? તેણે જવાબ આપ્યો કે બયતુલ મુકદસમાં. પછી ચોથાને પૂછ્યું કે, તમે ક્યાં અદા કરશો ? તે આદાબ બજાવી લાવ્યો અને અર્ઝ કરી

બગદાદમાં જ ! મારા ખ્વાજાની સાથે ! ખ્વાજાએ તેના બારામાં એવું ફર્માવ્યું કે, તું આ સૌથી વધુ ઝાહિદ છે, આલિમ છે તથા અફઝલ છે.

પછી તઝકિયએ નફ્સ (નફ્સની સફાઈ)ની ચર્ચા ચાલી તો ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે, મર્દનો કમાલ ચાર ચીજોથી જાહેર થાય છે : ઓછુ ખાવું, ઓછુ બોલવું, ઓછુ સૂવું અને લોકો સાથે ઓછુ મળવું જલવું. પછી જદ્દ તથા ઈજતેહાદની વાત આવી. બંદાએ આ બે શેઅર હઝરતની ઝબાને ગોહરબારથી સાંભળ્યા : (અર્થ) દીનની હિદાયત જો કે ખુદાની તરફથી થાય છે (પરંતુ) કોશિશ (બંદા)એ પણ કરવી જોઈએ. તે આમાલનામુ જે કયામતમાં તમારે પઢવાનું છે તેની પ્રેક્ટિસ અહીંથી કરી લેવી જોઈએ.

## (બીજી મજલિસ)

એ જ વરસે શાબાન મહીનાની આઠમી તારીખ જુમ્આની નમાઝ બાદ કદમબોસીની દોલત નસીબ થઈ. બંદાની પાસે એક ગુલામ હતો જેનું નામ મલીહ હતું. તેને મુરીદ થવાના શુકાનામાં સાથે લાવ્યો હતો. ખ્વાજા ઝિકુલ્લાહ બિલ્ખૈરની સામે તેને આઝાદ કરી આપ્યો. દુઆએ ખૈર ફર્માવી. તે જ વખતે તે ગુલામે પોતાનું માથુ મખ્દૂમે આલમિયાનના કદમોમાં રાખી દીધુ અને બયઅતના શરફથી મુશર્રફ થયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## ★ પીરનો પુત્ર ગાદી પર બેસે કે કોઈ પણ લાયક વ્યક્તિ ?! ★

એ જ મોકા પર ખ્વાજા رحمۃ اللہ علیہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે આ રાહમાં ગુલામી તથા ખ્વાજગી દરમિયાનમાં નથી. જે પણ મહોબ્બતની દુનિયાનો ખરો ઉતરે છે તેનું કામ બની જાય છે. આ ચર્ચા દરમિયાન ફર્માવ્યું કે ગરનીનમાં એક પીર હતા. તેમનો એક ઝીરક નામનો ગુલામ હતો. અને એ ઝીરક અત્યંત સચ્ચાઈ તથા કાબેલિયત ધરાવતો હતો. જ્યારે બુઝુર્ગવાર પીરનો આખરી સમય આવ્યો તો મુરીદોએ પૂછયું કે આપની જગાએ કોણ બેસે ? બોલ્યા, ઝીરક ! અને એ પીરના ચાર પુત્રો હતા. હોશિયાર તથા અખત્યારવાળા હતા. ઝીરકે અર્ઝ કરી, હે ખ્વાજા ! મને આપના પુત્રો થોડા છોડશે કે આપની જગાએ બેસું ?! તેઓ જરૂર મારી સાથે ઝઘડો કરશે. પીર બોલ્યા, તું શાંતિ રાખ ! જો તેમણે તારાથી દુશ્મની કરી તો હું તેમની બુરાઈને તારાથી દૂર કરીશ. સારાંશ જ્યારે પીર ખુદાની રહમતમાં પહોંચી ગયા તો ઝીરક ખ્વાજાની જગાએ બેસી ગયો પીરના પુત્રોએ વિવાદ શરૂ કર્યો કે તું અમારા ગુલામોમાંથી એક ગુલામ છે ! તારી શું મજાલ કે અમારા બાપની જગા પર બેસે ?! જ્યારે તેમની દુશ્મની ખૂબ જ વધી તો ઝીરક પીરના રોઝા (મઝાર) પર આવ્યો અને અર્ઝ કરી કે હે ખ્વાજા ! આપે કહ્યું હતું કે જો મારા પુત્રો તારો વિરોધ કરશે તો હું તેમની બુરાઈને તારાથી દૂર કરીશ. હવે તેઓ મને ઈજા પહોંચાડવા માગે છે, જેથી આપે આપનો વાયદો પૂરો કરવો જોઈએ. એવું અરજ કર્યું અને પોતાની જગાએ પરત આવી ગયો. એના થોડાક જ દિવસો બાદ કાફિરે ગરનીનના પ્રદેશ પર હુમ્લો કર્યો. લોકો તેની સાથે લડવા બહાર નીકળ્યા. પીરના ચારેવ પુત્રો પણ તેમની સાથે નીકળ્યા અને જંગમાં શરીક થયા અને ચારેવે શહાદત પામી અને એ જગા વિના અવરોધે ઝીરકના માટે નિશ્ચિત થઈ★.

મલીક મજકૂરને તેના મુરીદ થયા બાદ બે રકાત નમાઝનો હુકમ થયો. એના બારામાં ઝબાન મુબારકથી ફર્માવ્યું કે આ બે રકાતની શું નિય્યત કરવી જોઈએ ? (પછી) ફર્માવ્યું કે, નફી માસિવલ્લાહના માટે. ....*(ક્રમશઃ)*

*★ આજે તો પીરના બેટાનું પીર અને ગાદીનશીન–સજ્જાદાનશીન બનવું સામાન્ય છે. બીજા કોઈ અન્યને ગાદીનશીન બનાવવું જોવામાં પણ નથી આવતું ! ચાહે તે બેટો ગાદીને લાયક હોય કે ન હોય ! જેથી આજે કેટલાય કહેવાતા સજ્જાદાનશીન ફાસિક, દાઢી મૂંડા તથા બેનમાઝી, શરીઅત વિરુદ્ધ વર્તતા આપણે જોઈએ છીએ ! અલ્લાહની પનાહ !*

## તઝકેરતુલ અવલિયા

# હઝરત સહલ બિન અબ્દુલ્લાહ તુસ્તરી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**હપ્તો ૫૫**

**વજૂદ તથા હાલ :** ફર્માવ્યું કે જે વજ્દ તથા હાલ માટે કુર્આન તથા હદીષમાં દલીલ ન હોય તે બેકાર તથા બાતિલ છે. ફર્માવ્યું કે અન્યોની સરખામણીમાં આલિમનો દરજો બુલંદ છે, પરંતુ આલિમની ઓળખ એ છે કે અઝલથી જે મુકદ્દરમાં ચીજો લખાઈ ચૂકેલી છે તેના પર ખુશ રહે.

**ઉલમા વિશે :** ઉલમા (આલિમો)ના પણ ત્રણ પ્રકાર છે : ૧. તે આલિમ જે પોતાના જાહેરી ઈલ્મોને લોકોની સમક્ષ પેશ કરી આપે. ૨. તે આલિમ જે બાતિની ઈલ્મોને અહલે બાતિનની સમક્ષ વર્ણન કરી આપે ૩. તે આલિમ જેના ઈલ્મને તેના તથા ખુદા સિવાય કોઈ ન જાણતુ હોય. અને સૌથી મોટી ગુનાહખોરી જેહાલત છે. પછી ફર્માવ્યું કે ઈસ્લામના ત્રણ સોનેરી ઉસૂલ છે : ૧. ઈખ્લાસ તથા અમલોમાં હુઝૂરે અકરમ ﷺની ઈત્તેબાઅ (પયરવી). ૨. હલાલ રોજી ખાવી. ૩. કાર્યોમાં ઈખ્લાસ પેદા કરવો. ફર્માવ્યું, પ્રારંભમાં તો એ જરૂરી છે પરંતુ ખામોશી અપનાવ્યા વિના તૌબાની પ્રાપ્તિ શક્ય નથી, જ્યાં સુધી પોતાના સર્વ અંગોની દેખરેખ ન રાખે રબ તઆલાના હક્કો અદા થઈ શકતા. અને અમારી સર્વ વર્ણવેલ વાતો રબની તૌફીક વિના હાંસલ નથી થઈ શકતી.

ફર્માવ્યું કે અફઝલ ઈન્સાન તે જ છે જે બુરી આદતોને ત્યજીને નેક આદતો અપનાવે. ફર્માવ્યું કે ફકીરોને તુચ્છકારભરી નજરે ન જુઓ કેમ કે એમાં મોટાભાગના અંબિયાના નાયબ તથા વારસ હોય છે. પછી ફર્માવ્યું કે બંદાપણાનો શરૂનો મકામ એ છે કે પોતાના અખત્યાર તથા શક્તિથી ખાલી તથા બેઝાર થઈ જવું છે. ફર્માવ્યું કે જેના જાહેર તથા બાતિન (અંતર)માં એકાકીપણુ ન હોય તેને સિદ્દક (સત્ય)ની હવા પણ નથી લાગી શકતી. ફર્માવ્યું કે બિદઅતવાળાઓ સાથે સંબંધ સ્થાપિત કરનારાથી અલ્લાહ તઆલા સુન્નતની પયરવી છીનવી લે છે, અને જે બિદઅતીનાં કામો પર ખુશી પ્રદર્શિત કરે છે તેનાથી ઈમાની નૂર છીનવી લેવામાં આવે છે. અને દુનિયામાં સુન્નત એક એવી ચીજ છે જેમ કે આખેરતમાં જન્નત, અને જેને જન્નત મળી ગઈ તેનાથી રંજો ગમોનો ખાત્મો થઈ ગયો, અને જે સુન્નતોની પયરવી કરનાર થઈ ગયો તેનાથી બિદઅત દૂર થઈ ગઈ.

ફર્માવ્યું કે ખુદાની એ સૌથી મહાન દૈન છે કે જેના દિલને પોતાના ઝિક્ર વડે સરફરાઝ કરી આપે. અને સૌથી મહાન ગુનાખોરી ખુદાને ભૂલાવી દેવું છે. ફર્માવ્યું કે હરામ ચીજથી અલિપ્ત રહેનારો મામૂન (સુરક્ષિત) થઈ જાય છે. ફર્માવ્યું કે અધિક મોતબર્રક (બરકતવાળુ) આરિફનું દિલ છે, કેમ કે મઅરેફત જેવી બાબરકત ચીજ આરિફના દિલમાં મુકીમ થઈ (ઘર કરી) જાય છે અને જો દિલ કરતાં અધિક કોઈ અન્ય ચીજ મોતબર્રક હોત તો તેને મઅરેફત અતા કરવામાં આવતી. અને આરિફની પહેચાન એ છે કે તેના દિલમાં ઝિક્રે ઈલાહીનો ઉમેરો થતો રહે.

ફર્માવ્યું કે ખુદા કરતાં મોટો કોઈ મુઈન તથા મદદગાર નથી અને હુઝૂરે અકરમ ﷺ કરતાં મહાન કોઈ હાદી કે રહનુમા નથી. અને તક્વા કરતાં અફઝલ કોઈ ઝાદે રાહ (સફરનો સામાન) નથી અને સબ્રનો કોઈ નેઅમલ બદલ (બદલામાં કોઈ અન્ય ચીજ) નથી.

**અલ્લાહનો પોકાર બંદાઓ માટે :** અલ્લાહ તઆલા પોકારી પોકારીને ફર્માવે છે કે હે બંદાઓ ! હું તમને યાદ કરું છું, પણ તમે મને યાદ નથી કરતા. હું તમને મારા તરફ બોલાવું છું અને તમે ઉલ્ટી દિશા

❐ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❐ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

www.barkatekhwaja.net

અપનાવો છો. હું તમારાથી મુસીબતોને દૂર કરું છું અને તમે ગુનાહોમાં પડીને તેમને દાવત આપો છો. ભલા ! એનાથી વધુ નાઈન્સાફી અન્ય શું હોઈ શકે છે ?! અને મહેશરમાં તમારી પાસે એનો શો જવાબ હશે ?!

ફર્માવ્યું કે **જેણે નફ્સ પર કબજો કરી લીધો તે આખા જગત પર કબજાવાળો થઈ ગયો.** ફર્માવ્યું કે નફસની મુવાફિક્ત (નફસના પ્રમાણે કરવું) સિદ્દીકોનો પ્રથમ ગુનોહ છે કેમ કે **નફસના વિરોધ કરતાં બેહતર કોઈ ઈબાદત નથી.** અને જેણે નફ્સને ઓળખી લીધો તેણે ખુદાને ઓળખી લીધો અને જેણે ખુદાને ઓળખી લીધો તેણે દરેક ચીજ મેળવી લીધી.

ફર્માવ્યું કે સિદ્દીકો પર ખુદા એક ફરિશ્તો નિયુક્ત કરી આપે છે જે તેને નમાઝના સમયોથી માહિતગાર કરતો રહે છે, અને જો તે સૂઈ જાય છે તો જાગૃત કરી આપે છે. ફર્માવ્યું કે **સૂફીઓ તે છે** જેઓ ખરાબીથી પાક ચિંતન મનની આદતવાળા (આદી), ખાલિકથી નજીક અને મખ્લૂકથી દૂર હોય છે. અને **માટી તથા સોનામાં તેમની નજીક કોઈ તફાવત નથી હોતો** અને ઓછુ ખાવું, મખ્લૂકથી દૂર ભાગવું, ખાલિકની ઈબાદત કરવી એ અયન તસવ્વુફ (સૂફીપણુ) છે.

**તવક્કુલ** : ફર્માવ્યું કે તવક્કુલ એ અંબિયાએ કિરામની પસંદીદા ચીજ છે એટલા માટે પયરવી કરનારાઓ માટે સુન્નતની પયરવી જરૂરી છે. અને તવક્કુલનો ભાવાર્થ એ છે કે ખુદાની સામે એ રીતે રહે જેવી રીતે ગુસલ આપનારની સામે મૈયત પડી રહે છે. અને મુતવક્કિલ (તવક્કુલવાળા)ની ઓળખ એ છે કે ન તો કોઈની પાસે માગે અને ન માગ્યા વિના કોઈનાથી કંઈ લે. બલ્કે જો કોઈ કાંઈ આપી પણ દે તો તેને સદકો કરી આપે. અને ખુદા તઆલાના વાયદાઓ પર સાચા દિલથી ઈમાન રાખે. અને ચાહે પાસે કાંઈ હોય કે ન હોય દરેક હાલતમાં ખુશ રહે. પરંતુ તવક્કુલ પણ તેને જ નસીબ થાય છે જે દુનિયાને છોડીને ઈબાદત તથા રિયાઝતમાં મશગૂલ થઈ જાય. અને તવક્કુલ જ એક એવી ચીજ છે જેમાં અચ્છાઈ સિવાય બુરાઈનું કોઈ પાસુ જ નથી હોતુ.

ફર્માવ્યું કે દોસ્તીનો ભાવાર્થ એ છે કે ફર્માબરદારી પર લાગેલા રહીને વિરોધી ચીજોથી દૂરી અપનાવે. અને સર્વ રાહતો પણ તેનું મુકદ્દર છે જે ખુદાને દોસ્ત રાખે છે. ફર્માવ્યું કે હયાનું પાસુ ખૌફ કરતાં બુલંદ છે, કેમ કે હયા કેવળ અલ્લાહવાળાઓ માટે ખાસ છે અને ખૌફ સર્વ આલમના માટે છે. અને દીન તથા દુનિયાથી ન ડરવાનું નામ મુરાકબા છે. અને ઈમાન કેવળ ખૌફ તથા ઉમ્મીદની વચ્ચે જ મળે છે. અને ઘમંડીને ખૌફ તથા ઉમ્મીદ (બીમ વ રજા) હાંસલ જ નથી થતો. ફર્માવ્યું કે નવાહી (મના કરેલ ચીજો)થી બચવાનું નામ ખૌફ અને અવામિર (કરવાનો હુકમ થયેલ ચીજો)ને બજાવી લાવવાનું (અદા કરવાનું) નામ રજા (ઉમ્મીદ) કહે છે. અને ઈલ્મ પ્રાપ્તિનો દારોમદાર પણ ખૌફ પર જ છે, અને સૌથી મોટો ખૌફ કરનાર તે જ છે જેને એ ખૌફ રહે કે ન જાણે તકદીરનું લખેલું શું છે ?!

એક શખ્સે દાવો કર્યો કે હું ઘણો જ મોટો ખૌફવાળો છું. તો આપે ફર્માવ્યું કે તેં બાતિનથી સંબંધ કટ થવાના કારણે ખુદાને નથી ઓળખ્યો, તો પછી ખૌફ સાથે તારે શું નિસ્બત થઈ શકે છે ?! ફર્માવ્યું કે ઝોહદના ત્રણ દરજા છે : **પ્રથમ** દરજો તો એ છે કે લિબાસ તથા ભોજનમાં ઝુહદ અપનાવે, કેમ કે ભોજનનું પરિણામ ગંદકી અને લિબાસનું પરિણામ ફાટવું છે. **બીજો** દરજો એ છે કે, એવું સારી રીતે દિમાગમાં બેસાડી લે કે મેલ મિલાપનું પરિણામ વિરહ છે. અને **ત્રીજો** દરજો એ છે કે દુનિયાને નાશવંત (ફાની) ખયાલ કરતો રહે. ફર્માવ્યું કે નફસને પીઠ પાછળ નાખી દેવાનું નામ વરઅ (તકવાથી ઉપરની મંઝિલ) છે, અને **નફ્સનું અનુસરણ કરનાર એવો છે જેમ કે કોઈ ખુદાના દુશ્મનને દોસ્ત રાખે.** પછી ફર્માવ્યું કે તજલ્લીના પણ ત્રણ પ્રકારો છે : **પ્રથમ** જાતની તજલ્લી જેને મુકાશફા તથા અસ્રારે ખુદાવંદી (રહસ્યો)થી તાબીર કરવામાં આવે છે. **બીજી**

www.barkatekhwaja.net

સિફતો (ખૂબીઓ, ગુણો)ની તજલ્લી જે નૂરનું કેન્દ્ર (મર્કઝ) હોય છે. ફર્માવ્યું કે વરઅનો પ્રારંભિક દરજો ઝુહદ છે અને ઝુહદનો પ્રથમ દરજો તવક્કુલ છે. અને તવક્કુલનો પ્રારંભિક દરજો મઅરેફતનો પ્રથમ મકામ કનાઅત (જે મળે તેમાં રાજી રહેવું) છે અને કનાઅતનો પ્રારંભિક દરજો ખ્વાહિશાતનો ત્યાગ કરવુ છે. અને ખ્વાહિશાતના ત્યાગનો પ્રથમ દરજો રઝાએ ઈલાહી છે અને રઝાએ ઈલાહીનો પ્રથમ દરજો મુવાફિકત છે.

ફર્માવ્યું કે નફ્સના માટે સૌથી કઠિન મંઝિલ ઈખ્લાસ છે. અને ઈખ્લાસનો ભાવાર્થ એ છે કે વિના કોઈ ફેરફાર કરજને એ રીતે પરત કરવું છે જેવી રીતે હાંસલ કર્યું હતું. પછી ફર્માવ્યું કે **આખો દિવસ ગલત રસ્તાથી બચવું આખી રાતની નમાઝો કરતાં બેહતર છે.** પછી કોઈએ અર્ઝ કર્યું કે ફલાણો શખ્સ એવું કહે છે કે હું હુકમ વિના રોજી તલાશ નથી કરતો. આપે ફર્માવ્યું, આ વાત સિદ્દીક કે ઝિન્દીક સિવાય કોઈ નથી કહી શકતું. ફર્માવ્યું કે રાત દિવસમાં કેવળ એકવાર ખાવું સિદ્દીકોનો તરીકો છે, અને બે વાર ખાવું મોમિનોની આદત છે અને ત્રણવાર ખાવું ચરનારાઓનું કામ છે. ફર્માવ્યું કે અખ્લાકે હસના (સદ વર્તાવ)નો અદના દરજો એ છે કે લોકોના કુસૂર માફ કરીને બુરાઈનો બદલો ન લે. ફર્માવ્યું કે બીમારી તથા બલા અને ભૂખ પર કાબુ પામવાથી અને ઈલ્લા માશા અલ્લાહ કહેવાથી બંદો ખુદાના કરમનો મુસ્તહિક થઈ જાય છે. ફર્માવ્યું કે **નજાત ખામોશી, એકાંત તથા ઓછુ ખાવામાં છે.** કોઈકે અર્ઝ કરી કે હું આપની સોહબતમાં રહેવા ચાહું છું, તો આપે પૂછયું કે મારા પછી કોની સોહબત અપનાવશો? તેણે કહ્યું કે ખુદાની સોહબત. તો આપે ફર્માવ્યું કે હમણાથી જ તેની સોહબત અપનાવી લો. પછી તેણે પૂછયું કે શું સિંહ આપની નજીક આવી જાય છે? ફર્માવ્યું કે જ્યારે હું તેને "કુત્તા" કહીને અવાજ આપુ છું તો આવી જાય છે. પછી ફર્માવ્યું કે આરિફોની સોહબત સર્વ બાબતો કરતાં અફઝલ છે.

આપે એ રીતે મુનાજાત (દુઆઓ) કરતા હતા કે હે અલ્લાહ ! હું કશાને લાયક પણ નથી છતાં તું મને યાદ કરે છે અને મારા માટે આ જ ખુશી ઘણી છે. અને મૃત્યુ નજીક લોકોએ પૂછયું કે આપના મૃત્યુ બાદ ખલીફા કોણ થશે અને જાહેર મિમ્બર પર વઅઝ કોણ કહેશે? ફર્માવ્યું કે "શાદ" અગ્નિપૂજક મારો ખલીફા થશે, જેથી આપે તેને બોલાવીને ફર્માવ્યું કે મારા મૃત્યુથી ત્રણ દિવસ બાદ ઝોહરની નમાઝના સમયથી વઅઝ કહેજો. અને જ્યારે ત્રીજા દિવસે સર્વ લોકો ભેગા થયા અને તે પોતાના મઝહબી લિબાસમાં મિમ્બર પર પહોંચ્યો તો લોકોને કહ્યું કે તમારા સરદારે મને રહનુમા બનાવ્યો છે અને મને એ પણ કહી આપ્યું છે કે તારી અગ્નિપૂજા ત્યજી દેવાનો સમય આવી પહોંચ્યો છે. એવું કહેતાં જ તેણે પોતાનો પોશાક ઉતારીને કલમો પઢી લીધો અને ઈસ્લામમાં દાખલ થઈ ગયો. ત્યારબાદ લોકોને નસીહત કરી કે હું તો જાહેરી પોશાક ઉતારીને મુસલમાન થઈ ગયો પરંતું તમે જો મેહશરના દિવસે તમારા મુર્શિદને મળવા ચાહો છો તો બાતિની જનોઈ કાપીને ફેંકી દો. આ વાકયથી મજલિસવાળા એટલા પ્રભાવિત થયા કે બેકાબુ બનીને રડવા લાગ્યા. આપના જનાઝામાં ખૂબ જ મોટા મજમાની સાથે એક અગ્નિપૂજક પણ સામેલ હતો, અને તેણે લોકોને બતાવ્યું કે ફરિશ્તાઓનાં ટોળે ટોળાં આપનો જનાઝો ઉઠાવી રહ્યા છે.

હઝરત અબૂ તલ્હા માલિકથી રિવાયત છે કે આપ રોઝાની હાલતમાં દુનિયામાં તશરીફ લાવ્યા અને રોઝાની હાલતમાં જ વિદાય થઈ ગયા. એક શખ્સ આપની સામેથી પસાર થયો તો ફર્માવ્યું કે આ અહલે બાતિનમાંથી છે અને આપના મૃત્યુ પછી એ જ શખ્સને આપના મઝાર પર જોઈને કોઈએ કહ્યું કે હઝરત સહલ તો આપને અહલે બાતિન કહ્યા કરતા હતા, તો કોઈ કરામત અમને પણ બતાવી દો. જેથી તેણે કબ્રને સંબોધીને કહ્યું કે, હે સહલ ! કાંઈ તો ફર્માવો ! અને અંદરથી એ અવાજ આવ્યો કે ખુદા સિવાય કોઈ મઅબૂદ નથી, ન તેનો કોઈ શરીક છે. પછી એ શખ્સે કહ્યું કે સહલ ! આવુ કહેનારની કબ્ર મુનવ્વર થઈ જાય છે. તો અવાજ આવ્યો કે મારી કબ્ર પણ ખુદાએ મુનવ્વર કરી આપી.

મસ્અલો-૫

# ખુદાની બારગાહમાં રસૂલુલ્લાહ ﷺ

## તથા મો'મિનોની ઈજ્જત કુર્આન હદીષની રોશનીમાં

હપ્તો ૦૫

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
*(સદર દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)*
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

સર્વ ઈમાનવાળાઓનો અક઼ીદો છે કે બારગાહે ઈલાહીમાં સૌથી અધિક ઈજ્જત તથા ફઝીલત હુઝૂર સૈયદુલ અંબિયા, અફઝલુલ મુરસલીન ﷺને હાંસલ છે, પછી મહાન રસૂલો તથા અંબિયાએ કિરામ علیہم السلامને, પછી દરજા પ્રમાણે ક્રમે ક્રમે સહાબાએ કિરામ, અવલિયા તથા મો'મિનોને ઈજ્જત તથા કરામત હાંસલ છે.

*સબસે આ'લા વ અવલા હમારા નબી*
*સબસે બાલા વ વાલા હમારા નબી*
*ખલ્ક઼સે અવલિયા અવલિયાસે રુસુલ*
*ઔર રસૂલોંસે આ'લા હમારા નબી*

પરંતુ એનાથી ઉલ્ટો **વહાબી ફિર્ક઼ાવાળાનો અક઼ીદો છે કે** : દરેક મખ્લૂક઼ નાનો હોય કે મોટો તે અલ્લાહની શાન સમક્ષ ચમાર (મોચી, ખાલપા)થી પણ નીચ (ઝલીલ) છે. *(તક઼વિયતુલ ઈમાન, પેજ-૧૩, અલ ફસ્લુલ અવ્વલ ફ઼િલ્ ઈજતિનાબ અનશ્શિર્ક, રાશિદ કંપની, દેવબંદ)*

જ્યારે કે કિતાબ તથા સુન્નત (કુર્આન તથા હદીષ)ની નસો (દલીલો) અને સલફ તથા ખલફ (આગલા તથા પાછલા બુઝુર્ગો)ની સ્પષ્ટતાઓ એની વિરૂધ્ધ છે.

### અહલે સુન્નતની દલીલો

### કિતાબુલ્લાહની આયતો થકી સાબિતી

**૧.** અલ્લાહ તઆલ ફર્માવે છે :-

وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِیْنَ وَلٰكِنَّ الْمُنٰفِقِیْنَ لَا یَعْلَمُوْنَ۠

''અને **અલ્લાહના માટે** જ ઈજ્જત છે, અને તેના **રસૂલના માટે** ઈજ્જત છે, અને **મો'મિનોના માટે** ઈજ્જત છે, **પરંતુ મુનાફિક઼ નથી જાણતા.**

*(સૂરએ મુનાફ઼િકૂન, ૬૩/૮)*

આ આયતે કરીમાથી જાણવા મળ્યું કે **અલ્લાહ** عزوجل**ની બારગાહમાં રસૂલુલ્લાહ** ﷺ**ની પણ ઈજ્જત છે અને મો'મિનોની પણ.** અલ્બત્ત એ ઈજ્જત તક઼્વો તથા કુર્બે ઈલાહીના આધારે વધારે ઓછી છે.

**૨.** રબ તઆલાનો ઈર્શાદ છે : اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰىكُمْ ''બેશક ! અલ્લાહની નજીક તમારામાં સૌથી અધિક ઈજ્જતવાળો તે છે જે તમારામાં સૌથી અધિક પરહેઝગાર છે.''

*(સૂ. હુજુરાત, ૪૯/૧૩)*

અને વિના શંકાએ મો'મિનો, અવલિયા અલ્લાહ, સહાબીઓ સૌ એકથી એક પરહેઝગાર છે. અને નબીઓ તથા રસૂલો ખૂબ અધિક પરહેઝગાર છે, અને સૈયદુલ મુરસલીન ﷺ તો સૌથી વિશેષ પરહેઝગાર છે, તો એ લેહાઝથી બારગાહે ઈલાહીમાં સૌની ઈજ્જત તથા કરામત છે, અને **સૌથી અધિક ઈજ્જતવાળા આપણા રસૂલ** ﷺ **છે.**

**૩.** ખુદાએ કરીમ ઈર્શાદ ફર્માવે છે :-

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ مِنْهُمْ مَّنْ كَلَّمَ اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ

''આ રસૂલોની જમાઅત, અમે તેમનામાં અમુકને અમુક પર ફઝીલત આપી, તેમાં સૌની સાથે

અલ્લાહે કલામ કર્યો અને અમુકને દરજાઓ બુલંદીઓ અતા કરી." *(સૂ. બક્રહ, ૨/૨૫૩)*

જેટલા પ્રમાણમાં બારગાહે ઈલાહીમાં ફઝીલત વધારે એટલા પ્રમાણમાં ઈજ્જત પણ વધારે.

**૪.** قَدْ نَرٰى تَقَلُّبَ وَجْهِكَ فِي السَّمَآءِ ۚ فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰىهَا "હે મહબૂબ ! અમે જોઈ રહ્યા છીએ તમારું વારંવાર આસ્માનની તરફ મોં કરવું, તો જરૂર અમે ફેરવી દઈશું એ કિબ્લાની તરફ જેમાં તમારી ખુશી છે."

*(સૂ. બક્રહ, ૨/૧૪૪)*

**૫.** وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى "નજીક છે તને તારો રબ એટલુ આપશે કે તું રાજી થઈ જઈશ."

*(સૂ. વદ્દુહા, ૯૩/૫)*

આ છે બારગાહે ઈલાહીમાં હુઝૂર સૈયદે આલમ ﷺની ઈજ્જત તથા માન મર્તબો કે અલ્લાહ ﷻ આપના રાજી તથા ખુશ થઈ જવાની બશારત આપી રહ્યો છે.

*ખુદાકી રઝા ચાહતે હૈં દો આલમ*
*ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ ﷺ*

**૬.** કુર્આન ઉમ્મતે મુહમ્મદિયહ علی صاحبها الصلاة والتحية ની ફઝીલતની ગવાહી આ રીતે આપે છે : كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ "તમે લોકો સૌથી અફઝલ ઉમ્મત છો જે લોકોના માટે જાહેર થઈ." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૧૦)*

જાહેર છે કે જે ઉમ્મત અધિક અફઝલ હશે તેની ઈજ્જત પણ અધિક હશે.

## ★ રસૂલુલ્લાહ ﷺના ફર્માનો થકી સાબિતી ★

**૧.** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ દુઆ કરી : "હે અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી દે, હે અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી દે. અને હુઝૂર (આ દુઆ કરતાં કરતાં) રડી પડયા. *(અસ્સહીહુલ મુસ્લિમ, ૧/૧૧૩, કિતાબ/બાબ દુઆઉન્નબી ﷺ ........ મજલિસે બરકાત)*

તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, હે જિબ્રઈલ ! મુહમ્મદ ﷺની ખિદમતમાં હાજર થઈને મારો આ પયગામ સંભળાવો કે, "અમે નજીકમાં જ આપની ઉમ્મતના બારામાં આપને ખુશ કરી આપીશું અને તમને ગમગીન કરીશું નહીં."

આ સહીહ હદીષથી પણ સાબિત થાય છે કે અલ્લાહ ﷻ પોતાના મહબૂબની રઝા (ખુશી) ચાહે છે.

"અત્તહરીર"ના કર્તાએ અહીં એ નુક્તો (પોઈંટ) વર્ણવ્યો છે કે ઉમ્મતની કેટલીક વ્યક્તિઓને બખ્શીને રાજી કરવામાં આવી શકે છે, પણ કેટલાક વ્યક્તિઓના જહન્નમમાં જવાથી ગમ તો થશે. એટલા માટે અલ્લાહ તઆલાએ આવું ફર્માવીને કે لا نسوءك "અમે તને ગમગીન કરીશું નહીં" આ બશારત આપી છે કે نُرْضِيكَ وَلَا نُدْخِلُ عليك حزنًا؛ بل نُنَجِّي الجميع "અમે તને ખુશ કરી આપીશું અને તારા પર કોઈ ગમ આવવા દઈશું નહીં, બલ્કે પૂરી ઉમ્મતને બખ્શી દઈશું." *(શરહે સહીહ મુસ્લિમ લિલ્ઈમામિન્નવવી, ૧/૧૧૪, અલ્બાબુલ્ મઝકૂર)*

**૨.** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "હું કયામતના દિવસે સર્વ લોકોનો સરદાર છું. તમે જાણો છો કે એ કયા કારણે છે ? અલ્લાહ તઆલા સર્વ આગલા તથા પાછલાઓને એક સપાટ વિશાળ મેદાનમાં ભેગા કરશે. *(સહીહ બુખારી, ૨/૨૮૪, કિતાબુત્તફસીર... મુબારકપુર, સહીહ મુસ્લિમ, ૧/૧૧૧,*

www.barkatekhwaja.net

*કિતાબુલ ઈમાન, મજલિસે ...........મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, પેજ–૬૯૫, જામેઅ તિર્મિઝી, ૨/૬૬......)*

સહીહ મુસ્લિમ શરીફમાં આ હદીષની બીજી રિવાયતમાં આ પ્રમાણે છે : "રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં ષરીદ તથા ગોશ્તનો પ્યાલો પેશ કરવામાં આવ્યો તો આપે બકરાનો દસ્ત જે આપને પસંદ હતો તેને લઈને થોડુક ખાધુ અને ફર્માવ્યું, "હું કયામતના દિવસે સર્વ લોકોનો સરદાર છું." પછી બીજીવાર કાંઈક ખાયને ફર્માવ્યું કે, "હું કયામતના દિવસે સર્વ લોકોનો સરદાર છું." *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૧, કિતાબુલ ઈમાન....મજલિસે બરકાત)*

જ્યારે સરકાર ﷺએ જોયું કે આપના સહાબા એનું કારણ નથી પૂછતા. તો ફર્માવ્યું, તમે લોકો પૂછતા કેમ નથી કે આ કયા સબબથી છે ? તો સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એનો સબબ શો છે ? તો આપે ફર્માવ્યું કે લોકો રબ્બુલ આલમીનની બારગાહમાં હાજર થશે. (પછી આપે શફાઅતની હદીષ વર્ણન કરી)

**૩.** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : ★ હું કયામતના દિવસે સર્વ માણસોનો સરદાર છું. ★ હું સૌ પ્રથમ કબરથી બહાર આવીશ. ★ અને સૌથી પહેલાં શફાઅત કરીશ. ★ અને સૌ પ્રથમ મારી શફાઅત કબૂલ થશે. *(ક્રમશઃ)*

## નરસંડા ગામ ખાતે જશ્ને આમદે રસૂલ ﷺનો પ્રોગ્રામ

નડિયાદ તાલુકાના નરસંડા ગામ ખાતે તા. ૮–૧૦–૨૦૨૩, રવિવારે જશ્ને આમદે રસૂલ ﷺ પર ભવ્ય પ્રોગ્રામ યોજાયો હતો. પ્રોગ્રામના અનુસંધાનમાં સમૂહ લગ્ન ઉત્સવ પણ યોજવામાં આવ્યો હતો. જેમાં ૬ યુગલો નિકાહના બંધનમાં બંધાયા હતા.

નરસંડામાં ઈદે મીલાદના તહેવારના અનુસંધાનમાં દર વર્ષે આમદે રસૂલ ﷺ પર એક ભવ્ય પ્રોગ્રામ થાય છે. જેમાં જનાબ વહોરા અબ્દુલકૈયૂમ અબ્દુર્રહમાન સાહબના માર્ગદર્શન હેઠળ યોજાતા આ ભવ્ય કાર્યક્રમમાં છેલ્લા બે ત્રણ વર્ષથી સમૂહ લગ્ન પણ આ કાર્યક્રમના અનુસંધાનમાં કરવામાં આવે છે. આ વર્ષે છ યુગલો આ કાર્યક્રમમાં નિકાહના બંધનમાં બંધાયા હતા.

સવારમાં આ યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે હાજર રહેલા સૈયદ દાદાબાપુ રૂપાલ, મુફતી અશરફ સાહબ રતનપુર, હાફિઝ ઈદ્રીસખાન બાલાસિનોર, સૈયદ અમીનબાપુ ઉમરેઠ, હાફિઝ હબીબુલ્લાહ વસો, જલાલીબાપુ આણંદ, સુન્ની મુસ્લિમ કમિટી ગોંડલના સુલેમાનભાઈ ઈસાણી, સૈયદ નાગાણીબાપુ વગેરેએ પ્રોગ્રામના અનુસંધાનમાં ફર્માવેલી તકરીરમાં કુરિવાજથી બચવા તેમજ એજ્યુકેશન પર ભાર મૂક્યો હતો સાથે સાથે આજનો યુવાધન મોબાઈલમાં મસ્ત બન્યો છે તે બાબતે પણ યુવાનોને ટકોર કરી હતી અને સમયનો સદુપયોગ કરવા હાકલ કરી હતી. રાત્રે ઈશા બાદના પ્રોગ્રામમાં હઝરત અલ્હાજ કારી મુહમ્મદ રિઝવાન સાહબ, રુકને મજલિસે શૂરા સુન્ની દા'વતે ઈસ્લામી (મુંબઈ)એ નઅતોના ગુલદસ્તા પેશ કરીને લોકોના દિલ જીતી લીધાં હતાં. તેમજ અનેક લોકોએ પઢેલ ઝિક્ર તથા દુરૂદના તોહફા, કુર્આનના અનેક ખત્મ શરીફ વગેરેને બારગાહે રિસાલતમાં પેશ કરવામાં આવેલ તેમજ હુઝૂર ﷺના સદકામાં મર્હૂમોને બખ્શવામાં આવેલ.

*–(રજૂકર્તા : અબ્દુલ કૈયૂમ–નરસંડા)*

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય ✦✦✦✦✦✦✦✦ હપ્તો : ૧૨

"બહારે શરીઅત" (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **"ઈસ્લામી અખ્લાક઼ો આદાબ"** એ "બહારે શરીઅત"નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**હદીષ–૨૧** : અબૂ દાઊદ વ ઈબ્ને માજાએ હઝરત તખફાહ્ ગિફારી رضی اللہ عنہથી રિવાયત કરી (આ અસ્હાબે સુફ્ફામાંથી છે) કહે છે કે છાતીની બીમારીના કારણે પેટના બળે સૂઈ જવાનું થયું હતું કે અચાનક કોઈ શખ્સ પોતાના પગથી મને હલાવે છે અને કહે છે કે આ રીતે ઊંઘવાને અલ્લાહ તબારક વ તઆલા નફરત કરે છે. મેં જોયું તો રસૂલુલ્લાહ ﷺ હતા.

**હદીષ–૨૨** : ઈબ્ને માજાએ હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત કરી કે કહે છે કે હું પેટના તરફથી ઊંઘતો હતો કે રસૂલુલ્લાહ ﷺ પાસેથી પસાર થયા અને પગથી ઠોકર મારી અને ફર્માવ્યું, હે જુંદુલ (આ અબૂઝરનું નામ છે) આ જહન્નમીઓનો તરીકો છે ! એટલે કે આ રીતે કાફિર ઊંઘે છે અથવા તો એ કે જહન્નમીઓ જહન્નમમાં આ રીતે ઊંઘી જશે.

**હદીષ–૨૩** : અબૂ દાઊદે હઝરત અલી બિન શૈબાન رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે શખ્સ એવી છત પર રાત રહે જેના પર રોક (આડ) નથી એટલે કે દીવાલ અથવા ગેલરી (પાળી) નથી તેની કોઈ જવાબદારી નહીં રહે. એટલે કે રાત્રે ધાબા પરથી પડી જાય તો તેનો જિમ્મેદાર તે જાતે છે.

**હદીષ–૨૪** : તિર્મિઝીએ હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ તે અગાસી પર સૂવાથી મના ફર્માવ્યું જેના પર રોક (પાળી બનેલી) ન હોય.

**હદીષ–૨૫** : હઝરત અબૂ યઅ્લાએ હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે શખ્સ અસર પછી સૂએ અને તેની બુદ્ધિ જતી રહે તો તે પોતાને જ ભલુબુરૂ કહે.**

**હદીષ–૨૬** : ઈમામ અહમદે ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ એકાંતમાં રહેવાથી મના ફર્માવ્યું, એટલે કે માણસ એકલો સૂએ.

**હદીષ–૨૭** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **એક શખ્સ બે ચાદરો ઓઢીને ઈતરાતો (ઘમંડમાં) ચાલી રહ્યો હતો અને ઘમંડમાં હતો તો તેને જમીનમાં ધસાવી દેવામાં આવ્યો અને તે ક઼યામત સુધી ધસતો રહેશે.**

**હદીષ–૨૮** : અબૂ દાઊદે ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ પુરુષને બે સ્ત્રીઓની વચ્ચે ચાલવાથી મના ફર્માવ્યું.

**હદીષ–૨૯** : બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં ઈબ્ને

ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું જ્યારે તમારી સામે સ્ત્રીઓ આવી જાય તો તેમના વચ્ચેથી પસાર ન થાવ, જમણો અથવા ડાબી બાજુનો માર્ગ પકડી લો.

**મસ્અલા–૧** : ક઼યલૂલા (બપોરે ખાધા પછીનો આરામ) કરવું જાઈઝ છે. બલ્કે મુસ્તહબ (આલમગીરી) લગભગ આ તે લોકો માટે છે જેઓ રાત્રે જાગે છે, રાત્રીમાં નમાઝો પઢે છે, ઝિક્રે ઈલાહી કરે છે અથવા કિતાબો પઢવામાં અભ્યાસમાં રચ્યા પચ્યા રહે છે. રાત્રે જાગવાથી જે થકાવટ હોય તે ક઼ૈલૂલાથી દૂર થઈ જશે.

**મસ્અલા–૨** : દિવસના પ્રારંભના ભાગમાં ઊંઘવું અથવા મગરિબ અને ઈશાનાં દરમિયાનમાં સૂવું મકરૂહ છે. ઊંઘવામાં મુસ્તહબ એ છે કે પાકીની સાથે સૂએ અને થોડીકવાર જમણા પડખા પર જમણા હાથને ગાલની નીચે મૂકીને ક઼િબ્લા તરફ સૂએ ત્યારબાદ ડાબે પડખે. અને **સૂવાના સમયે ક઼બ્રમાં સૂવાનું મંથન કરે કે ત્યાં એકલું સૂવાનું છે, અમલો સિવાય કોઈ સાથે નહીં હોય. સૂવાના સમયે ખુદાની યાદમાં ખોવાય જાવ અને તહલીલ, તસ્બીહ તથા તહમીદ પઢે ત્યાં સુધી કે સૂઈ જાય કે જે હાલતમાં ઈન્સાન સૂએ છે તેના જ પર ઉઠે છે. અને જે હાલતમાં મરે છે ક઼યામતના દિવસે તે જ હાલત પર ઉઠશે.** સૂઈને સવાર પહેલાં જ ઉઠી જાય અને ઉઠતા જ ખુદાની યાદ કરે અને આ પઢે (અલ્હ઼મ્દુલિલ્લાહિલ્લઝી અહ઼યાના બઅ્દ મા અમાતના વ ઈલૈહિન્નુશૂર) તે જ સમયે એનો પણ પાકો ઈરાદો કરી લે કે પરહેઝગારી અને તક઼વો કરશે અને કોઈને પરેશાન નહીં કરે, *(આલમગીરી)*

**મસ્અલા–૩** : ઈશાની નમાઝ પછી વાતો કરવાના ત્રણ પ્રકારો છે : (૧) ઈલ્મની વાતો, કોઈને મસ્અલો પૂછવો, તેનો જવાબ આપવો અથવા તેની તેહક઼ીક઼ તથા સંશોધન કરવું આવી વાતો સૂવા કરતાં અફઝલ છે. (૨) જૂઠા કિસ્સા કહાની કહેવી, હસી મઝાકની વાતો કરવી મકરૂહ છે. (૩) મહોબ્બત તથા દોસ્તીની વાતચીત કરવી જાઈઝ છે, દા.ત. મિયાં બીવીમાં અથવા મહેમાનથી તેની દોસ્તી માટે વાતો કરવી જાઈઝ છે. આ જાતની વાતો કરે તો છેલ્લે અલ્લાહના ઝિક્રમાં મગ્ન થઈ જાય અને તસ્બીહ અને ઈસ્તિગફાર કરતાં કરતાં વાતોને સમાપ્ત કરવી જોઈએ.

**મસ્અલા–૪** : બે નગ્ન પુરુષો એક જ કપડુ ઓઢીને સૂઈ જાય એ નાજાઈઝ છે ભલે પથારીના એક કિનારા પર એક સૂતેલો હોય અને બીજા કિનારા પર બીજો હોય, આ જ રીતે સ્ત્રીઓનું નગ્ન થઈને એક કપડુ ઓઢીને સૂઈ જવું નાજાઈઝ છે. હદીષમાં તેની મનાઈ છે.– *(દુર્રે મુખ્તાર, સહીહ મુસ્લિમ)*

**મસ્અલા–૫** : જ્યારે છોકરા કે છોકરીની ઉંમર દસ વર્ષની થઈ જાય તો તેમને અલગ અલગ સૂવડાવવાં જોઈએ એટલે કે છોકરો જ્યારે એટલો મોટો થઈ જાય તો પોતાની મા બહેન અથવા કોઈ સ્ત્રીની સાથે ન સૂએ, ફક્ત પોતાની પત્ની અથવા બાંદીની સાથે સૂઈ શકે છે. બલ્કે આ ઉંમરના છોકરા એટલા મોટા છોકરાઓ અથવા પુરુષોની સાથે પણ ન સૂએ. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૬** : પતિ પત્ની જ્યારે એક પલંગમાં સૂઈ જાય તો દસ વર્ષના બાળકને પોતાની સાથે ન સૂવડાવે. બાળક જ્યારે વાસનાની હદે પહોંચી જાય તો તે પુરુષના હુકમમાં છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા–૭** : રસ્તો છોડીને કોઈની જમીન પર ચાલવાનો હક્ક઼ નથી અને જો ત્યાં રસ્તો નથી તો ચાલી શકે છે. પરંતું જ્યારે જમીનનો માલિક ના કહે તો હવે નથી ચાલી શકતો. આ હુકમ એક શખ્સ માટે છે, અને જ્યારે ઘણા લોકો હોય તો જ્યાં સુધી જમીનનો માલિક રાજી ન હોય ન ચાલવું જોઈએ. રસ્તામાં પાણી છે અને તેના કિનારે કોઈની જમીન છે, આ સ્થિતિમાં તેની જમીન પર ચાલી શકે છે. (આલમગીરી) અમુક વખતે ખેતરમાં રોપેલું હોય છે તો દેખીતી વાત છે કે તેમાં ચાલવું ખેતીને નુકસાનનો સબબ છે. આ સ્થિતિમાં કદાપિ તેમાં ચાલવું ન જોઈએ.



www.barkatekhwaja.net

## જોવાનું અને સ્પર્શ કરવાનું બયાન

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

قُلْ لِّلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ وَ يَحْفَظُوْا فُرُوْجَهُمْ ؕ ذٰلِكَ اَزْكٰى لَهُمْ ؕ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا يَصْنَعُوْنَ ۝٣٠ وَ قُلْ لِّلْمُؤْمِنٰتِ يَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ وَ يَحْفَظْنَ فُرُوْجَهُنَّ وَ لَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا مَا ظَهَرَ مِنْهَا وَ لْيَضْرِبْنَ بِخُمُرِهِنَّ عَلٰى جُيُوْبِهِنَّ ۪ وَ لَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا لِبُعُوْلَتِهِنَّ اَوْ اٰبَآئِهِنَّ اَوْ اٰبَآءِ بُعُوْلَتِهِنَّ اَوْ اَبْنَآئِهِنَّ اَوْ اَبْنَآءِ بُعُوْلَتِهِنَّ اَوْ اِخْوَانِهِنَّ اَوْ بَنِيْۤ اِخْوَانِهِنَّ اَوْ بَنِيْۤ اَخَوٰتِهِنَّ اَوْ نِسَآئِهِنَّ اَوْ مَا مَلَكَتْ اَيْمَانُهُنَّ اَوِ التّٰبِعِيْنَ غَيْرِ اُولِي الْاِرْبَةِ مِنَ الرِّجَالِ اَوِ الطِّفْلِ الَّذِيْنَ لَمْ يَظْهَرُوْا عَلٰى عَوْرٰتِ النِّسَآءِ ۪ وَ لَا يَضْرِبْنَ بِاَرْجُلِهِنَّ لِيُعْلَمَ مَا يُخْفِيْنَ مِنْ زِيْنَتِهِنَّ ؕ وَ تُوْبُوْۤا اِلَى اللّٰهِ جَمِيْعًا اَيُّهَ الْمُؤْمِنُوْنَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ۝٣١

મુસલમાન મર્દોથી ફર્માવી દો ! પોતાની નજરોને નીચી રાખે અને પોતાની શરમગાહોની હિફાઝત કરે. આ તેમના માટે ઘણી સફાઈ છે. બેશક ! અલ્લાહ તઆલાને તેમના કામોની ખબર છે. અને મુસલમાન ઔરતોને હુકમ આપો કે પોતાની નજરોને નીચી રાખે અને શરમગાહની હિફાઝત કરે અને પોતાની સજાવટને ન બતાવે પણ જેટલું જાહેર છે અને ઓઢણીઓને પોતાની ગરદન પર નાખી રાખે અને પોતાની સજાવટને જાહેર ન કરે, પરંતુ પોતાના પતિઓ સામે અથવા પોતાના બાપ અથવા પતિના બાપ અથવા પોતાના પુત્રો અથવા પતિઓના પુત્રો, પોતાના ભાઈ, પોતાના ભત્રીજા, પોતાના ભાણીયા, પોતાની દીની સ્ત્રીઓ, પોતાની કનીઝો જે પોતાના હાથની મિલ્કત હોય અથવા નોકર તે શરતની સાથે કે શેહતવાળો મર્દ ન હોય અથવા તે બાળકો જેમને સ્ત્રીઓની શરમગાહવાળી વસ્તુઓની ખબર નથી. અને જમીન પર પગ ન મારે જેનાથી તેમના છુપાયેલ શણગારની ખબર પડે. અને અલ્લાહની તરફ તૌબા કરો હે મુસલમાનો ! તમામે તમામ ! એ આશા પર કે કામયાબી પ્રાપ્ત કરો. *(સૂ. નૂર, ૩૦–૩૧)*

અને ફર્માવે છે :–

يٰۤاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ وَ بَنٰتِكَ وَ نِسَآءِ الْمُؤْمِنِيْنَ يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ ؕ ذٰلِكَ اَدْنٰۤى اَنْ يُّعْرَفْنَ فَلَا يُؤْذَيْنَ ؕ وَ كَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ۝٥٩

"હે નબી ! પોતાની અઝવાજ (પત્નીઓ) અને સાહબઝાદીઓ અને મોમિનીન સ્ત્રીઓથી ફર્માવી દો કે પોતાની ઉપર ઓઢણીઓ ઓઢે જેનાથી તે ઓળખવામાં આવે અને તેમને તકલીફ આપવામાં ન આવે અને અલ્લાહ બખ્શિશ કરવાવાળો મહેરબાન છે. *(સૂ. અહઝાબ, આ. ૫૯)*

અને ફર્માવે છે :–

وَ الْقَوَاعِدُ مِنَ النِّسَآءِ الّٰتِيْ لَا يَرْجُوْنَ نِكَاحًا فَلَيْسَ عَلَيْهِنَّ جُنَاحٌ اَنْ يَّضَعْنَ ثِيَابَهُنَّ غَيْرَ مُتَبَرِّجٰتٍۭ بِزِيْنَةٍ ؕ وَ اَنْ يَّسْتَعْفِفْنَ خَيْرٌ لَّهُنَّ ؕ وَ اللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ۝٦٠

ઘરડી ઘરમાં રહેતી સ્ત્રીઓ જેમને નિકાહની તમન્ના નથી તેમના પર કોઈ ગુનોહ નથી કે પોતાનાં ઉપરનાં કપડાં ઉતારી રાખે જ્યારે કે શણગાર જાહેર ન કરે, અને આનાથી બચવું તેમની માટે બેહતર છે, અને અલ્લાહ સાંભળનાર અને જાણનાર છે. *(સૂ. નૂર, આ. ૬૦)*

**હદીષ–૧** : સહીહ મુસ્લિમમાં જાબિર رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, સ્ત્રી શૈતાનની સૂરતમાં સામે આવે છે અને શૈતાનની સૂરતમાં પાછળ જાય છે. જ્યારે કોઈએ સ્ત્રીને જોઈ અને તે પસંદ આવી ગઈ અને તેના દિલમાં કોઈ ખયાલ થયો તો પોતાની સ્ત્રીથી સંભોગ કરે એનાથી તે વાત જતી રહેશે જે દિલમાં પેદા થઈ હતી.

www.barkatekhwaja.net

ઈસ્લામના મુજદ્દિદો વિશે વર્ણન

પ્રથમ સદીના મુજદ્દિદ ૫

# હઝરત આમિર બિન શરાહીલ શઅબી رضی اللہ عنہ

(હિ.સ. ૧૭ થી ૧૦૪)

(કાર્યાલય)

(રજૂ. અબ્દુલવહહાબ કાદરી મિસ્બાહી–કટીહાર, જમાઅત : ફઝીલત)

**નામ** : આમિર, **કુન્નિયત** : અબૂ અમ્ર.

**લકબો** : ઈમામ, હાફિઝ, ફકીહ, મુતફન્નિન અને અલ્લામતુલ અસ્ર છે. **વાલિદ** : શરાહીલ. **નસબ (વંશ)** : આમિર બિન શરાહીલ બિન અબ્દબિન ઝીકેબાર.

**શઅબી** :કબીલાની તરફ નિસ્બત છે. ખ્યાતિના કારણે એ નિસ્બત લકબ બની ગઈ છે. યમનના પ્રખ્યાત હમીરી ખાનદાનમાં હસ્સાન બિન અમ્ર એક ઈજ્જત તથા બુઝુર્ગીવાળો સરદાર થઈ ગયો છે જે યમનની એક પહાડી ઝુલ શઅબૈનમાં પેદા થયો હતો અને મૃત્યુ બાદ ત્યાં જ દફન થયો એના કારણે તે ઝુલ શઅબૈનથી મશહૂર થઈ ગયો. ત્યાર બાદ તેની નસલમાં પણ એ નિસ્બત કાયમ રહી. એની નસલની એક શાખ હમ્દાનમાં વસેલી હતી જે ઈસ્લામી યુગમાં કૂફામાં આવી ગઈ. એ શાખને શઅબી કહેવામાં આવતા હતા. હઝરત આમિર બિન શરાહીલ એ જ શાખથી હતા. *(વફયાતુલ અઅયાન, ૩/૯, દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત....)*

**જન્મ મુબારક** : આપનો જન્મ ફારૂકી યુગમાં હિ.સ. ૧૭ કે ૧૯માં કૂફા સ્થળે થયો. *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૮, દારુલ અહયા અત્તરાષુલ અરબી, વફયાતુલ અઅ્યાન, ૩/૮,૯, દારુલ કુતુબિલ ઈલ્મિયા)*

હઝરત આમિર બિન શરાહીલ જલીલુલ કદર તથા અઝીમુશ્શાન તાબઈ છે. *(વફયાતુલ અઅ્યાન, ૩/૬, દારુલ કુતુબિલ ઈલ્મિયા)*

પાંચસો સહાબાએ કિરામથી મુલાકાત કરી છે. જેવું કે મન્સૂર ફદાની આપના બારામાં વર્ણવે છે : મન્સૂર ફદાની શઅબીના બારામાં કહે છે, મેં પાંચસો સહાબીઓ સાથે મુલાકાત કરી. *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૭, દારુલ અહયા અત્તરાષુલ અરબી)* આપે બંલંદ મર્તબાવાળા સહાબીઓ તથા અગ્રેસર તાબઈનથી ખુદાદાદ ઈલ્મી ઝોક શોખ તથા યાદશક્તિ સાથે કુર્આન તથા તફસીર, હદીષ તથા ફિકહની તાલીમ હાંસલ કરી.

જે સહાબાએ કિરામ સાથે આપે ઈલ્મ પામવાની લાઝવાલ દોલત હાંસલ કરી હતી અને ફયઝ હાંસલ કર્યો હતો એમનામાંથી અમુકનાં નામો આ પ્રમાણે છે : હઝરત અલી کرم اللہ وجہہ الکریم , હઝરત સઅદ બિન અબી વક્કાસ, હઝરત સઈદ બિન ઝયદ, હઝરત ઝયદ બિન ષાબિત, હઝરત કૈસ બિન સઈદ બિન ઓબાદા, હઝરત કર્ઝા બિન કઅબ, હઝરત ઓબાદા બિન સામત, હઝરત અબૂ મૂસા અશ્અરી, હઝરત અબૂ હુરૈરહ, હઝરત અબૂ મસ્ઊદ અન્સારી, હઝરત મુગીરા બિન શઅબા, હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ, હઝરત જાબિર બિન સમુરહ, હઝરત જરીર બિન અબ્દુલ્લાહ બજલી, હઝરત અનસ બિન માલિક, હઝરત અબૂ સઈદ ખુદરી, હઝરત નોઅમાન બિન બશીર હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર, હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ, હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ, હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ અને હઝરત આઈશા સિદ્દીકા વગેરે. رضوان اللہ تعالیٰ علیہم اجمعین *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૬, ૪૭, દારે અહયા અત્તરાષુલ અરબી)*

www.barkatekhwaja.net

જે તાબઈનની બારગાહમાં આપે શાગિર્દીનો શરફ હાંસલ કર્યો તેમનામાંથી અમુક નામો આ પ્રમાણે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબી લયલા, હઝરત અલ્કમા બિન કૈસ, હઝરત કાઝી શુરૈહ, હઝરત ઉરવા બિન જઅદ, હઝરત ઉરવા બિન મઝરસ, હઝરત અયાઝ અશ્અરી, હઝરત હારિષ અઉર, હઝરત ખારજા બિન અલ્સલત, હઝરત ઉરવા બિન મુગીરા બિન શઅબા, હઝરત ઉમર બિન મૈમૂન અવદી, અને મસરૂક બિન અલ્અજદઅ વગેરે رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن *(હવાલો : તહઝીબુત્તહઝીબ, ૩/૪૬, ૪૭, દારે અહયા અત્તરાષુલ અરબી, તહઝીબુલ કમાલ, ૫/૧૩૯ થી ૧૪૧, દારુલ કુતુબિલ ઈલ્મિયા)*

જે લોકોએ આપના થકી હદીષો રિવાયત કરી તેમનામાંથી અમુક નામો આ પ્રમાણે છે : અબૂ ઈસ્હાક સબબઈ, સઈદ બિન અમ્ર બિન અશૂઅ, ઈસ્માઈલ બિન અબી ખાલિદ, બયાન બિન બશર, અશ્અબ બિન સવાર, તૌબલ અંબરી, હુસૈન બિન અબ્દુર્રહમાન, અબૂ ઈસ્હાક શયબાની, સમાક બિન હર્બ, ઈમામ અઅમશ તથા મન્સૂર વગેરે. رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૬, ૪૭, દારે અહયા અત્તરાષુલ અરબી, તહઝીબુલ કમાલ, ૫/૧૩૯ થી ૧૪૧, દારુલ કુતુબિલ ઈલ્મિયા)*

**દિમાગી શક્તિ :** આપ ખૂબ જ દિમાગ શક્તિવાળા બુધ્ધિશાળી હતા. એકવાર કોઈ વાતને સાંભળી લેતા અથવા પઢી લેતા તો બીજીવાર તેના પઢવા સાંભળવાની જરૂરત ન રહેતી બલ્કે એ વાત દિમાગમાં અંકિત થઈ જતી. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આપને જબરદસ્ત યાદશક્તિ અતા કરી હતી. નેઅમતના પ્રદર્શન (તેહદીષે નેઅમત) ખાતર આપ પોતાની યાદ શક્તિનું વર્ણન કરતાં ફર્માવે છે : "મેં કદી સફેદીને લખાણ થકી સિયાહ (કાળી) નથી કરી, કોઈ શખ્સે મને કોઈ હદીષ નથી વર્ણવી પણ મેં તેને યાદ કરી લીધી. કોઈ પુરૂષે મને કોઈ હદીષ વર્ણવી હોય તો મેં ઈચ્છા નથી કરી કે તે ફરીવાર મને એ હદીષ વર્ણવે." આપે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની આ મહાન નેઅમતનો ફાયદો ઉઠાવ્યો. ઘણા બધા ઈલ્મો વિદ્યાઓમાં નિપૂણતા હાંસલ કરી અને પોતાની ઈલ્મી તીવ્રતા વડે એક જહાનને સુગંધિત કર્યું.

**ઈલ્મી મકામ :** હઝરત અબૂ અમ્ર આમિર શઅબી رضی اللہ عنہ એક અનુભવી આલિમે દીન હતા. પ્રચલિત તથા ગૈર પ્રચલિત ઈલ્મોના સંગમ હતા. એક જ સમયે મુફસ્સિર, મુહદ્દિષ, શાયર, ઈતિહાસકાર, અદીબ (સાહિત્યકાર), ફકીહ અને ઈલ્મે ફરાઈઝ (વારસાના ઈલ્મ)ના નિષ્ણાત હતા. ખાસ કરીને ઈલ્મે ફિકહ તથા હદીષમાં પોતાનું દષ્ટાંત પોતે જ હતા. આપના સમકાલિનોમાં કોઈ આપના જેવો ન હતો. ઈલ્મો ફઝ્લમાં આપનો પાયો એટલો બુલંદ હતો કે ઈલ્મો દાનિશવાળા તથા કમાલવાળા હઝરાતના પ્રશંસાના શબ્દો ઈલ્મના ઈતિહાસના પાનાંઓ પર મેહફૂઝ છે. નીચેના લખાણમાં અમે સમયના મશ્હૂર તથા પ્રખ્યાત આલિમે દીનના પ્રતિભાવો નકલ કરી રહ્યા છીએ !

★ **હસર્ન :** ખુદાની કસમ ! તેઓ અધિક ઈલ્મવાળા ખૂબ જ સંયમવાળા અને ઈસ્લામમાં પ્રખ્યાત ધાર્મિક વિદ્વાન હતા. *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૭, દારે અહયા અત્તરાષુલ અરબી)*

★ **હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર** رضی اللہ عنہما : અબ્દુલ મલિક ઈબ્ને ઉમર વર્ણવે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ઈમામ શઅબીને મગાઝીનું વર્ણન કરતાં સાંભળ્યા તો ફર્માવ્યું, હું લોકોની પાસે હાજર થયો તો મગાઝીના સૌથી મહાન હાફિઝ તથા જાણકાર પામ્યા. *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૮, દારે અહયા અત્તરાષુલ અરબી)*

**હઝરત મકહૂલ** رضی اللہ عنہ : મેં શઅબીથી વધીને



www.barkatekhwaja.net

ફકીહ નથી જોયો. *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૮, દારે અહયા અત્તરાષુલ અરબી)*

**હઝરત અબૂ મજલઝ** رضی اللہ عنہ : મેં એમનાથી મોટો ફકીહ નથી જોયો. *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૮, દારે અહયા અત્તરાષુલ અરબી)*

**હઝરત ઈબ્ને ઓયૈના** رضی اللہ عنہ : લોકો કહ્યા કરતા હતા કે સહાબા પછી (આલિમ તો ત્રણ છે) ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પોતાના સમયમાં, શઅબી પોતાના જમાનામાં અને સુફયાન ષૌરી પોતાના સમયમાં, શઅબી પોતાના જમાનામાં અને સુફયાન ષૌરી પોતાના જમાનામાં. *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૮, દારે અહયા અત્તરાષુલ અરબી)*

**હઝરત ઈબ્ને હબ્બાન** رضی اللہ عنہ : શઅબી ષિકહ તાબઈનની જમાઅતમાં ફકીહ તથા શાઈર હતા. *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૮, દારે અહયા અત્તરાષુલ અરબી)*

**હઝરત અબૂ જઅફર તબરી** رضی اللہ عنہ : શઅબી ફકીહોના તબકામાં અદબ, ફિકહ તથા ઈલ્મવાળા હતા. *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૯, દારે અહયા અત્તરાષુલ અરબી)*

**હઝરત અબી હુસૈન** رضی اللہ عنہ : મેં શઅબીથી મોટો આલિમ નથી જોયો. *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૯, દારે અહયા અત્તરાષુલ અરબી)*

**હઝરત અબૂ ઈસ્હાક** رضی اللہ عنہ : શઅબી પોતાના જમાનામાં ઈલ્મો વિદ્યાઓમાં સમયના અજોડ હતા. *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૯, દારે અહયા અત્તરાષુલ અરબી)*

**ઈમામ ઝહરી** رضی اللہ عنہ : ઈમામ ચાર છે : મદીના શરીફના ઈબ્ને મુસૈયબ, કૂફાના શઅ્બી, બસરાના હસન બસરી, શામના મકહૂલ છે. *(વફયાતુલ અઅ્યાન, ૩/૬, દારુલ કુતુબિલ ઈલ્મિય્યા)*

**ઈલ્મે હદીષ** : હઝરત ઈમામ શઅબી رضی اللہ عنہ ઘણા જ મહાન મુહદ્દિષ હતા. ઈલ્મે હદીષમાં કમાલની મહારત (નિપૂર્ણતા) હાંસલ હતી. હદીષોનો ઘણો જ મહાન ખજાનો આપના સીનામાં મેહફૂઝ હતો. આપ વર્ણવે છે : "મેં વીસ વરસથી કોઈ શખ્સને કોઈ એવી હદીષ વર્ણન કરતાં નથી જોયો જે મને યાદ ન હોય." *(તઝકેરતુલ હુફ્ફાઝ, ૧/૬૮, દારુલ કુતુબિલ્ ઈલ્મિયા)*

આસિમ અહવલ رضی اللہ عنہ ઈલ્મે હદીષમાં આપની મહારત તથા કમાલની પ્રશંસા કરતાં કહે છે : "મેં કૂફા, બસરા અને હિજાઝના મુહદ્દિષોમાં શઅબીથી વધીને હદીષનો જાણકાર નથી જોયો."

*(મશાહિરે હદીષ, ૩૩૪, બહવાલા તઝકેરતુલ હુફ્ફાઝ, પેજ–૮૨)*

હદીષના રાવીઓ પર પણ આપની ગહરી નજર હતી. જેમ કે ઈબ્ને મુઈન رضی اللہ عنہ વર્ણવે છે : "જ્યારે તે કોઈનું નામ લઈને હદીષ વર્ણવે તો તે ષિકહ હોય છે અને એની હદીષ હુજ્જત (દલીલ) હોય છે." *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૮, દારે અહ્યા અત્તરાષુલ અરબી)*

**ફિકહ** : ફિકહ તથા ફત્વા એ ઈમામ શઅબીનું ખાસ ક્ષેત્ર હતું. ફિકહમાં આપ ઈમામતના દરજાએ બિરાજેલ હતા. અમુક બુઝુર્ગોએ આપને પોતાના સમયના સર્વ ફકીહો પર અગ્રતા આપી છે. હઝરત અબૂ મજલઝ رضی اللہ عنہનું વર્ણન છે : "મેં સઈદ બિન મુસૈયબ, તાઊસ, અતા, હસન તથા ઈબ્ને સીરીં કોઈને પણ શઅબી કરતાં બુલંદ મર્તબાવાળા ફકીહ નથી પામ્યા.

ફિકહમાં એટલી પહોંચ તથા કમાલ હાંસલ હતો કે અસ્હાબે રસૂલની મૌજૂદગીમાં તે મુસ્નદે ઈફતા (ફત્વા આપવાના સ્થાન) પર બિરાજમાન થઈ ગયા હતા. જેવું કે મુહમ્મદ ઈબ્ને સીરીન, અબૂ બક્ર હઝલીને નસીહત કરતાં વર્ણવે છે : "શઅબીના દામનથી જોડાઈ જાવ ! મેં તેમને જોયા કે તે ઘણા

www.barkatekhwaja.net

બધા સહાબાની જિંદગીમાં ફત્વા આપવા લાગ્યા હતા."

ફિકહમાં પહોંચ તથા મહારત અને તેની નિઃસ્વાર્થ ખિદમત કરવાનું જ પરિણામ છે કે ઉલમાએ રબ્બાનિયીને આપની ગણના પ્રથમ સદીના મુજદ્દિદ ફકીહોની યાદીમાં કરી છે. ઈબ્ને અષીર લખે છે : "બેહતર છે કે મશહૂર અગ્રગણ્ય ઉલમાની એ જમાઅતની તરફ નિર્દેશ થઈ જાય જે દરેક સદીના શરૂમાં થાય છે અને લોકોના માટે તેમના દીનને ઝિંદા કરે છે અને પૃથ્વીના પટમાં તેની હિફાઝત તથા રક્ષા કરે છે. પ્રથમ સદીના મુજદ્દિદ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ છે, અને તેમનું અસ્તિત્વ જ આ ઉમ્મતના માટે પૂરતુ છે. કેમ કે તેમણે ઈસ્લામના માટે જે કારનામાં અંજામ આપ્યાં છે તે છુપાં નથી. મદીનાના ફકીહોમાં મુજદ્દિદ હઝરત મુહમ્મદ અલી બાકિર અને કાસિમ બિન મુહમ્મદ બિન અબૂ બક્ર છે, અને કૂફામાં આમિર બિન શરાહીલ શઅબી છે.

**ઝોહદો તક્વા :** આપ ઘણા જ મહાન આબિદ, ઝાહિદ, મુત્તકી અને પરહેઝગાર હતા. દરેક મોતબર્રક ચીજનો એહતેરામ કરતા હતા. અને એ વાતથી પરહેઝ કરતા હતા જે શરીઅત તથા તબીઅત, ફિતરત તથા અદબના વિરૂદ્ધ હોય. એકવાર મક્કાવાસીઓએ તમન્ના જાહેર કરી હતી કે આપ થોડાક દિવસ મક્કા મુકર્રમામાં રોકાણ કરીને દર્સે હદીષની મજલિસ કાયમ કરે. આપે જવાબ આપ્યો કે **મને ગરમ ગરમ હમ્મામમાં રોકાણ કરવુ કબૂલ છે પણ મક્કા મુકર્રમામાં વસવાટ કરવો માન્ય નથી. કેમ કે આ મુકદ્દસ જમીનમાં જેવી રીતે જમાલે ઈલાહીની તજલ્લીઓ અને જલાલે ખુદાવંદીની વીજળીઓ ચમકી રહી હોય ત્યાં એક ગુનાહનું થઈ જવું પણ મહાન તબાહી તથા સખત બર્બાદી છે.** *(અવલિયાઉર્રિજાલુલ હદીષ, પેજ–૧૨૭, બહવાલા : અકમાલ, તબકાત, તહઝીબુત્તહઝીબ, તઝકેરતુલ હુફ્ફાઝ, પ્રકાશક : આઝમી બુક ડેપો)*

**સખાવત :** આપ ઘણા મહાન જવ્વાદ તથા સખી હતા. આપની સખાવતનો આલમ એ હતો કે પોતાનાં સગાંઓનું કરજ ખુદ અદા કરતા હતા. જેમ કે અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ અબૂ જઅફર તિબરીનો કૌલ નકલ કરે છે. અબૂ જઅફર તિબરી હઝરતનો કૌલ વર્ણન કરે છે, તે કહ્યા કરતા હતા : "મારો કોઈ કરજદાર સગો ઈન્તેકાલ કરતો હતો તો હું તેનું કરજ અદા કરી આપતો હતો." *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૯, દારે અહ્યા અત્તરાષુલ અરબી)*

**સંયમ તથા સહન શક્તિ :** ના આપ પયકર હતા. **મોટાથી મોટા અમાન્ય મોકા પર સંયમ તથા સહનશક્તિથી કામ લેતા હતા.** એકવાર એક શખ્સે ભર્યા મજમામાં આપને ગાળ આપી, બુરુભલુ કહીને આપની મહાન શાનમાં ગુસ્તાખી કરી, પરંતું આપે તેને કાંઈ ન કહ્યું અને ન તો નારાઝગી પ્રદર્શિત કરી. કેવળ આ વાક્ય કહીને ખામોશ થઈ ગયા કે, **જો તું સાચો છે તો અલ્લાહ મારી મગફેરત કરે, અને જો તું જૂઠો છે તો અલ્લાહ તારી મગફેરત કરે.** (સુબ્હાનલ્લાહ !)

તહઝીબુલ કમાલના લેખક મુહમ્મદ બિન મઝાહમના હવાલાથી લખે છે : **"એક માણસ શઅબીની પાસે આવ્યો અને ભર્યા મજમામાં ગાળ આપી. શઅબીએ કહ્યું, જો તું જૂઠો છે તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તારી મગફેરત કરે અને જો તું સાચો છે તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત મારી મગફેરત કરે."**

**નોંધ :** આ પ્રસંગો પરથી આપણે તેમજ ખાસ કરીને દીનો સુન્નિયતનુ કામ કરનારાઓએ બોધ લેવો જોઈએ તો કામયાબી જરૂર મળશે. –અનુવાદક)

વધુ પેજ **૪૯** પર...

www.barkatekhwaja.net

# કુર્આન : વિશ્વભરના લોકો માટે હિદાયત તથા માર્ગદર્શન

**કાર્યાલય**

કુર્આની આદેશોનો નિષ્પક્ષપણે અભ્યાસ કરવામાં આવે તો અલ્લાહની આ કિતાબ સર્વ લોકોની સલામતી તથા વિશ્વશાંતિ માટે એક અણમોલ હિદાયતનો સામાન છે. જો કુર્આની આદેશો પ્રમાણે લોકો ચાલે તો કુટુંબોમાં, પડોશીઓમાં, ગામો શહેરો બલ્કે દેશોમાં, વિશ્વભરમાં અમ્નો શાંતિનું સામ્રાજ્ય સ્થપાય શકે છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

يٰۤاَيُّهَا النَّاسُ قَدْ جَآءَتْكُمْ مَّوْعِظَةٌ مِّنْ رَّبِّكُمْ وَ شِفَآءٌ لِّمَا فِي الصُّدُوْرِ ۙ وَ هُدًى وَّ رَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ۝

"હે લોકો ! તમારી પાસે તમારા રબની તરફથી **નસીહત** આવી અને **દિલોની સુધારણા** તથા **હિદાયત** તથા **રહમત** ઈમાનવાળા માટે."

*(સૂ. યૂનુસ, ૧૦/૫૭, કન્ઝુલ ઈમાન)*

આપણા પ્યારા આકા, રસૂલે ખુદા ﷺ જે જમાનામાં તશરીફ લાવ્યા તે જાહિલિયતનો દૌર હતો. અરબના લોકો વાકપટુતામાં નિષ્ણાત અને ઉમદા સ્પીચ તથા અલંકારિક વાણીના શૂરવીર માનવામાં આવતા હતા. અલ્લાહ તઆલાએ આપણા આકા કરીમ ﷺને એવી સંપૂર્ણ તથા પરિપૂર્ણ કિતાબ અતા ફર્માવી જેમાં દરેક જમાનાના માટે તથા દરેક કૌમના માટે તમામ રૂહાની, શારીરિક બીમારીઓની શિફા તથા દિલોને રાહત તથા સુકૂનનો, દરેક પ્રકારની મુશ્કેલીઓના હલનો સામાન સમાયેલો છે.

## ★ અરબના ભવ્ય વક્તાઓ કુર્આનની મહાનતા સમક્ષ ઝુકી ગયા ! ★

અરબના વિદ્વાન વક્તાઓએ જ્યારે રબના કલામ (કુર્આને પાક)ને સાંભળ્યું તો તેની વાકપટુતા તથા ઉમદા અલંકારિક વાણી સમક્ષ તેમની ગરદનો ઝુકી ગઈ અને જીભો ખામોશ થઈ ગઈ. કુર્આન મજીદની વાકપટુતા તથા ઉમદા વાણીની ભવ્યતા સામે હાર માની લીધી અથવા કુર્આને કરીમને અલ્લાહનું કલામ (વાણી) હોવાનો સ્વીકાર કરીને ઈસ્લામથી પાવન થઈ જતા, અથવા કુર્આનની ઉમદા વાણી, અલંકારિક ભાષાની ભવ્યતાનો સ્વીકાર કરીને પોતાની લાચારીનું એલાન કરી દેતા હતા.

**હઝરત જુબેર બિન મુત્ઈમ** رضی اللہ عنہ જે અરબના ઉમદા વાણી છટાવાળાઓમાંથી હતા. એક દિવસે આપણા પ્યારા રસૂલ ﷺની ખિદમતમાં હાજર થયા. સરકાર ﷺ ફજરની નમાઝમાં સૂરએ તૂર તિલાવત કરી રહ્યા હતા. જુબેર બિન મુત્ઈમ કલામે રબ્બાનીને ધ્યાનપૂર્વક સાંભળતા રહ્યા. જ્યારે اِنَّ عَذَابَ رَبِّكَ لَوَاقِعٌ ۝ مَّا لَهٗ مِنْ دَافِعٍ ۝ "બેશક ! તારા રબનો અઝાબ જરૂર થવાનો છે, એને કોઈ ટાળનાર નથી." (સૂ. તૂર, ૫૨/૭–૮, કન્ઝુલ ઈમાન) આયત સાંભળી તો આપનું બયાન છે કે મને એવું મેહસૂસ થયું કે જાણે કે અલ્લાહ તઆલાનો અઝાબ મારી તરફ આવી રહ્યો છે ! ડરના કારણે શરીરનું રવેરવું કાંપવા લાગ્યું. કુર્આને કરીમની અઝમત (મહાનતા)નો દિલથી સ્વીકાર કરીને કલમો પઢયો અને મુસલમાન થઈ ગયો. *(એ'જાઝુલ કુર્આન, અબૂ બક્ર બાક઼લાની, પેજ–૪૦)*

**હઝરત ઉમર** رضی اللہ عنہ ઈસ્લામ તથા ઈસ્લામના પયગંબરના કેટલા સખત દુશ્મન હતા કે હુઝૂર ﷺના કત્લના ઈરાદાથી ઘરેથી નીકળ્યા હતા પણ સૂરએ તાહાની તિલાવત સાંભળી તો કુફ્રનો અંધકાર

www.barkatekhwaja.net

જતો રહ્યો અને દિલની દુનિયા બદલાઈ ગઈ અને ઈસ્લામ સ્વીકારી લીધો.

**ઉત્બા બિન રબીઆ** એ કુરૈશનો પ્રવકતા તથા મહાન જાદૂઈ વાણીવાળો તથા ઉમદા સ્પીચ ધરાવનાર શખ્સ હતો. જ્યારે આપણા હુઝૂરે રહમતે દો આલમ ﷺની ઝબાને નબુવ્વતથી સૂરએ હા–મીમની પ્રારંભિક આયતો તેણે સાંભળી તો ખૌફ તથા ભયથી ઉછળી પડયો. ગભરાહટની હાલતમાં કુરેશના પ્રતિષ્ઠિત સરદારની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે મુહમ્મદ ﷺ જે કાંઈ પઢે છે ખુદાની કસમ ! ન તે શેઅર છે, ન જાદૂ છે, ન જ્યોતિષ વિદ્યા છે. તેમના શબ્દે શબ્દમાં એવી ભરપૂર તાષીર તથા કંપાવી દેનારો પ્રભાવ છે જે દિલોને મોહી લે છે અને દિલોમાં ખૌફે ખુદાનુ પુર લાવે છે. અને ખુદાની કસમ ! તેમના કોઈ શબ્દનો પણ જવાબ આપણી પાસે નથી !

*(એ'જાઝુલ કુર્આન, પેજ–૪૧)*

**હઝરત ઝમ્માદ બિન ષઅલ્બા** رضی اللہ عنہ એક નિષ્ણાત હકીમ તથા ડોકટર હતા. મક્કા મુકર્રમા આવ્યા. સરકાર ﷺ ક્યાંક તશરીફ લઈ જઈ રહ્યા હતા. તેમની પાછળ કેટલાક છોકરાઓ હતા. મક્કાના કાફિરો હુઝૂર ﷺને મજનૂન કહ્યા કરતા હતા. છોકરાઓનું ટોળુ જોઈને ઝમ્માદ બિન ષઅલ્બા رضی اللہ عنہએ પણ એવું જ ગુમાન કર્યું, અને સરકાર ﷺની ખિદમતમાં આવીને કહેવા લાગ્યા, હે મુહમ્મદ ! (ﷺ) હું જુનૂન (પાગલપન)નો ઈલાજ જાણુ છું અને કરી શકુ છું. આપણા રસૂલ ﷺએ અલ્લાહ તઆલાની હમ્દો ષના (પ્રશંસા) કરી અને કુર્આને કરીમની અમુક આયતોની તિલાવત કરી. ઝમ્માદ બિન ષઅલ્બા વર્ણવે છે કે મારા પર એટલા પ્રમાણમાં અસર થઈ કે મારુ દિલ કાંપી ઉઠયું અને એ જ વખતે મેં ઈસ્લામ કબૂલ કરી લીધો.

*(મુસ્નદે ઈમામ અહમદ, ૧/૨૦૨)*

**હબ્શાના બાદશાહ નજ્જાશી**ના દરબારમાં હઝરત જઅફર رضی اللہ عنہ જ્યારે પહોંચ્યા અને જ્યારે આપે સૂરએ મરયમની અમુક આયતો તિલાવત કરી તો નજ્જાશી બાદશાહ પર એવી રિક્કત છવાઈ (દિલ ભરાઈ આવ્યું) કે બાદશાહ રડવા લાગ્યો, છેવટે મુસલમાન થઈ ગયો. *(મુસ્નદે ઈમામ અહમદ, ૧/૨૦૨)*

પ્યારા દીની ભાઈઓ ! પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! કુર્આને કરીમની તિલાવતની તાષીરથી કુફ્રના અંધકારોમાં ભટકનારાઓ ઈસ્લામના અજવાળામાં આવી ગયા અને મુસલમાન થઈ ગયા. આ છે કુર્આને મજીદનો ફયૂઝાન !

## ★ કુર્આનમાં કોઈ ભેળસેળ કે ફેરફાર અશક્ય છે ! ★

આજે દુનિયામાં અગણિત ધર્મો મૌજૂદ છે, અને દરેક ધર્મમાં કિતાબ પણ મૌજૂદ છે. દરેક ધર્મવાળા પોતાના ધર્મની હક્કાનિયત તથા સચ્ચાઈની સાબિતીમાં કોઈ ન કોઈ કિતાબ રજૂ કરે છે. અને કહે છે કે અમારા ધર્મની કિતાબ હક્ક તથા સત્ય છે.

ઝબૂર શરીફ, તૌરાત શરીફ, ઈન્જીલ શરીફ બેશક ! આસ્માની કિતાબો છે પણ વર્તમાનકાળની ઝબૂર, તૌરાત તથા ઈન્જીલ ભેળસેળથી પાક નથી. એ આસ્માની કિતાબોમાં ફેરફાર કરી દેવામાં આવેલ છે. એટલા માટે એ કિતાબો પણ વિશ્વાસપાત્ર નથી રહી. હવે આ દૌરમાં કોઈ કિતાબ હક્ક તથા સત્ય નથી, કેવળ કુર્આન મજીદ જ એક એવી કિતાબ છે જે હક્ક તથા સાચી છે. ૧૪૦૦ થી અધિક વરસોથી આજ સુધી એક એક અક્ષર મેહફૂઝ છે, એક અક્ષર પણ નથી બદલવામાં આવ્યો અને કયામત આવી જશે પણ કદાપિ બદલાશે પણ નહીં. કેમ કે રબ તઆલાનું ફર્માન છે : اِنَّا نَحۡنُ نَزَّلۡنَا الذِّکۡرَ وَاِنَّا لَهٗ لَحٰفِظُوۡنَ

**"બેશક ! અમે ઉતાર્યુ છે આ કુર્આન અને**

www.barkatekhwaja.net

**બેશક ! અમે ખુદ એના નિગેહબાન છીએ."**
*(સૂ. હિજ્ર, ૧૫/૯, કન્ઝુલ ઈમાન)*

કુર્આને મજીદ જ એક એવી કિતાબ છે જે હમેશાં દરેક વ્યક્તિ માટે હિદાયત હતી અને હમેશાં દરેકના માટે હિદાયત રહેશે. ઈસ્લામ ધર્મની હક્કાનિયત તથા સચ્ચાઈના માટે કુર્આને કરીમ એક મજબૂત તથા મહાન દલીલ છે, અને આપણા પ્યારા રસૂલ મુસ્તફા કરીમ ﷺના અસંખ્ય મો'જિઝાઓમાંથી એક અઝીમુશ્શાન મો'જિઝો છે.

## ★ કુર્આનની પહેચાન ખુદ કુર્આને કરીમથી ★

દુનિયાની સર્વ કિતાબો સામે રાખો અને સવાલ કરો કે તમારુ નામ શું છે ? તમે ક્યાંથી આવી ? તમે કોની તરફ આવી ? તમે શા માટે આવી ? તમે ક્યારે આવી ? તો સર્વ કિતાબો ખામોશ નજર આવશે, અને કોઈ કિતાબની પાસે સર્વ સવાલોના જવાબ નહીં મળે. પરંતુ કુર્આને કરીમ અલ્લાહ તઆલાની તે હક્ક તથા સાચી કિતાબ છે જેમાં સર્વ સવાલોના વિગતવાર દલીલપૂર્ણ જવાબ મૌજૂદ છે.

આવો ! કુર્આને કરીમથી જ પૂછીએ અને સવાલ કરીએ કે હે કુર્આન ! બતાવ કે આપનું નામ શું છે ? તો કુર્આને કરીમ જવાબ આપે છે : بَلْ هُوَ قُرْاٰنٌ مَّجِيْدٌ ۙ بَلْ هُوَ قُرْاٰنٌ مَّجِيْدٌ ۙ "તે કમાલની બુઝુર્ગીવાળુ કુર્આન છે. લોહે મેહફૂઝમાં (સૂ. બુરૂજ, ૮૫/૨૧,૨૨) એટલે મારુ નામ કુર્આન છે.

હે કુર્આન ! બતાવ કે ક્યાંથી આવ્યું છે ?તો કુર્આન જવાબ આપે છે : تَنْزِيْلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ "રબ્બુલ આલમીનની તરફથી આવ્યું છે." *(સૂ. વાકિઆ, ૫૬/૮૦)*

હે કુર્આન ! બતાવ કે તારા આવવાનો હેતુ શું છે ? શા માટે તશરીફ લાવ્યું છે ? તો કુર્આને કરીમ જવાબ આપે છે : هُدًى لِّلنَّاسِ "લોકોની હિદાયતના માટે" (સૂ. બકરહ, ૨/૧૮૫) લોકોના માર્ગદર્શન માટે.

હે કુર્આન ! બતાવ કે કયા મહીનામાં તશરીફ લાવ્યું ? તો કુર્આને કરીમ જવાબ આપે છે :–

شَهْرُ رَمَضَانَ الَّذِيْۤ اُنْزِلَ فِيْهِ الْقُرْاٰنُ "રમઝાન શરીફના મહીનામાં આવ્યું છું." *(સૂ. બકરહ, ૨/૧૮૫)*

હે કુર્આન ! બતાવ કે દિવસમાં તશરીફ લાવ્યું કે રાતમાં ? અને રાતનું નામ શું છે ? તો કુર્આને કરીમ જવાબ આપે છે : فِيْ لَيْلَةِ الْقَدْرِ "શબે કદ્રમાં આવ્યું છે." *(સૂ. કદ્ર, ૪૪/૩)*

**અફસોસ !** કે જે કિતાબ આપણી હિદાયત માટે ઉતરી, આપણા માર્ગદર્શન માટે રબ તઆલાએ ઉતારી પણ આપણે, તેનાથી જાણે કે સંબંધ જ તોડી નાખ્યો છે. કુર્આનમાં દરેક ચીજનું વર્ણન છે, **કુર્આનમાં દરેક સમસ્યાનો હલ છે. આજે આપણે અનેક સમસ્યાઓ પરેશાનીઓના શિકાર છીએ પણ આપણા દિલમાં કદાપિ એના હલ માટે કુર્આનનો અભ્યાસ કરવાનો ખયાલ આવતો નથી. ચોતરફ પરેશાનીઓના હલ માટે આપણે ફાંફાં મારીએ છીએ પણ કુર્આને પાકની તિલાવત કે તેને સમજવા તરફ આપણે કોશિશ કરતા નથી.** (ઈલ્લા માશા અલ્લાહ !) સારી રીતે યાદ રાખશો કે આ એક સત્ય હકીકત છે કે બંને જહાનની કામયાબીનું રાઝ રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતની સાથે કુર્આને કરીમની તાલીમાત પર અમલ કરવામાં આવે છે.

*વો ઝમાનેમેં મોઅઝ્ઝઝ્ જો મુસલમાં હોકર*
*ઔર તુમ ખ્વાર હુએ તારિકે કુર્આં હોકર*

## ★ કુર્આને કરીમ શીખનાર, શીખવાડનાર, હાફિઝ કુર્આન વગેરેની ફઝીલત ★

આપણા પ્યારા આકા ﷺએ ફર્માવ્યું :–



www.barkatekhwaja.net

"તમારામાં બેહતર શખ્સ તે છે જે કુર્આન શીખે અને શીખવાડે." *(બુખારી શરીફ, ૨/૭૫૨, મિશ્કાત શરીફ, પેજ–૧૮૩)*

નબીયે રહ્મત શફીએ ઉમ્મત ﷺએ ફર્માવ્યું : **"કુર્આનનો આલિમ મોઅઝ્ઝઝ્ ફરિશ્તાઓની સાથે હશે."** *(બુખારી શરીફ, ૨/૧૧૨૫, તિર્મિઝી શરીફ, ૨/૧૧૮, મિશ્કાત શરીફ, પેજ–૧૮૪)*

પ્યારા આકા ﷺએ ફર્માવ્યું : **"કુર્આનના હાફિઝોની ઈજ્જત કરો. જેણે તેમની ઈજ્જત કરી તેણે મારી ઈજ્જત કરી."**

*(કન્ઝુલ ઉમ્માલ, ૨/૨૫૮)*

નબી કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء એ ફર્માવ્યું, "જેણે કુર્આન **પઢયું** અને **શીખ્યું** અને **તેના પર અમલ કર્યો, કયામતના દિવસે તેને એવો તાજ પહેરાવવામાં આવશે જેની રોશની ચાંદ જેવી હશે. અને તેનાં મા બાપને એવો લિબાસ પહેરાવવામાં આવશે જેની સરખામણીમાં દુનિયાની કોઈ હકીકત ન હશે.** કુર્આનના (હાફિઝ) કારીના મા બાપ કહેશે, આ અમને કયા કારણે લિબાસ પહેરાવવામાં આવ્યો છે ? તો તેમને કહેવામાં આવશે કે **આ તમારા પુત્રના કુર્આન પઢવાના કારણે છે."**

*(અબૂ દાઊદ, ૧/૨૦૫, હાકિમ, ૧/૭૫૬)*

મુસ્તફા જાને રહ્મત ﷺએ ફર્માવ્યું, જેણે કુર્આન પઢયું અને તેને યાદ કરી લીધું. **તેના હલાલને હલાલ જાણ્યું અને હરામને હરામ સમજયું, તેનાં ઘરવાળાંઓમાંથી તે દસ લોકોના બારામાં અલ્લાહ તઆલા તેની શફાઅત કબૂલ કરશે જેમના પર જહન્નમ વાજિબ થઈ ચૂકી હતી.** *(તિર્મિઝી શરીફ, ૨/૧૧૮, ઈબ્ને માજહ)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે નબી કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء એ ફર્માવ્યું, તમારાં ઘરોને કબ્રસ્તાન ન બનાવો. શૈતાન તે ઘરેથી ભાગે છે જેમાં સૂરએ બકરહ પઢવામાં આવે. *(તિર્મિઝી શરીફ, ૨/૧૧૫, મિશ્કાત શરીફ, પેજ–૧૮૪)*

**પ્યારા દીની ભાઈઓ !** જે ઘરમાં કુર્આન પઢવામાં ન આવે તે ઘર કબ્રસ્તાન સમાન છે. અને જે સીનામાં કુર્આન ન હોય તે વિરાન ઘરની જેમ છે. આવો ! આપણે નિશ્ચય કરીએ કે કુર્આને કરીમની તિલાવત કરીશું અને એના પર અમલ પણ કરીશું.

પ્યારા દીની ભાઈઓ ! **જે ઘરમાં કુર્આન પઢવામાં ન આવે તે ઘર કબ્રસ્તાન સમાન છે. અને જે સીનામાં કુર્આન ન હોય તે વિરાન ઘરની જેમ છે.** આવો ! આપણે નિશ્ચય કરીએ કે કુર્આને કરીમની તિલાવત કરીશું અને એના પર અમલ પણ કરીશું.

www.barkatekhwaja.net

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ રૂા.૧૦૦ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

અંજુમને રઝાએ મુસ્તફાના મેમ્બર બનવા માટે ફક્ત **રૂા. ૮૦૦/–** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *–તંત્રી*



# બાળકોની કેળવણીના મનોવૈજ્ઞાનિક નિયમો

**રજૂ : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

મનોવિજ્ઞાન (psychology) એક સરસ વિષય છે. એ માણસની પાયાની વૃત્તિઓના વિશે જાણવામાં મદદ આપે છે. એટલા માટે નિષ્ણાતો રોજ બરોજ માનવીય મનોવિજ્ઞાનનાં છુપાં રહસ્યો જાણવાની કોશિશ કરતા રહે છે. અને એના સંબંધે નિત નવા અંદાજોનો સહારો લે છે. મનોવિજ્ઞાન એક ઘણો જ વિશાળ ઈલ્મ છે તેમાં માનવીય બુધ્ધિ તથા પ્રવૃત્તિ તથા વૃત્તિઓ પર સંશોધન કરવામાં આવે છે અને એમના બારામાં માહિતી હાંસલ કરવામાં આવે છે....

## ★ બાળપણની કેળવણીનું મહત્વ ★

માણસ પોતાની જિંદગીમાં કેટલીય મંઝિલોએથી પસાર થાય છે. માણસનો પહેલો દૌર બચપનનો હોય છે. મનોવિજ્ઞાનના નિષ્ણાતોની દૃષ્ટિએ આ દૌર ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. અને આ નિષ્ણાતો અધિકતર બચપનના માહોલની એક્ટિવિટી પર ચર્ચા તથા સંશોધન કરે છે, કેમ બચપનથી જ માનવીય જીવન પદ્ધતિનો પાયો રચાય છે. જેમ કે આપણે ધ્યાનપૂર્વક બાળકોનું નિરીક્ષણ કરીએ તો એ વાત સ્પષ્ટપણે જાહેર થઈ જાય છે કે બાળકો બચપનથી જ જિંદગીનો અર્થ તથા તેનો હેતુ જાણવાની કાંઈ ન કાંઈ કોશિશ કરે છે. બાળકો માહોલમાં પોતાની કાબેલિયતો તથા શક્તિઓને જાણવાની કોશિશ કરે છે, અને પાંચ વરસની ઉમરમાં એક ખાસ જીવન પદ્ધતિ અપનાવવા લાગે છે અને એક વિશિષ્ટ તરીક઼ાથી પોતાની સમસ્યાઓ હલ કરવા લાગે છે. સામાન્યપણે એક ઉમરમાં પહોંચીને બાળકો એ વાત સમજવા લાગી જાય છે કે અન્ય લોકો એનાથી શું અપેક્ષા રાખે છે, તેમજ તેમને અન્યોથી શું અપેક્ષા છે. ખુલાસો એ કે સામાન્યતઃ આ ઉમરમાં બાળકો દુનિયાને એક મજબૂત વાસ્તવિકતાવાળી વ્યવસ્થાના રૂપમાં જુએ છે. જેથી માનવ ફિત્રત (પ્રવૃત્તિ)ની રૂએ બચપનનો સમય જ ભાવિની પૂરી જિંદગીના માટે પાયો રાખવાનો સમય છે. આજ દૌર બાળકના દિમાગને સમારવાનો હોય છે. એ વખતે જેવું દિમાગ બનશે તેની અસરો જિંદગીની બાકીની મંઝિલો યુવાની તથા ઘડપણ સુધી રહેશે. જો બાળકના કિરદાર (આચરણ, આદતો) તથા અખ્લાકને સારી કેળવણીના માળખામાં ઢાળવામાં આવશે તો એ ભવિષ્યની જિંદગીમાં તેના માટે એક લાભદાયી મૂડી હશે. અને જો શરૂમાં જ બુરી આદતો જડ પકડી ગઈ તો આગળ જતાં સુધારણાનો અમલ અશક્ય નહીં તો મુશ્કેલ જરૂર થઈ જશે. કેમ કે બાળક દૂધ પીવાના સમયથી માબાપના સંબંધો, તેમના વર્તાવ તથા કેળવણીના તરીક઼ાઓથી પ્રભાવિત થાય છે. એ જ પ્રમાણે બચપનમાં બાળકના વ્યક્તિત્વ પર ખાનદાની માહોલ તથા કેળવણીના તરીકાઓ તથા પ્રતિષ્ઠાની પણ અસર પડે છે. તેમજ સાયકોલોજીકલ (મનોવૈજ્ઞાનિક) રીતે એ જમાનાના અન્ય અનુભવો પણ ખૂબ જ મહત્વના હોય છે, એના કારણે નિષ્ણાતો એને અધિક મહત્વ આપે છે. આના અનુસંધાનમાં સીરતે નબવી ﷺની તાલીમાતથી આપણને આ વાત માલૂમ થાય છે.

"દરેક બાળક ફિત્રત પર પેદા થાય છે, પછી તેનાં મા બાપ તેને યહૂદી કે નસરાની અથવા મજૂસી બનાવી દે છે જેવી રીતે જાનવર સમુ સાજુ બાળક જણે છે. શું તમે કોઈ કાન કપાયેલુ બાળક પણ જોયું છે ?"

આ હદીષથી જાણવા મળ્યું કે દરેક માણસની પેદાઈશ ફિત્રત પર થાય છે પછી સામાજિક સબંધોમાંથી કોઈ સબબ તેની માનસિકતા પર અસર

www.barkatekhwaja.net

જમાવીને તેની જીવન પધ્ધતિને બદલીને રાખી દે છે. *(બુખારી શરીફ, ૨/૧૦૦, દારે તૌકુન્નજાત પ્રેસ, બૈરૂત)*

## ★ બાળકોની કેળવણીના મનોવૈજ્ઞાનિક નિયમો ★

**૧. ઉષ્માભેર સ્વાગત કરવું :** કોઈ પણ માણસના આગમન ટાણે ઉષ્માભેર તેનું સ્વાગત કરવુ એ તેનું **દિલ જીતવાનો આસાન તરીક઼ો** છે, અને બાળકો એ માણસ પ્રતિ જલ્દી આકર્ષિત તથા ખુશ થાય છે જેઓ એમને પ્યાર કરે છે. એના કારણે હુઝૂરે અકરમ ﷺ બાળકોના આગમન પર ખુશી પ્રદર્શિત કર્યા કરતા હતા. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હું મદીનાના એક બજારમાં હુઝૂરે અકરમ ﷺની સાથે હતો. આપ પરત થયા તો હું પણ આપની સાથે પરત થયો. આપે ત્રણવાર ફર્માવ્યું, બાળક ક્યાં છે ? હસન બિન અલીને બોલાવો ! તે આવી રહ્યા હતા અને તેમની ગરદનમાં હાર પડેલો હતો, નબી કરીમ ﷺએ પોતાનો હાથ ફેલાવ્યો અને હસન رضی اللہ عنہએ પણ પોતાના હાથ ફેલાવ્યા અને તે નબી કરીમ ﷺથી લપેટાય ગયા. પછી આપે ફર્માવ્યું, હે અલ્લાહ ! હું એની સાથે મહોબ્બત કરું છું તું પણ એનાથી મહોબ્બત કર, અને તેમની સાથે પણ મહોબ્બત કર જે જે એનાથી મહોબ્બત રાખે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ વર્ણવ્યું કે નબી કરીમ ﷺના આ ઈર્શાદ પછી કોઈ પણ શખ્સ મને હસન બિન અલી رضی اللہ عنہ કરતાં અધિક પ્યારો ન હતો. *(બુખારી, ૭/૧૫૯)*

**૨. સોહબત :** બાળકોના ઉછેરમાં સોહબત એક ઘણુ મોટુ તત્વ છે, કેમ કે એક દોસ્ત બીજા દોસ્તનું પ્રતિબિંબ હોય છે, અને તેઓ એકબીજાથી ઘણુ બધુ શીખે છે. જેથી જ્યારે બાળકો પોતાનાં સમાન વયના બાળકો સાથે ઉઠવા બેસવા લાગે તો મા બાપની જિમ્મેદારી બને છે કે તે પોતાનાં બાળકોને નેક બાળકો સાથે ઉઠવા બેસવાની તાકીદ કરે અને તેમના અખ્લાક઼ તથા આદાબની નિગરાની કરે, અને એ પણ કોશિશ કરે કે વિવિધ મોકાઓ પર બાળકને પોતાની સાથે રાખે કેમ કે એ પણ બાળકોનો એક હક્ક઼ છે કે તે મોટેરાઓ સાથે ઉઠી બેસીને સભ્યતા શીખીને પોતાની આદતોને સમારે. એના બારામાં આકાએ કરીમ ﷺની કાર્ય શૈલી એ હતી કે આપ જિંદગીની વિવિધ મંઝિલોમાં બાળકોને પોતાની સાથે રાખતા હતા. એના બારામાં આપને રજમાત્ર સંકોચ ન હતો અને ન કોઈ ખચકાટ હતો, ન કદી કોઈ પ્રકારની અરૂચી પ્રદર્શિત કરી. જેમ કે બુખારીની રિવાયત છે : "હુઝૂરે અકરમ ﷺએ ઉમામા બિન્તે ઝયનબને ઉઠાવેલ સ્થિતિમાં નમાઝ પઢતા હતા અને સજદામાં જતી વખતે તેને રાખી દેતા અને જ્યારે ઉભા થતા તો પછી ઉઠાવી લેતા." *(બુખારી, ૧/૧૦૯)*

એ જ પ્રમાણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, ઝાડોમાં એક ઝાડ એવું છે જેના પાંદડાં નથી ખરતાં અને એ મોમિનની જેમ છે. બતાવો ?! એ કયું ઝાડ છે ? હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે લોકો એને જંગલોનાં ઝાડોમાં શોધવા લાગ્યા અને મારા દિલમાં આવ્યું કે એ ખજૂરનું ઝાડ છે, પણ હું મારી ઓછી વયના કારણે ન બોલ્યો. પછી હુઝૂરે અકરમ ﷺએ સહાબાએ કિરામના પૂછવા પર પોતે જ બતાવી આપ્યું કે એ ખજૂરનું ઝાડ છે. પછી મેં મારા પિતા હઝરત ઉમર رضی اللہ عنہને એ વાત બતાવી જે મારા દિલમાં આવી હતી, તો તેના પર તેમણે કહ્યું કે જો તમે આ વાત બતાવી દીધી હોત તો એ મને એના કરતાં પ્રિય હોત કે મારી પાસે આવો આવો માલ તથા આ આ ચીજો હોત. *(ઈમામ તિર્મિઝી, ૫/૧૫૧, પ્રેસ : મુસ્તફા અલ બાબી અલ હલબી, મિસ્ર)*

આ બનાવથી એ વાત સ્પષ્ટપણે માલૂમ થાય છે કે મોટાઓએ જોઈએ કે તેઓ વિવિધ પ્રસંગો પર નાનાં બાળકોને પોતાની સાથે રાખે કે જેથી બચપનથી જ તેઓ મજલિસના આદાબ (નિયમો) શીખી લે, બલ્કે

www.barkatekhwaja.net

હદીષોમાં તો ત્યાં સુધી વર્ણન આવ્યું છે કે સહાબાએ કિરામ પોતાનાં દૂધ પીતાં બાળકો હુઝૂરે અકરમ ﷺની ખિદમતમાં લઈને આવતા અને કેટલીકવાર તેઓ હુઝૂરે અકરમ ﷺનાં કપડાં પર પેશાબ કરી લેતાં હતાં. પરંતું હુઝૂરે અકરમ ﷺએ કદાપિ અણગમો પ્રદર્શિત નથી કર્યો. જેમ કે હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે : "એક બાળકને હુઝૂર ﷺની ખિદમતમાં લાવવામાં આવ્યું તો તેણે આપનાં કપડાં પર પેશાબ કર્યો. આપે પાણી મંગાવીને તેના પર વહાવી દીધું. *(બુખારી, ૧/૫૪)*

**૩. બાળકોનું દિલખુશ કરવું :** બાળકોના માસૂમ (નિર્દોષ) દિમાગો પર ખુશી તથા મુસ્કુરાહત ખૂબ જ ઊંડી અસર પાડે છે. બાળકો પ્રાકૃતિક રીતે ખુશદિલી તથા આનંદને ખૂબ જ ચાહે છે. બાળકો જયારે પોતાનાં મા બાપ તથા નિકટનાં સગાં સંબંધીઓના ચહેરાઓ પર ખુશીની અસરો જુએ છે તો એનાથી તેમની તબીઅતોમાં પણ સ્ફુર્તિ તથા તાજગી પેદા થાય છે જેના આધારે તેમનામાં શીખવાનો અમલ તેજ થાય છે, જેથી હુઝૂરે અકરમ ﷺ બાળકોનાં દિલ ખુશ કરવા માટે વિવિધ અંદાઝ અપનાવતા હતા. અમે નીચેના લખાણમાં તેને રજૂ કરીએ છીએ :

**૪. બાળકોને મહત્વ આપવું :** બાળકો સાથે મેલ જોલ રાખવો એ અત્યંત મહત્વ ધરાવે છે. જયારે એમની સાથે ખુશગવાર અંદાઝમાં મેલજોલ રાખવામાં આવે અને તેમને મહત્વ આપવામાં આવે તો બાળક પર તેની ઉમદા અસરો પડે છે. તેનો એક સાયકોલીજીકલ ફાયદો તો એ છે કે બાળક આપની તરફ ધ્યાન આપશે, આપની વાત ધ્યાનથી સાંભળ શે. અને બીજો સાયકોલોજીકલ ફાયદો એ થાય છે કે એવાં બાળકો આગળ જતાં ભવિષ્યમાં પોતે પણ વિશાળ હૃદયી બને છે અને પછી અન્ય લોકોને પણ મહત્વ આપે છે. કેવળ પોતાની જાત સુધી સીમિત નથી રહેતાં. જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જઅફરથી મરવી છે કે જયારે હુઝૂર ﷺ સફરથી પરત આવતા તો પોતાનાં ઘરનાં બાળકોને મળતા. એકવાર જયારે હુઝૂર ﷺ સફરથી પરત તશરીફ લાવ્યા તો મને આપની ખિદમતમાં હાજર કરવામાં આવ્યો તો આપે મને પોતાની સવારી પર પોતાની આગળ બેસાડી લીધો, પછી આપના નવાસાઓમાંથી કોઈ એકને લાવવામાં આવ્યા તો આપે તેમને પોતાની પાછળ સવાર કરી લીધા. *(મુસ્લિમ, ૪/૧૮૮૫, બૈરૂત)*

જુઓ ! આ મોકા પર હુઝૂર ﷺએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર رضی اللہ عنہને તે જ મહત્વ આપ્યું જે પોતાનાં નવાસાઓને આપ્યા કરતા હતા. જેની અસર એ થઈ કે તે જિંદગીભર આ બનાવને ન ભૂલ્યા અને એને ખુશીભેર વર્ણન કરતા હતા.

**૫. બાળકના માથા પર પ્રેમથી હાથ ફેરવવો :** બાળકોની પ્રકૃતિ છે કે જયારે એમની સાથે પ્યાર કરવામાં આવે છે, દા.ત. માથા પર હાથ ફેરવવામાં આવે તો તેઓ ખૂબ જ અધિક પ્રમાણમાં ખુશી તથા પોતાનાપણુ મેહસૂસ કરે છે. જેમ કે હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે જયારે હુઝૂર ﷺ અન્સારીઓને ત્યાં આવતા તો બાળકોને પણ સલામ કરતા અને તેમનાં માથાંઓ પર પ્રેમભાવપૂર્વક હાથ રાખતા. *(ઈબ્ને માજહ, ૨/૧૨૨૦, ..... બૈરૂત)*

એ જ પ્રમાણે હુઝૂર ﷺ માથા પર હાથ ફેરવવાની સાથોસાથ કદી કદી બાળકોના ગાલો પર હાથ મુબારક ફેરવતા, એનાથી બાળકોને ઓર અધિક દિલી મહોબ્બતનો એહસાસ થતો. જેમ કે હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہથી રિવાયત છે કે એકવાર મેં હુઝૂર ﷺની સાથે ઝોહરની નમાઝ પઢી. જયારે આપ મસ્જિદથી બહાર નીકળવા લાગ્યા તો હું પણ આપની સાથે નીકળ્યો. બહાર આવીને બાળકો આપને મળવા લાગ્યાં. આપ સર્વ બાળકોથી મળ્યા અને તેમના ચહેરાઓ પર હાથ ફેરવ્યો. મારા ચહેરા પર પણ

www.barkatekhwaja.net

આપે હાથ ફેરવ્યો તો મને આપના હાથોમાં એવી ખુશ્બુ તથા ઠંડક મેહસૂસ થઈ જાણે કે અત્તરનું ઈત્રદાન હોય. *(મુસ્લિમ, ૪/૧૮૧૪)*

ઉપરોક્ત હદીષથી જાણવા મળ્યું કે બાળકોને પોતાનાપણાનો એહસાસ અપાવવો, તેમના માથા તથા ચહેરા પર હાથ ફેરવવો નબી પાક ﷺની સુન્નત છે. તેમજ પોતાનાં તથા પારકાં સર્વ બાળકો સાથે હેત તથા મહોબ્બતભર્યો વર્તાવ રાખવો જોઈએ અને એ વર્તાવ સર્વ બાળકો સાથે સમાન રીતે થવો જોઈએ. જેથી બાળકોના સાફ મસ્તિષ્ક (Brain) પર નકારાત્મક અસરો ન પડે.

**૬. બાળકોને ચૂમવું :** બાળકોની મહોબ્બત તથા પોતાનાપણુ હાંસલ કરવામાં બાળકોને ચૂમવું એક મહત્વનું તત્વ છે. એનાથી મોટા તથા નાના વચ્ચે મહોબ્બત પેદા થઈ જાય છે. બાળક એવું સમજે છે કે મોટો એને ચાહે છે જેનાથી બાળકના દિલો દિમાગ પર સારી પોઝિટિવ અસરો અંકિત થાય છે અને મહોબ્બતથી પેશ આવવા લાગે છે. જેમ કે હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે હુઝૂર ﷺની ખિદમતમાં કેટલાક ગામડાવાસી હાજર થયા અને આપને પૂછ્યું કે શું તમો તમારાં બાળકોને બોસો આપો છો ? તો આપે જવાબમાં ફર્માવ્યું, હા ! એના પર તેમણે કહ્યું કે, અમે તો એવું નથી કરતા ! તો હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, એમાં મારો કોઈ અખત્યાર નથી, કેમ કે અલ્લાહ તઆલાએ તમારા લોકોના દિલથી રહમ કાઢી નાખી છે.

એ જ પ્રમાણે એક મોક઼ા પર હુઝૂર ﷺએ હઝરત હસન رضی اللہ عنہને ચૂમ્યા તો અક઼રમ બિન હ઼ાબિસ رضی اللہ عنہએ કહ્યું કે, મારાં તો દસ બાળકો છે, મેં તો તેમને કદી નથી ચૂમ્યાં ! એના પર હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે **જે રહમ નથી કરતો તેના પર રહમ કરવામાં નથી આવતી.** *(બુખારી, ૮/૭)*

**૭. બાળકો સાથે હસી મજાક તથા ગમ્મત કરવી :** બાળકો ખુદ હસમુખ હોય છે અને પ્યારી હરકતો કરીને મોટેરાઓની હસી ખુશીનો ઝરીયો બને છે. બાળકો જે માસૂમાના (નિર્દોષ) અંદાઝમાં મોટેરાઓ સાથે હસી મજાક તથા ગમ્મત કરે છે, બરાબર એવી જ રીતે વડીલો પણ તેમની માનસિકતાનો ખયાલ રાખે. જેમ કે હુઝૂરે અકરમ ﷺએ બાળકોની આ પ્રકૃતિનો પણ ખયાલ રાખ્યો છે. આપ અબૂ ઉમૈર رضی اللہ عنہથી હસી મજાકની વાતો કર્યા કરતા હતા. એક દિવસ જ્યારે હુઝૂરે અકરમ ﷺ તશરીફ લાવ્યા તો અબૂ ઉમૈરને ગમગીન જોયા. આપે તેમને પૂછ્યું, અબૂ ઉમૈર ! તમે ગમગીન જણાવ છો ! શું થયું છે ? તો ઘરવાળાંએ બતાવ્યું કે તેનું એક બુલબુલ હતું જેની સાથે તે રમતો હતો તે મરી ગયું છે. આ સાંભળીને હુઝૂર ﷺ ફર્માવવા લાગ્યા, હે અબૂ ઉમૈર ! બુલબુલનું શું થયું ?! *(મુસ્નદે ઈમામ અહમદ, ૧૯/૧૮૫, મુઅસ્સસતુર્રિસાલા, ઈ.સ. ૨૦૦૧)*

એ જ પ્રમાણે હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે અમે હુઝૂરે અકરમ ﷺની સાથે મૌજૂદ હતા એવામાં અમને ખાવા માટે બોલાવવામાં આવ્યા. રસ્તામાં હુઝૂર ﷺના નવાસા હઝરત હુસૈન رضی اللہ عنہ અન્ય બાળકો સાથે રમી રહ્યા હતા. હુઝૂર ﷺ અન્ય લોકોથી આગળ વધ્યા અને હુસૈનને પકડવાના માટે પોતાના હાથ ફેલાવી દીધા તો તે આમ તેમ ભાગવા લાગ્યા. હુઝૂર ﷺ તેમને હસાવતા રહ્યા, ત્યાં સુધી કે તેમને પકડી લીધા અને ગળે લગાડીને બોલ્યા, હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. જે પણ એનાથી મહોબ્બત રાખે અલ્લાહ તેનાથી મહોબ્બત રાખે.

એ જ પ્રમાણે હુઝૂર ﷺ હઝરત અનસ رضی اللہ عنہને ગમ્મત રૂપે "હે બે કાનવાળા !" કહીને બોલાવતા હતા. તેમજ તેમને "અબૂ બક઼લા" પણ કહેતા હતા, કેમ કે તે શાકભાજી તોડી લાવતા હતા. *(સુનને તિર્મિઝી, ૩/૪૨૬)*

ઉપરોક્ત હદીષોથી જાણવા મળ્યું કે બાળકોની

www.barkatekhwaja.net

માનસિકતાનો લેહાઝ કરીને તેમની સાથે હસી મજાક કરવી, તેમની સાથે ગમ્મતની વાતો કરવી એ હુઝૂરે અક્દસ ﷺની સુન્નત છે.

**૮. બાળકોને કાંઈ ન કાંઈ તોહફો આપવો** : માનવ સ્વભાવ પર તોહફાઓની ઘણી અસર પડે છે. કોઈ પણ સમાજમાં બીજી વ્યક્તિની મહોબ્બત તથા ધ્યાન હાંસલ કરવાનો આસાન તરીક઼ો તેને ગિફટ આપવું છે. જેમ કે એ જ માનવ પ્રકૃતિનો લેહાઝ કરીને હુઝૂરે અકરમ ﷺનું ફર્માન છે : આપસમાં એકબીજાને હદિયો આપ્યા કરો એનાથી તમારા વચ્ચે મહોબ્બત વધશે. *(અલ અદબુલ મુફરદ, ૧/૨૦૮, દારુલ બશાઈરિલ ઈસ્લામિયા, બૈરૂત)*

હુઝૂરે અકરમ ﷺએ બાળકોના હવાલાથી પણ આ નિયમ પર અમલ કર્યો છે. જેમ કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે હુઝૂર ﷺની ખિદમતમાં મોસમનું પહેલુ ફળ લાવવામાં આવતુ હતું તો પ્રથમ આપ બરકતની દુઆ કરતા હતા, અને પછી તે ફળ તે મજલિસમાં મૌજૂદ સૌથી ઓછી વયના બાળકને તોહફા રૂપે આપી દેતા હતા. *(મુસ્લિમ, ૨/૧૦૦૦)*

**૯. બાળકો સાથે ખેલકૂદ** : ઉછળવું, કૂદવું, દોડવું અને ખેલકૂદ કોઈ પણ બાળકની જિંદગીનો અનિવાર્ય હિસ્સો હોય છે. જાહેરી રીતે આ સર્વ એક્ટિવિટીઓ ફુઝૂલ જણાય રહી છે, પરંતું હક઼ીક઼તમાં આ જ ચીજો તેના શારીરિક તથા માનસિક વિકાસની પરિપૂર્ણતાનો ઝરીયો બને છે. ખેલકૂદના પરિણામે એક તરફ તો તેની શારીરિક શક્તિ મજબૂત બને છે તો બીજી તરફ ખેલકૂદમાં દિમાગના ઉપયોગના કારણે તેની વિચારણા ચિંતનમાં પ્રગતિ થાય છે તથા સર્જનાત્મક શક્તિઓમાં વધારો થાય છે અને આ રીતે ક્રમે ક્રમે તેની ફિતરી (પ્રાકૃતિક) છુપી કાબેલિયતો જાહેર થવાની શરૂ થઈ જાય છે જે આગળ જતાં તેના વ્યક્તિત્વની પરિપૂર્ણતા માટે મદદગાર સાબિત થાય છે. બાળકોનું વ્યક્તિત્વ નિખારવા અને તેમની યોગ્ય કેળવણીના માટે તેમની સાથે ખેલકૂદ એક પાયાની બાબત છે. પોતાની ઔલાદની સાથે ખેલવાનો એક મનોવૈજ્ઞાનિક ફાયદો એ થાય છે કે ઔલાદને ખુશી તથા આનંદ હાંસલ થવાની સાથોસાથ પોતાના કામના મહત્વનો અંદાઝો થાય છે. મા બાપથી સંબંધ અધિક મજબૂત બની જાય છે. બીજો મનોવૈજ્ઞાનિક (સાયકોલોજીકલ) ફાયદો એ થાય છે કે બાળકો પ્રાકૃતિક રીતે કમજોર હોય છે, પરંતું જ્યારે તેઓ મોટેરાઓમાં શક્તિ પ્રદર્શન કરે છે તો તેઓ પણ મોટાઓ જેવા બનવું પસંદ કરે છે, એના માટે તેઓ મોટા લોકોનો તરીક઼ો અપનાવે છે. આજકાલ બાળકોના તર્બિયતી પ્રોગ્રામોમાં આ વાત પર ભાર મૂકવામાં આવે છે કે મા બાપ પોતાની ઔલાદની સાથે ખેલકૂદમાં જોડાય, અને એને મા બાપની જિમ્મેદારીઓમાં ગણવામાં આવે છે. જેથી હુઝૂરે અકરમ ﷺએ આજથી ચૌદસો સદીઓ પહેલાં પોતાની ઉમ્મતને સામાન્યપણે એવું કરીને બતાવ્યું. આવો, નીચેના લખાણમાં એનું વિશ્લેષણ કરીએ છીએ.

હુઝૂરે અકરમ ﷺ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ અને ઓબેદુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને એક લાઈનમાં ઉભા કરતા અને તેમને કહેતા, જે પ્રથમ મારા સુધી પહોંચશે તેને આ આ ઈનામ મળશે. તો તે બંને દોડવા માંડતા અને આપના સીના મુબારક અને પીઠ મુબારક પર ચઢતા. હુઝૂરે અકરમ ﷺ તેમને ચુંબન કરતા અને પોતાની સાથે ચિમટાવી લેતા. એ જ પ્રમાણે હઝરત અલી رضی اللہ عنہથી મરવી છે કે એકવાર હઝરત હસન તથા હઝરત હુસૈન رضی اللہ عنہما આપસમાં ઉલઝી રહ્યા હતા. એવામાં હુઝૂર ﷺએ ફર્માવ્યું, શાબાશ હુસૈન ! હસનને પકડો. હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે મેં અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ આપ હસનની વિરૂધ્ધતા કરી રહ્યા છો, જ્યારે કે એ તો હસનથી મોટા છે ?! તો હુઝૂર ﷺએ તેમને જવાબ આપ્યો



www.barkatekhwaja.net

કે અસલમાં જિબ્રઈલ علیہ السلام હસનને શાબાશી આપી રહ્યા છે એટલા માટે મેં હુસૈનને શાબાશી આપી. *(ઔલાદકી તર્બિયત કુર્આનો હદીષકી રોશનીમેં, પેજ-૩૫૧)*

**હુઝૂર ﷺનું જાતે પોતે બાળકો સાથે ખેલવું** : નબી પાક ﷺ પોતે પણ બાળકો સાથે ખેલતા હતા. આપ પોતાના બંને નવાસાઓને પોતાની પીઠ પર સવાર કરી લેતા હતા. જેમ કે હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે એકવાર હું હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો તો જોયું કે આપના બંને નવાસા આપની પીઠ પર સવાર છે અને આપ ચાર પગે ચાલી રહ્યા છે, અને આપ બંનેને કહી રહ્યા હતા કે તમારી સવારી ખૂબ જ સારી સવારી છે, અને તમે બંને ઘણા જ સારા સવાર છો.

**૧૦. બાળકોમાં હરિફાઈ કરાવવી અને ઈનામ અર્પણ કરવું** : કોઈ પણ માણસમાં પ્રોત્સાહન ઉત્સાહ તથા સક્રિયતા પેદા કરવા માટે આસાન તરીક઼ો એ છે કે બીજા સાથે તેનો મુકાબલો (હરીફાઈ) કરાવવામાં આવે અને નાનાં બાળકોમાં તો એની અસર પણ અધિક વધારે પડે છે. એમનામાં ઘણી બધી વિવિધ શક્તિઓ તથા જઝબાત છુપા હોય છે અને એ ચીજો એ વખતે જાહેર થાય છે જ્યારે એ બાળ કોનો બીજા સાથે મુકાબલો કરાવવામાં આવે છે. હુઝૂર ﷺ વિવિધ પ્રસંગોએ બાળકોમાં મુક઼ાબલા (હરીફાઈ)ના જઝબાને ઉભાર્યા કરતા હતા, અને મુક઼ાબલો ક્યારેક તો ચિંતન વિચારણાના સ્વરૂપમાં થતો હતો અને ક્યારેક શારીરિક દોડ વગેરેના સ્વરૂપમાં થતો હતો. મુક઼ાબલાબાજીનો એક અન્ય સાયકોલોજીકલ ફાયદો એ પણ થાય છે કે એનાથી Collectivity (સંયુક્તપણા, ભેગા થવાની વૃત્તિ)ને પસંદ કરવાની આદત વિકસતી જાય છે જેનાથી જિંદગીના મસાઈલ (સમસ્યાઓ)ને સમજવાના તથા તેને હલ કરવાના તરીકા શીખવામાં આવે છે.

આ કેળવણી પધ્ધતિની અસર એ થાય છે કે બચપનમાં જ્યારે બાળકની સાથે હળીમળીને રમવામાં આવે અને તેની સાથે પ્રેમભાવનો વર્તાવ રાખવામાં આવે તો એનાથી બાળકમાં સેલ્ફ કોન્ફિડન્સ (આત્મ વિશ્વાસ) પેદા થઈ જાય છે જે આગળ જતાં ભવિષ્યમાં તેની જિંદગી પર બેહતર સાયકોલોજીકલ અસરો નાખે છે, કેમ કે આપણે જ્યારે કોઈ બાળકની સાથે હેતાળપણે વર્તાવ કરીએ છીએ તો એવું કરવાથી તેના દિલથી મેહરૂમીનો એહસાસ ખત્મ થઈ જાય છે અને એની જગાએ આત્મ વિશ્વાસ અને હોસલામંદી (ઉત્સાહ) પેદા થઈ જાય છે જેનાથી બાળકમાં છુપાયેલી પ્રાકૃતિક ક્ષમતાઓ (કાબેલિયતો) જાગી ઉઠે છે.

**૧૧. છોકરીઓ પ્રતિ પણ છોકરાઓની સમાન ધ્યાન આપવું** : આજના આ મોડર્ન યુગમાં પણ છોકરીઓને સામાન્યતઃ કમજોર સમજવામાં આવે છે અને છોકરાઓની સરખામણીમાં તેમને ઓછુ મહત્વ આપવામાં આવે છે. જ્યારે કે જાહિલિયતના જમાનામાં તો તેમના પર અધિક વધારે જુલ્મો કરવામાં આવતા હતા. અરબના કેટલાય કબીલાઓમાં છોકરીઓને જીવતી દફનાવી દેવાનું સામાન્ય હતું અને છોકરીઓના જન્મવા પર ગમગીન થવું તો આજે પણ આપણા સમાજમાં સામાન્યપણે જોવા મળે છે. એવા અંધકારમય દૌરમાં હુઝૂર ﷺએ મા બાપોને પુત્રીઓના સંબંધે સહીહ તાલીમ આપી, તેણીઓ સાથે મહોબ્બત તથા પ્રેમભાવપૂર્ણ વર્તાવનો હુકમ આપ્યો અને પુત્રીઓના જન્મ પર સંકૂચિત દિલ કરવાને મુશ્રિકાના કાર્ય પધ્ધતિ ઠરાવી. જેથી બાળકીઓના જન્મ પર અણગમો પ્રદર્શિત કરવું જાઈઝ નથી, કેમ કે એવું કરવાથી માણસ પોતાના રબથી નાશુકી કરે છે. કેમ કે પુત્ર હોય કે પુત્રી આપવાવાળી જાત તો અલ્લાહની જ છે. હુઝૂર ﷺએ આ મુશ્રિકાના કાર્ય પધ્ધતિને રદિયો આપીને બાળકીઓના ઉછેર માટે પ્રોત્સાહિત કરતાં ફર્માવ્યું, "જે કોઈએ બે પુત્રીઓના બાલિગ થતા સુધી પરવરિશ કરી (ઉછેરી) તો તે અને હું કયામતના દિવસે બે આંગળીઓ જેમ ભેગા હશે. આવુ ફર્માવીને

હુઝૂર ﷺએ પોતાની આંગળીઓને આપસમાં મિલાવી દીધી. *(મુસ્લિમ, ૪/૨૦૨૭)*

એ જ પ્રમાણે એક અન્ય હદીષમાં હુઝૂર ﷺનો ઈર્શાદ છે કે જે કોઈને પુત્રીઓ થકી અજમાવવામાં આવે અને પછી તે તેણીઓ સાથે સારો વર્તાવ કરે તો એ અમલ તેના માટે જહન્નમથી બચાવનો ઝરીયો બનશે. *(બુખારી, ૨/૧૧૦)*

સારા વર્તાવની ઉમદા તાબીર ખુદ હુઝૂર ﷺ થકી એક હદીષમાં નકલ થયેલ છે, જેમાં આપ ﷺ ફર્માવે છે : "જે કોઈને પુત્રી થાય અને તે તેણીને જીવતી ન દાટે અને ન તો પુત્રને તેણી પર અગ્રતા આપે તો એવા શખ્સને અલ્લાહ તઆલા જન્નતમાં દાખલ કરી આપશે." *(સુનને અબૂ દાઊદ, ૪/૩૩૭)*

એટલે કે ઔલાદની જરૂરિયાત પૂરી કરવામાં કોઈ ભેદભાવપૂર્ણ વર્તાવ ન કરે. ખાવા પીવા રહેવા સહેવામાં સર્વ ઔલાદને સમાન રીતે રાખે. એ જ પ્રમાણે તાલીમો તર્બિયત (શિક્ષણ તથા કેળવણી) વગેરે સર્વ બાબતોમાં બંનેને સમાન રીતે રાખે. શરીઅતે છોકરીઓના ઉછેર પર જે બદલો નિશ્ચિત કર્યો છે એટલો છોકરાઓના ઉછેર (પાલન પોષણ) પર નથી. એનું કારણ એ છે કે નર ઔલાદનો ઉછેર એ ઉમ્મીદ કરવામાં આવે છે કે તે ઘડપણમાં સહારો બનશે, અને છોકરીઓ તો અન્ય ઘરોની અમાનત હોય છે તો તેમનુ પાલન પોષણ કેવળ અને કેવળ અલ્લાહની રઝાના માટે થશે એટલા માટે એના પર વધારે સવાબ છે.

**૧૨. સર્વ ઔલાદમાં બરાબરીથી કામ લેવું:** હુઝૂરે અકરમ ﷺએ ઔલાદના મામલામાં બરાબરી ન કરવાને જુલ્મ ઠરાવી દીધો છે, જેમ કે એક રિવાયત છે કે એક સહાબીનાં પત્નીએ પોતાના પતિને કહ્યું, તમારો ગુલામ મારા પુત્રને આપી દો અને રસૂલુલ્લાહ ﷺને આ વાત પર મારા માટે ગવાહ બનાવી દો. તો એ સહાબી એટલે હઝરત બશીર رضی اللہ عنہ રસૂલુલ્લાહ ﷺની પાસે આવ્યા અને અર્ઝ કરી, મારી પત્નીએ મારાથી માગણી કરી છે કે હું તેના પુત્રને ગુલામ ભેટ આપી દઉં અને એના પર આપને ગવાહ બનાવી દઉં. તો આપ ﷺએ ફર્માવ્યું કે, શું તેના અન્ય પણ ભાઈઓ છે ? તો તેમણે કહ્યું, હા ! આપે તેમને પૂછયું, શું તમે સૌને આવો જ ગુલામ આપ્યો છે જેવો એને આપ્યો છે ? તેમણે કહ્યું, નહીં ! તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, એ તો બરાબર નથી ! અને હું તો કેવળ હક્ક઼ વાતની જ ગવાહી આપી શકુ છું. *(સુનને અબૂ દાઊદ, ૩/૨૩૯)*

યાદ રાખશો કે સર્વ ઔલાદમાં બરાબરી કરવી તેમની કેળવણીના હવાલાથી એક મહત્વની પાયાની ચીજ છે. ઔલાદમાંથી કોઈને નવાઝવી (કાંઈ અર્પણ કરવું) અને કોઈને તદ્દન મેહરૂમ અથવા ઓછુ આપવું જાઈઝ નથી. જો ઔલાદમાં બરાબરીથી કામ લેવામાં ન આવે તો એનાથી કેટલાય ખરાબીઓ જન્મ લેશે : (૧) ઔલાદમાં આપસમાં દુશ્મની પેદા થશે (૨) જેને નવાઝવામાં આવે તેનામાં ઘમંડ તથા ગુરૂતાની ગ્રંથિ પેદા થશે. (૩) મેહરૂમ થનારમાં લઘુતા ગ્રંથિ પેદા થશે. (૪) મેહરૂમ થનારમાં મા બાપથી અદાવત પેદા થશે. વર્ણવેલ ખરાબીઓના નિવારણ ખાતર હુઝૂરે અકરમ ﷺએ ઔલાદમાં ભેદભાવ જાઈઝ નથી રાખ્યો.

**સારાંશ** : આ સર્વ ચર્ચાઓનો સાર એ છે કે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને બાળકોની માનસિકતા વિશેનો અઢળક ઈલ્મ અતા કર્યો હતો, અને હુઝૂર ﷺએ બાળકોની માનસિકતાની જેટલી કાળજી લીધી છે એવી કોઈ અન્ય નથી રાખી શકતો. આજના આ મશીની દૌરમાં માનસિક (ડિપ્રેશનની) બીમારીઓ જેટલી ઝડપભેર વધી રહી છે અને બાળકો વિવિધ માનસિક ડિપ્રેશનના શિકાર બની રહ્યા છે તેનાથી બચવા જો આપણે આક઼ાએ કાઈનાત ﷺના ઉચ્ચ આચરણ (ઉસ્વએ હસના)ની તાલીમાતને અપનાવી લઈએ તો તે વિવિધ માનસિક બીમારીઓથી બાળકોની હિફાઝત શક્ય થઈ શકશે અને આપણને ભવિષ્યમાં એવી નવયુવાન પેઢી મળશે જે દિમાગી રીતે તંદુરસ્ત હશે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી, ઓગષ્ટ-૨૦૨૩)*

www.barkatekhwaja.net

## ગુજરાતમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہના ખલીફા

# હઝરત અલ્લામા મુફ્તી મહમૂદજાન જામજોધપૂરી رحمۃ اللہ علیہ

**અઝ : પટેલ અબ્દુર્રહમાન નક્શબંદી મિસ્બાહી-પારખેત**

હઝરત મુફ્તી મહમૂદજાન رحمۃ اللہ علیہ અસલ અફઘાનિસ્તાનના રહેવાસી હતા. આપના પિતા હઝરત અલ્લામા ગુલામરસૂલ અફઘાની رحمۃ اللہ علیہ અફઘાનના મશ્હૂર ઉલમામાંથી હતા. જેમની પાસે લોકો કાબુલ, કંધાર અને સમરકંદથી સફર કરીને ઈલ્મ પ્રાપ્ત કરવા માટે આવતા હતા. હઝરત મુફ્તી મહમૂદજાને પાયાની તા'લીમ પોતાના વાલિદ પાસેથી મેળવી. તા'લીમમાં ઉચ્ચ મકામ મેળવ્યા બાદ આપે હિજરતનો ઈરાદો કર્યો. એ ઈરાદા હેઠળ આપ અફઘાનમાંથી પોતાનું વતન છોડીને કાઠિયાવાડ ગુજરાતના જામજોધપુરમાં આવીને વસી ગયા. આ હિજરતનો સમય નક્કી કરવો મુશ્કેલ છે પણ એક અંદાજા મુજબ ૨૦મી સદીના વચ્ચેના ગાળામાં અનુમાન કરી શકાય છે.

કાઠિયાવાડના જામજોધપૂરમાં પધારેલા મહાન આલિમની થોડાક જ દિવસોમાં ખ્યાતિ થઈ ગઈ અને હિજરતવાળાનું ઘર ઈલ્મ માટે આવનારાઓની પહેલી પસંદ તરીકે ઓળખાયું. અહીં આપે મુસલમાનોની દરેક રીતે ખિદમત કરી. કેટલાય ઈસાઈ ધર્મગુરૂઓને ઈસ્લામ વિશે ટિપ્પણી બાબતે મુનાઝરામાં પરાજય આપ્યો. શરૂના દિવસોમાં તો આપ પોતાના મુનાઝરાના ફન (વિદ્યાકલા)થી જ મશ્હૂર હતા, કેમ કે આપના વાલિદ પણ અફઘાનમાં વહાબિયતનો ખૂબ રદ કરતા હતા એટલે મુનાઝરાની ઊંડી સમજ બાળપણથી જ આપની અંદર હતી.

જામજોધપૂરની ઈલ્મી વ્યસ્તતાના દરમિયાન આપને તરીકતના માર્ગે નીકળવાનો શોખ પેદા થયો. તરીકત માટે પીરે કામિલ જોઈએ, અને દેખીતી વાત છે કે આવા મહાન આલિમની નજરમાં કોઈ જેવું તેવું વ્યક્તિત્વ સ્થાન ન જમાવી શકે. આપની સાચી તલબ વધતી રહી ત્યાં સુધી કે કુદરતની તરફથી તેમના તરીકતનો માર્ગ બરેલી શરીફમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સુધી પહોંચ્યો. પોતાના તરીકતના સફર વિશે મુફ્તી મહમૂદજાન સાહબ પોતે લખે છે કે :-

"લાંબા સમયથી મારા દિલમાં એ વિચાર હતો કે જ્યાં સુધી હું એક કામિલ તથા ઉચ્ચ મકામ ધરાવનાર પીરને પામી ન લઉં ત્યાં સુધી મુરીદ બનીશ નહીં. આ તે સમયની વાત છે જ્યારે મેં મૌલાના મહમૂદ ઝિયાઉદ્દીન સાહબ પીલીભીતી رحمۃ اللہ علیہ દ્વારા આયોજિત મેગેઝિન વાંચવાની શરૂઆત કરી હતી, જે મેગેઝિનમાં ઈલ્મ અને જ્ઞાનની ઘણી વાતો સમાયેલી હોતી. તેમાં જ મેં સૈયદના આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે વાંચ્યું. તરત જ મારા દિલે કહ્યું કે આ યુગમાં આવી મહાન હસ્તીનું મળવુ કોઈ સામાન્ય વાત નથી. ખુદાઈ રહનુમાઈ હેઠળ મેં બરેલી શરીફનો સફર શરૂ કર્યો. જ્યાં જઈને મેં પોતાને આ'લા હઝરતની રહમતવાળી અદાલતમાં પેશ કર્યો. જ્યારે મેં તેમના નૂરાની ચહેરાને જોયો તો મારું દિલ પીગળી ગયું, મારું ઈમાન તાજું થઈ ગયું અને મારું દિલ ઝુમી ઉઠયું, એવી કૈફિયત પેદા થઈ કે પહેલાં ક્યારેય ન થઈ હતી." *(ઝિક્રે રઝા, પેજ નં. ૪, પ્રકાશક : જમીઅતે ઈશાઅતે એહલે સુન્નત-કરાચી, ઈ.સ. ૨૦૦૫)*

આ તે મુરીદ પીર સુધી પહોંચવાની દાસ્તાન હતી. હવે જરા પીરની તરફથી કેવુ વલણ અપનાવવામાં આવ્યું તે મુફતી સાહેબના પોતાના બયાનમાં વાંચો કે આગળ શું થયું ? આપે લખ્યું છે :-

"મને એક એવા મહાન પીર મળી ગયા હતા જેના

વિશે મેં કદી વિચાર્યું પણ ન હતું. મેં મુરીદ થવાની દરખ્વાસ્ત મૂકી અને મારા પીરે મને મુરીદ તરીકે ક઼બૂલ કર્યો.'' *(ઉપર મુજબ)*

હવે જો જો જરા કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાના મુરીદને પ્રથમ મુલાકાતમાં કેટલો નવાઝે છે અને મુફ્તી સાહેબનો દરજો મુરીદ તરીકે આ'લા હઝરતની નજરમાં કેટલો ઊંચો છે. મારેહરા શરીફમાં આ'લા હઝરતના મુરીદ બનવાનો પ્રસંગ ધ્યાનમાં રાખો અને મુફ્તી સાહેબના મુરીદ બનવાની દાસ્તાન આગળ વાંચો. લખે છે :

''મુરીદ બનાવીને તરત જ મને ઈજાઝત તથા ખિલાફત પણ આપી. પછી ઘરની અંદર ગયા, પોતાનો લિબાસ ઉતાર્યો, જે તે સમયે પહેરેલો હતો, અને લાવીને મને પોતાનો કુર્તો, પાયજામો, અમામો તથા સદરી અતા ફર્માવી. મોટી બારગાહમાંથી આ મોટી સખાવત હતી. તેમણે આ ખાદિમ (મહમૂદ જામજોધપૂરી)ને સિલસિલાએ ક઼ાદરિયા, બરકાતિયા, રઝવિય્યા, ચિશ્તિયા, સોહરવર્દિયા, નક઼્શબંદિયા તથા બીજા સિલસિલાઓમાં ખિલાફતથી નવાઝયો. તેમણે ઘણી મહોબ્બત તથા ઈજ્જતનો વ્યવહાર કર્યો, તે દરમિયાન મને ઘણા લકબો પણ આપ્યા અને મારા પર એટલી મેહરબાનીઓ કરી કે હું જીવનભર તેને ભૂલાવી નથી શક્તો. *(ઉપર મુજબ)*

એક મજાની વાત ઈતિહાસકારો માટે પીર અને મુરીદની ઉમર વિશે પણ છે. કેટલાક સંશોધકોનું માનવું છે કે જ્યારે આ'લા હઝરતે મુફ્તી મહમૂદજાન સાહેબને મુરીદ કર્યા ત્યારે મુફ્તી સાહબની વય કેટલી હતી તે નક્કી ધોરણે તો ન કહી શકાય પરંતુ એક અંદાજા મુજબ આ'લા હઝરત رحمۃ اللہ علیہની ઉંમર ચાલીસ વર્ષની હતી અને મુફ્તી સાહબ رحمۃ اللہ علیہ એંસી વર્ષના હતા. એંસી વર્ષનો મહાન આલિમ જેની પાસે મુરીદ બનવા જાય અને વળી તે પીર ફકત ચાલીસ વર્ષનો હોય તો પછી અંદાજો લગાડી શકાય છે કે તરીક઼તના મેદાનમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો મક઼ામ કેટલો બુલંદ છે !

હઝરત મુફ્તી મહમૂદ સાહબ મુરીદ બનીને અઢળક નેઅમતો લઈ જામજોધપૂર પાછા ફર્યા અને ત્યાર પછીથી લઈ પીરની હયાતના છેલ્લા દિવસો સુધી પોતાના પીર ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સાથે પત્રવ્યવહાર ચાલતો રહ્યો. કેવી રસપ્રદ વાત છે કે મુરીદ પીરથી પહેલાં પેદા પણ થયો, પીરથી મોટી ઉમરમાં જઈને મુરીદ પણ થયા અને પીર બાદ લગભગ ૧૦–૧૨ વર્ષ સુધી જીવંત પણ રહ્યા. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના પોતાના આ મુરીદ સાથેના પત્રવ્યવહારની નકલો મૌજૂદ છે અને અલ્લામા ડૉ. ગુલામ જાબિર શમ્સ મિસ્બાહીની કિતાબ 'કુલ્લિયતે મકાતિબે રઝા' (એટલે કે ઈમામ અહમદ રઝાના પત્રોનો સંગ્રહ)માં પ્રકાશિત પણ થયેલ છે.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એક કસીદો 'અલ્ ઈસ્તેમદાદ''ની ટાઈટલથી લખેલો છે. તે કસીદામાં પોતાના પ્રિય, શ્રેષ્ઠ તથા મહાન ખલીફાઓનું વર્ણન જુદા જુદા શેઅરોમાં તેમની જુદી જુદી ખૂબીઓ બયાન કરીને કર્યું છે. દરેક ક્ષમતા તથા ખૂબીઓ એક પછી એક શેઅરમાં લખી છે. કસીદા ઈસ્તેમદાદ છપાયેલો પણ છે અને હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ એના પર ઉર્દૂ ભાષામાં સમજૂતી પણ લખી છે. તે કસીદાની અંદર હઝરત મુફ્તી મહમૂદજાન જામ જોધપૂરી رحمۃ اللہ علیہના નામનો શેઅ્ર લખવાનું ભૂલી જવાનો અફસોસ અને તે વિશે પોતાના પસ્તાવા બાબતે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ મુફ્તી સાહેબને પત્ર લખયો. એ પત્રના શબ્દો વાંચો અને પીરની મહેરબાની તથા મુરીદના દરજ્જાનો અનુમાન લગાડો. ઈમામ રઝા લખે છે :–

''મારી અત્યંત વ્યસ્તતા અને જવાબદારીઓના કારણે આપનું નામ (કસીદામાં) વગર ઈરાદે છૂટી ગયું, જે કસીદા ઈસ્તેમ્દાદમાં છેલ્લે મારા શુભેચ્છકો અને

www.barkatekhwaja.net

મદદગારોની શ્રેણીમાં સોનેરી શબ્દોમાં મઢાવવું જોઈતું હતું, મને તેનો એહસાસ ત્યારે થયો જ્યારે કસીદો છપાઈ ચૂક્યો હતો અને મને હજુ સુધી તેનો (આપનું નામ રહી જવાનો) અફસોસ છે." *(મકાતિબે રઝા, પત્ર મુફ્તી મહમૂદ જાનના નામે)*

એક તરફ પીરની નજરમાં મુરીદનો આ મર્તબો છે અને બીજી બાજુ મુરીદની પીર પ્રત્યે અક઼ીદતનો એ હાલ છે કે આ'લા હઝરતના વિસાલ બાદ આપના મઝાર પર જ્યારે હાજર થયા તો આ'લા હઝરતના વસીલાથી અલ્લાહની બારગાહમાં પુત્રની દુઆ માગી. તે જ વર્ષે એમને ત્યાં પુત્રનો જન્મ થયો. તે સમયે મુફ્તી સાહેબની ઉમર ૧૦૮ વર્ષની હતી.

આ'લા હઝરત رحمۃ اللہ علیہના ગુંબદનો જે નક઼શો છે તેની ડિઝાઈન પણ હઝરત મુફ્તી મહમૂદજાનની જ વિચારેલી છે. એક સફરમાં પોતાના પીરની યાદમાં માચીસની બળેલી દિવાસળીઓથી ઘસીને કાગળ પર ગુંબદનો નક઼શો બનાવ્યો, આ લગભગ તેવો જ નક઼શો હતો જે આજે આપણે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના મઝાર પર જોઈએ છીએ.

હઝરત મુફ્તી મહમૂદજાને ઘણી કિતાબો લખી, જેમાંથી 'ઝિક્રે રઝા' અને 'ઈઝાહે સુન્નત' મશહૂર છે. પ્રથમ કિતાબ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની મનઝૂમ સવાનેહ છે, એટલે કે ફક્ત શાઈરીના શેઅરો દ્વારા આખી સવાનેહ લખી છે. આ સવાનેહના શેઅ્રો નાની સાઈઝની પત્રિકાના ૫૦ થી ૬૦ પેજમાં છે. બીજી કિતાબ "ઈઝાદે સુન્નત' પર ૬૩ મહાન ઉલમાની તસ્દીક છે, જેમાં પોતાના પીર અને સમયના મુજદ્દિદ ઈમામ અહમદ રઝા, તેમજ હુજ્જતુલ ઈસ્લામ મૌલાના હામિદ રઝા, મુફ્તીએ આ'ઝમે હિંદ, સદરુશ્શરીઅહ્ મૌલાના અમજદઅલી આ'ઝમી અને મુહદ્દિષે સૂરતી મૌલાના વસી અહમદ જેવી હસ્તીઓ સામેલ છે.

*(ઝિક્રે રઝા, ઉપર મુજબ)*

મૌલાના ઝિયાઉદ્દીન પીલીભીતીએ મુફ્તી સાહેબ વિશે જે લખ્યું છે તેનો ખુલાસો અમે લખીએ છીએ : "ઈસાઈઓ તથા વહાબીઓના રદમાં હઝરત મુફ્તી મહમૂદ જાનની તકરીરો લાજવાબ થાય છે. જો કે બીજા બાતિલ ફિર્ક઼ાઓની બુરાઈ તથા તેમનું બાતિલ હોવું પણ દલીલોથી બયાન કરે છે પરંતુ એ બંનેનો રદ શાનદાર કરે છે. હિંદુસ્તાન સિવાય આફ્રિકામાં પણ ખૂબ તબ્લીગે (દીન) કરી છે.

આપ બહુ સારા વાએઝ કહેનારા (વકતા) હતા. આપની વાએઝના પ્રોગ્રામમાં હજારો લોકો રહેતા. પેશાવર સાઈડના એરિયામાં ચાર ચાર મહીના સળંગ એમની વાએઝનો સિલસિલો ચાલતો રહેતો.

મુફ્તી સાહેબે પોતે એક તફસીર પણ લખી. તેમની લાઈબ્રેરીમાં કિતાબો જોવા જેવી હોતી, જે દુર્લભ કિતાબ બીજી જગ્યાએ ન મળતી તે મુફ્તી સાહેબની લાઈબ્રેરીમાં મળી આવતી.

હઝરત મહમૂદજાન સાહેબ હાફેઝ તથા મુફ્તી હોવાની સાથે ક઼ાઝી પણ હતા. શરઈ ફેંસલા કર્યા કરતા હતા. ઉલમા આપના ફત્વાઓને એહતેરામથી જોતા હતા." (સારાંશ સાથે પૂર્ણ).

ખલીફએ આ'લા હઝરત મુફ્તી મહમૂદજાન જામજોધપૂરી رحمۃ اللہ علیہની ત્રણ પત્નીઓ હતી. જેમનાથી ઔલાદમાં સાત પુત્રો અને અગ્યાર પુત્રીઓ હતી.

ગુજરાતની જમીન પર તૌહીદ અને સુન્નતનું નૂર ફેલાવનારા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના આ મહાન તથા પ્રિય ખલીફાનો વિસાલ ૧૧૮ વર્ષની ઉમરે ૩ સફર હિ.સ. ૧૩૫૦માં થયો. આપનું મઝાર જામજોધપુરમાં છે, જ્યાં સૌરાષ્ટ્રના મારા એક ઓળખીતા સુન્ની ભાઈની વાત પ્રમાણે ઉર્સમાં ઘણીવાર હુઝૂર તાજુશ્શરીઅહ્ અલ્લામા અખ્તર રઝા અઝહરી હાજરી આપતા رحمۃ اللہ علیہ રહ્યા છે.



# દુઆઓ ક઼બૂલ
## ન થવાના સબબો !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

ઈન્સાનના જીવનમાં પરિસ્થિતિઓ સદા સમાન નથી રહેતી, ક્યારેક તરક્કી અને ખુશહાલીવાળું જીવન પ્રાપ્ત હોય છે જેમાં સુખ સમૃદ્ધિ નામની પ્રત્યેક સહૂલત મળતી હોય છે, ક્યારેક પડતી ચારે બાજુથી એ રીતે ઘેરી લે છે કે પરિસ્થિતિ અસહ્ય બની જાય છે. પરંતુ આવા સંજોગોમાં ગભરાવું ન જોઈએ. ''મર્ઝીએ મૌલા અઝ હમા અવલા''ના મુજબ હર હાલમાં, પ્રત્યેક ક્ષણ પરવરદિગારે આલમનો શુક્ર અદા કરવો અને સબ્રનું દામન મજબૂતીથી થામી રાખવું જોઈએ, આ જ કામિલ મો'મિનની નિશાની છે. એ પણ યાદ રાખવું જોઈએ કે જરૂરી નથી કે કોઈની તરક્કી સદા માટે રહે, શક્ય છે તેના ભાગ્યમાં પડતી લખેલી હોય. એ જ રીતે જરૂરી નથી કે કોઈની પડતી હમેશાં રહે, શક્ય છે તેના નસીબમાં તરક્કી લખેલી હોય. જ્યારે ઈન્સાન તકલીફો અને મુસીબતોમાં ઘેરાયેલો હોય છે અને તેમાંથી નીકળવાનો રસ્તો જડતો નથી ત્યારે તેના હાથ રબની બારગાહમાં દુઆ માટે ઉઠી જાય છે. ઘણીવાર દુઆ વહેલી ક઼બૂલ થઈ જાય છે અને કદી કોઈ મસ્લેહતના કારણે દુઆ ક઼બૂલ થવામાં સમય લાગે છે. પરંતુ નિરાશ ન થવું જોઈએ, રબ્બે કરીમ દુઆઓ જરૂર ક઼બૂલ ફર્માવે છે.

રબ ઈર્શાદ ફર્માવે છે :—

وَ إِذَا سَأَلَكَ عبادى عَنِّى فَإِنِّي قَرِيبٌ أُجِيبُ دَعْوَةَ الدَّاعِ إِذَا
دَعَانِ فَلْيَسْتَجِيبُوا لِي وَلْيُؤْمِنُوا بِي لَعَلَّهُمْ يَرْشُدُون

''અને હે મહબૂબ ! જ્યારે તમારાથી મારા બંદા મારા વિશે પૂછે તો (કહી દો) હું નજીક છું, દુઆઓ કબૂલ કરું છું પોકારનારની જ્યારે મને પોકારે...

*—(સૂરએ બક઼રહ, આ. ૧૮૬)*

આ આયતના હેઠળ હઝરત સદરુલ અફાઝિલ સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી ફર્માવે છે : આ આયતમાં હક્કને તલબ કરનારાઓની અલ્લાહની તલબનું વર્ણન છે, જેમણે ઈશ્કે ઈલાહીમાં પોતાની જરૂરતોને ત્યજી દીધી, તેઓ અલ્લાહના જ તલબગાર છે, તેમને અલ્લાહની નિકટતા અને મુલાકાતની ખુશખબરીથી પ્રસન્નચિત્ત ફર્માવ્યા.

**શાને નુઝૂલ :** સહાબાની એક જમાઅતે ઈશ્કે ઈલાહીના જઝબામાં સૈયદે આલમ ﷺને પૂછયું કે અમારો રબ ક્યાં છે ? તેના જવાબમાં નિકટતાની ખુશખબરીથી સરફરાઝ ફર્માવી બતાવવામાં આવ્યું કે અલ્લાહ તઆલા જગ્યાથી પાક છે, કારણ કે જે ચીજ કોઈનાથી સ્થળના આધારે નજીક હોય તે તેનાથી દૂરવાળાથી જરૂર દૂર હશે અને અલ્લાહ તઆલા સર્વ બંદાઓથી નજીક છે, જે ચીજ મકાની હોય (જેના માટે જગ્યા અને સ્થળ હોય) તેની આ શાન નથી. (કે તે બધાથી નજીક હોય શકે) કુર્બની મંઝિલો સુધી પહોંચ બંદાને પોતાની ગફલત દૂર કરવાથી મળે છે.

*દોસ્ત નઝદીક તર અઝ મન બમન અસ્ત*
*વીં અજબ તર કે મન અઝ વે દૂરમ*

**અર્થાત** : ''દોસ્ત તો મારાથી પણ અધિક મારાથી નજીક છે પરંતુ અજબની વાત એ છે કે હું તેનાથી દૂર છું.''

'દુઆ' હાજતને અર્ઝ કરવું છે અને 'ઈજાબત (ક઼બૂલ થવું)' એ છે કે પરવરદિગાર પોતાના બંદાની દુઆ પર લબ્બૈક અબ્દી (મારા બંદા હું હાજર છું) ફર્માવે છે. મુરાદ પૂરી કરવી એ અલગ ચીજ છે, તે પણ તેના કરમથી કદી તુરંત થઈ જાય છે, કદી હિક્મતના આધારે મોડી, કદીક બંદાની હાજત

દુનિયામાં પૂરી કરવામાં આવે છે, કદીક આખિરતમાં, કોઈક વાર બંદાની ભલાઈ અન્ય ચીજમાં હોય છે તે આપવામાં આવે છે. ક્યારેક કોઈ બંદો અલ્લાહને મહબૂબ હોય છે તો એટલા માટે ક઼બૂલિયતમાં મોડું કરવામાં આવે છે કે તે અધિક સમય સુધી દુઆ કરતો રહે. કોઈકવાર દુઆ કરનારમાં સાચી નિય્યત અને ઈખ્લાસ વગેરે દુઆ ક઼બૂલ થવાની શરતો નથી હોતી, એટલા માટે જ અલ્લાહનો નેક અને મક઼બૂલ બંદાઓથી દુઆ કરાવવામાં આવે છે.

**મસ્અલા** : નાજાઈઝ બાબતની દુઆ કરવી જાઈઝ નથી. દુઆના આદાબમાંથી છે કે દિલ હાજર રાખીને યકીન સાથે દુઆ કરે અને શિકાયત ન કરે કે મારી દુઆ કુબૂલ ન થઈ. તિર્મિઝી શરીફની હદીષ શરીફમાં છે કે નમાઝ પછી હમ્દો ષના અને દુરૂદ શરીફ પઢે પછી દુઆ કરે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

આયત وَإِذَا سَأَلَكَ عِبَادِى ના હેઠળ હકીમુલ ઉમ્મત હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાન નઈમી અશરફી رحمۃ اللہ علیہ ફર્માવે છે : દુઆ માગવું પણ ઈબાદત બલ્કે ઈબાદતની અસ્લ છે, તેના અકલી અને નકલી અસંખ્ય ફાયદા છે.

## ★ દુઆ કરવાના ફાયદાઓ ★

(૧) દુઆથી બંદગીનો ઈઝહાર થાય છે અને દુઆ ન માગવું બેપરવાહીની નિશાની છે. બંદાની શાન એ છે કે પોતાના રબથી દુઆ માગતો રહે. (૨) દુઆથી અલ્લાહની મહોબ્બત પેદા થાય છે, કારણ કે ઈન્સાન હાજત પૂરી કરનારથી મહોબ્બત કરે છે. (૩) દુઆથી અલ્લાહની ઈતાઅતનો જઝબો પેદા થાય છે કારણ કે તેનાથી પોતાની મોહતાજી અને રબ તઆલાની બેનિયાઝી સમજમાં આવે છે. પ્રજા પોતાની મજબૂરી અને હાકેમના ઈખ્તેયારો જાણીને જ તેનું આજ્ઞાપાલન કરે છે. (૪) દુઆ અંબિયાએ કિરામની સુન્નત છે, દરેક નબીએ દરેક સંજોગોમાં દુઆઓ માગી. (૫) દુઆ અલ્લાહને પ્યારી છે એટલા માટે જ તેણે ઠેક ઠેકાણે દુઆનો હુકમ આપ્યો છે. દરેક ધર્મમાં દુઆ પ્રતિ આકર્ષવામાં આવેલ છે. કાફિરો પણ દુઆઓ માગે છે. (૭) દુઆથી આવનાર મુસીબત ટળી જાય છે અને બેનસીબોના નસીબ ખુલી જાય છે. (૮) દુઆથી રબની રહમતો મળતી રહે છે. (૯) દરેક ઈબાદત દુઆ વિના અદ્ધર રહે છે, દુઆ તેના પંખ છે જેનાથી તે રબની બારગાહમાં પહુંચે છે. (૧૦) અલ્લાહ તઆલાએ આદમને ફર્માવ્યું, એક કામ તમારું છે અને એક કામ મારું છે, તમારું કામ દુઆ કરવું છે અને મારું કામ ક઼બૂલ કરવું છે. (૧૧) અલ્લાહ તઆલાને એ વાતથી હયા આવે છે કે બંદાના ઉઠેલા હાથને ખાલી પાછા ફરે. *(તફસીરે નઈમી)*

**દુઆ ક઼બૂલ થવાના અમુક ખાસ સમય અને સ્થળો** : (૧) જુમ્આના દિવસે બે ખુત્બા દરમિયાન. (૨) ખુત્બા અને નમાઝ દરમિયાન. (૩) જુમ્આના દિવસે સૂર્ય ડૂબવાના સમયે. (૪) વરસાદ થતાં સમયે. (૫) મરઘાની બાંગના સમયે. (૬) દરેક રાત્રીના અંતિમ છટ્ઠા ભાગમાં. (૭) રમઝાનમાં ઈફ્તાર અને સહેરીના સમયે. (૮) ખત્મે કુર્આનના સમયે. (૯) અઝાન બાદ. (૧૦) ફર્ઝ નમાઝ પછી. (૧૧) શબે ક઼દ્રમાં.

**એ સ્થળો જ્યાં દુઆ ક઼બૂલ થાય છે** : (૧) ખાનએ કા'બા પર પહેલી નજર પડતા સમયે. (૨) તવાફમાં મુલ્તઝમ પાસે. (૩) ઝમ્ઝમ્ના કૂવા પાસે. (૪) ઝમ્ઝમ્ પીતા સમયે. (૫) સફા મર્વા પર. (૬) સઈમાં. (૮) મકામે ઈબ્રાહીમ પાછળ, અર્ફાત, મુઝ્દલિફા અને મિનામાં. (૯) ત્રણેવ જમરા પાસે. (જ્યાં શૈતાનને કાંકરી મારવામાં આવે છે) (૧૦) અવલિયાએ કિરામના મઝારો પર, બલ્કે બુઝુર્ગો પાસે દુઆ માગવું અંબિયાએ કિરામની સુન્નત છે, હઝરત

www.barkatekhwaja.net

ઝકરિયાએ હઝરત મરયમ પાસે ઊભા થઈ ઔલાદની દુઆ માગી.

કુર્આનમાં છે :–

هُنَالِكَ دَعَا زَكَرِيَّا رَبَّهُ ۖ قَالَ رَبِّ هَبْ لِي مِن لَّدُنكَ ذُرِّيَّةً طَيِّبَةً

**તર્જુમો** : "ત્યાં જ ઝકરિયાએ પોતાના રબથી દુઆ માગી, અર્ઝ કરી : હે મારા રબ ! મને પોતાની બારગાહથી પાક ઔલાદ અતા કર."

*(સૂરએ આલે ઈમરાન, આ. ૩૬)*

**જેમની દુઆઓ અલ્લાહની બારગાહમાં કુબૂલ થાય છે** : (૧) રોઝદારની દુઆ ઈફતારના સમયે. (૨) ઈન્સાફ કરનાર બાદશાહની. (૩) મઝલૂમની. (૪) મા બાપની. (૫) મુસાફિરની. (૬) બીમારની (૭) ઘરે પહોંચતા પહેલાં સુધી હાજીની. (૮) મુસલમાન માટે તેની ગેર હાજરીમાં દુઆ. (૯) મુજાહિદની.

**મસ્અલા** : નાજાઈઝ કામો માટે દુઆ કરવું મના છે.

**મસ્અલા** : અસંભવ ચીજની દુઆ કરવું મના છે.

**મસ્અલા** : દુઆ કુબૂલ થવામાં મોડુ થાય તો શિકાયત ન કરે નહીં તો દુઆ કુબૂલ નહીં થાય.

*(તફસીરે નઈમી)*

દુઆના આદાબમાંથી છે કે બંદો ખૂબ આજીજી તથા ઈન્કેસારી સાથે, રડીને એ યકીન સાથે અલ્લાહની બારગાહમાં હાથ ઉઠાવે કે અમારો રબ અમારી ફરિયાદ સાંભળી રહ્યો છે અને અમારી મુરાદ પણ પૂરી કરશે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

ادعُوا رَبَّكُم تَضَرُّعًا وَخُفْيَةً إِنَّهَ لَا يُحِبُّ الْمُعْتَدِين

(તર્જુમા) : "પોતાના રબથી આજીજી સાથે ધીમેથી દુઆ કરો, બેશક ! તે હદથી વધનારાઓને પસંદ નથી ફર્માવતો." *(સૂરએ અઅ્રાફ, ૫૫)*

**તફસીર** : દુઆ અલ્લાહ તઆલાથી ભલાઈ માગવાને કહેવામાં આવે છે અને એ ઈબાદતમાં દાખલ છે. કારણ કે દુઆ કરનાર પોતાને આજિઝ અને મોહતાજ અને પોતાના પરવરદિગારને હકીકી કાદિર અને હાજત પૂરી કરનાર સમજે છે. એટલા માટે જ હદીષ શરીફમાં ફર્માવ્યું : الدُّعَاءُ مُخُّ العِبَادَة "દુઆ ઈબાદતની અસ્લ છે."

તઝર્રુઅથી આજીજી અને ખુશૂઅ જાહેર કરવું મુરાદ છે અને દુઆમાં અદબ એ છે કે ધીમેથી હોય. હઝરત હસનનો કોલ છે : ધીમેથી દુઆ કરવું ઊંચા અવાજથી દુઆ કરવા કરતાં **સિત્તેર ઘણુ અફઝલ** છે.

**મસ્અલા** : એમાં ઉલમાનો મતભેદ છે કે ઈબાદતોને જાહેર કરવી અફઝલ છે કે છુપાવવું. અમુકનું કહેવું છે કે છુપાવવું અફઝલ છે કારણ કે તે દેખાવાથી ઘણુ દૂર છે. અમુકનું કહેવું છે જાહર કરવું અફઝલ છે, એટલા માટે કે તેનાથી અન્ય લોકોને ઈબાદતની પ્રેરણા મળે છે. ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું કે જો ઈન્સાનને નફ્સ પર દેખાવનો ભય હોય તો તેના માટે છુપાવવું અફઝલ છે અને જો દિલ સાફ હોય, દેખાવનો ભય ન હોય તો જાહેર કરવું અફઝલ છે. અમુક ઉલમાનું કહેવું છે કે ફર્ઝ ઈબાદતોમાં જાહેર કરવું અફઝલ છે, ફર્ઝ નમાઝ મસ્જિદમાં જ બેહતર છે અને ઝકાતને જાહેર કરીને આપવી જ અફઝલ છે અને નફ્લ ઈબાદતો નમાઝ હોય કે અથવા સદકા વગેરે તેમાં છુપાવવું અફઝલ છે. દુઆમાં હદથી વધવું વિવિધ રીતે હોય છે, તેમાંથી એક એ પણ છે કે બહુ ઊંચા અવાજથી ચીસો પાડે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

અન્ય એક આયતે કરીમામાં છે :–

وَقَالَ رَبُّكُمُ ادْعُونِيٓ أَسْتَجِبْ لَكُمْ ؕ

**તર્જુમા** : "અને તમારા રબે ફર્માવ્યું, મારાથી દુઆ કરો, હું કુબૂલ કરીશ." *(સૂરએ મો'મિન, આ ૬૦)*

સદરુલ અફાઝિલ હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી ઉપરોક્ત આયતની તફસીરમાં ફર્માવે છે : અલ્લાહ તઆલા બંદાઓની દુઆઓ પોતાની રહ્મતથી કુબૂલ ફર્માવે છે અને તેના કુબૂલ થવાની અમુક શરતો છે :

www.barkatekhwaja.net

(૧) દુઆમાં ઈખ્લાસ. (૨) દિલ અન્ય તરફ લાગેલું ન હોય. (૩) દુઆ કોઈ મના કરેલ બાબત પર આધારિત ન હોય. (૪) તે અલ્લાહની રહ્મત પર યકીન રાખતો હોય. (૫) શિકાયત ન કરે કે મેં દુઆ માગી અને કબૂલ ન થઈ.

જ્યારે આ શરતો સાથે દુઆ કરવામાં આવે છે તો કબૂલ થાય છે. હદીષ શરીફમાં છે કે દુઆ કરનારની દુઆ કબૂલ થાય છે, તેની મુરાદ દુનિયામાં જ જલ્દી આપી દેવામાં આવે છે અથવા આખિરતમાં તેના માટે જમા કરી દેવામાં આવે છે અથવા તેનાથી ગુનાહોનો કફ્ફારો કરી દેવામાં આવે છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

દુઆ કબૂલ ન થવાના કારણોમાં ઈન્સાનનું અધિક્તમ ગુનાહોમાં રચ્યા પચ્યા રહેવું પણ છે, એટલા માટે **ગુનાહોની અધિક્તાથી ઈન્સાની ઝબાનમાં અસર બાકી નથી રહેતી.** હા ! જો સાચા દિલથી તૌબા કરી અલ્લાહની બારગાહમાં હાથ ઉઠાવવામાં આવે તો તુરંત દુઆ કબૂલ થાય છે.

## ★ ચુગલખોરીથી દુઆ કબૂલ થતી નથી ★

હઝરત કઅબ અહબાર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે : હઝરત મૂસા علیہ السلامના જમાનામાં લોકો સખત દુકાળમાં સપડાયા અને હઝરત મૂસા علیہ السلام બની ઈસ્રાઈલને લઈ વરસાદની દુઆ માટે નીકળ્યા તો વરસાદ ન પડયો. અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامને વહી મોકલી કે તમારી અને તમારા સાથીઓની દુઆ કબૂલ નહીં કરું. કારણ કે તમારી સાથે ચુગલખોર છે. હઝરત મૂસા علیہ السلامએ અર્ઝ કરી, હે મારા રબ ! એ કોણ છે ? જેથી અમે તેને અમારામાંથી કાઢી મૂકીએ. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, હે મૂસા ! હું તમને ચુગલીથી મના કરું છું તો શું હું પોતે ચુગલખોરી કરું ?! હઝરત મૂસા علیہ السلامએ બની ઈસ્રાઈલને ફર્માવ્યું, બધા ચુગલખોરીથી તૌબા કરો ! જ્યારે તેઓએ તૌબા કરી તો અલ્લાહ તઆલાએ એમના પર વરસાદ વરસાવ્યો.

## ★ અહલે બયતના વસીલાથી દુઆ કબૂલ થાય છે ★

અલ્લાહના મહબૂબ બંદાઓ અને રસૂલ કરીમ صلی اللہ علیہ وسلمના એહલે બૈતના વસીલાથી દુઆ ઘણી જ જલ્દી કબૂલ થાય છે. રિવાયતમાં હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ હઝરત અબ્બાસ رضی اللہ عنہના વસીલાથી વરસાદની દુઆ માગી. જ્યારે દુઆથી ફારિગ થયા તો હઝરત અબ્બાસ رضی اللہ عنہએ આ રીતે દુઆ માગી : હે અલ્લાહ ! આસમાનથી મુસીબતો ગુનાહોના કારણે ઉતરે છે અને તૌબાથી મુસીબતો દૂર થાય છે, એ લોકોએ મારા વસીલાથી દુઆ માગી છે કારણ કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمથી નિસ્બતના લીધે મારું એક સ્થાન છે. અમારા ગુનાહોથી ભરેલા હાથ તારી બારગાહમાં ઉઠેલા છે અને અમારી પેશાનીઓ તૌબા સાથે હાજર છે, તું હિફાઝત કરનાર છે, ભટકેલા લોકોથી બેખબર નથી રહેતો, પરેશાન હાલોને હાલાકીની જગાએ નથી છોડતો, નાના ફરિયાદ કરે છે અને મોટા રડે છે, ફરિયાદ સાથે અવાજો ઊંચી થઈ ગઈ અને તું અત્યંત છુપી વાતોને પણ જાણે છે, હે અલ્લાહ ! અમને તારી ખાસ વર્ષાથી નવાઝી દે એ પહેલાં કે અમે નિરાશ થઈ હલાક થઈ જઈએ. કારણ કે અલ્લાહની રહ્મતથી કાફિરો જ નિરાશ થાય છે. રિવાયત કરનાર કહે છે કે આપની દુઆ પૂરી થતાં જ પહાડો સમાન વાદળો ઉઠવા લાગ્યાં.

## ★ હરામ ખાનારાઓની દુઆ કબૂલ નથી થતી ! ★

અમુક લોકો શિકાયત કરતા હોય છે કે અમે વરસોથી દુઆઓ કરીએ છીએ પરંતુ આજ સુધી અમારી એક પણ દુઆ કબૂલ થઈ નથી. અહીંયા એ વાત ધ્યાનમાં રાખવી કે અલ્લાહના ખજાનામાં કોઈ ચીજની કમી નથી, પરંતુ તે હિક્મતવાળો છે, કદી કોઈ મસ્લેહતના કારણ

www.barkatekhwaja.net

દુઆ તુરંત કબૂલ નથી ફર્માવતો. દુઆ કબૂલ ન થવાના કારણોમાં એક કારણ એ પણ છે કે બંદો ખાવા પીવામાં હરામની પરવા ન કરે, તો એવાની ઝબાનથી તાસીર ખત્મ કરી દેવામાં આવે છે, પછી તે ગમે તેટલી આજીજી અને રડીને દુઆ માગે તે અલ્લાહની બારગાહમાં કબૂલ નથી થતી. મુસ્લિમ શરીફની હદીષ છે, રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :–

"કોઈ વ્યક્તિ લાંબો સફર કરે, વાળ વિખરાયેલા, કપડાં ધૂળમાં ભરેલા, તે પોતાના હાથ આસમાન તરફ ફેલાવે અને યા રબ ! યા રબ ! કરે અને તેનું ખાણુ હરામનું, પીણું હરામનું, પહેરવેશ હરામનો, તેનું પોષણ હરામથી થયું હોય તો તેની દુઆ ક્યાંથી કબૂલ થાય."

મોઅ્જમુલ અવસતની હદીષ શરીફમાં છે રસૂલુલ્લાહ ﷺએ હઝરત સઅદ رضی اللہ عنہથી ફર્માવ્યું : હે સઅદ ! પોતાની ગિઝા પાક કરી લો મુસ્તાજાબુદ દઅ્વાત (જેની દરેક દુઆ કબૂલ થાય છે તે) થઈ જશો. એ જાતની કસમ ! જેના કબ્જામાં મુહમ્મદની જાન છે ! બંદો હરામનો કોળિયો પોતાના પેટમાં નાખે છે તો તેના ચાલીસ દિવસના અમલ કબૂલ નથી થતા અને જે બંદાનો ગોશ્ત હરામથી પોષણ પામેલ હોય તેના માટે આગ બેહતર છે."

આ હદીષથી સ્પષ્ટ થાય છે કે દુઆની કબૂલિયતમાં હલાલ રોજીનું મહતવ છે, ખુલાસો એ છે કે **કુર્આન, હદીષ અને તફસીરમાં જે શરતોની પાબંદી સાથે દુઆ કરવાનો હુકમ ફર્માવવામાં આવ્યો છે તેમના પ્રમાણે દુઆ કરવામાં આવે તો જરૂર દુઆ કબૂલ થશે.** તેના વિરુદ્ધ કરવામાં આવે તો પરિણામ પણ વિપરીત આવશે. સાથે સાથે જાણી લો કે જો દુઆઓના આગળ પાછળ દુરૂદ શરીફ પઢવામાં આવે તો પણ દુઆઓ જલ્દી કબૂલ થાય છે. *(માહનામા અશ્રફિયા, સપ્ટેમ્બર–૨૦૨૩)*

---

પેજ નં.૩૦ નું ચાલુ.. માફી તથા દરગુઝર અને આંખ આડા કાન કરવા એટલા પ્રમાણમાં હતાં કે કદી કદી કોઈક લોંડી તથા ગુલામને આપે નથી માર્યો. આપ ખુદ ફર્માવે છે : "મેં કદાપિ મારા કોઈ ગુલામને માર્યો નથી." *(તહઝીબુત્તહઝીબ, ૩/૪૯, દારે અહ્યા અત્તરાષુલ અરબી)*

**સોનેરી કથનો** : નીચેના લખાણમાં આપનાં કેટલાંક સોનેરી વચનો લખવામાં આવી રહ્યાં છે :

★ ઈલ્મ ગણત્રીથી પણ વિશેષ છે જેથી દરેક ઈલ્મમાં સૌથી શ્રેષ્ઠને અપનાવો.

★ પાડોશીની સાથે સદવર્તાવ એ નથી કે તમે પોતાની તકલીફને પડોશીથી રોકો, બલ્કે **પડોશીની સાથે હુસ્ને સુલૂક તો એ છે કે પડોશીની તકલીફ પર સબ્ર કરો.** *(મરજએ સાબિક)*

★ **બદકાર આલિમો અને જાહિલ આબિદોથી બચો, કેમ કે એ બંનેવ ઉમ્મતના માટે ઘણો જ મોટો ફિત્નો છે.**

*(તહઝીબુલ કમાલ, ૫/૧૪૩, દારુલ કુતબિલ ઈલ્મિયા)*

★ માણસ ત્રણ પ્રકારના હોય છે : કામિલ, મધ્યમ, અપૂર્ણ. કામિલ પુરૂષ તો તે છે જે જાતે પોતે સાહિબુર્રાય (જેની સલાહ લઈ શકાય) હોય અને તે મશ્વરો પણ માગે. અને મધ્યમ કક્ષાનો માણસ તે છે જે સાહિબે રાય તો ન હોય અલ્બત્ત તે મશ્વરો તલબ કરનાર હોય, અને અપૂર્ણ માણસ તે છે જે ન તો સાહિબે રાય હોય ન મશ્વરો લેતો હોય.

**વફાત** : ઈલ્મો ફઝ્લના આફતાબ (સૂરજ), પ્રથમ અજોડ વ્યક્તિ, પોતાના સમયના મહાન મુહદ્દિષે હિ.સ. ૧૦૪માં ઈન્તેકાલ કર્યો, દારે ફાનીથી દારે બકાની તરફ સફર કર્યો અને એક જહાનને રડતુ ધ્રુસ્કાં લેતુ છોડી ગયા. اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیْہِ رٰجِعُوْنَ *(મરજએ સાબિક, પેજ–૧૪૪)*

● ● ●

www.barkatekhwaja.net

## દયાદરામાં જશ્ને મીલાદુન્નબી ﷺ નિમિત્તે પ્રોગ્રામો યોજાયા

*નિષાર તેરી ચહલ પહલ પર, હઝારોં ઈદે રબીઉલ અવ્વલ*
*સિવાય ઈબ્લીસ કે જહાંમેં, સભી તો ખુશિયાં મના રહે હૈં*

રહ્‌મતે દો આલમ, નૂરે મુજસ્સમ ﷺની વિલાદતે પાકના જશ્ન નિમિત્તે ''મુખ્તારુલ મસાજિદ–દયાદરા'' ખાતે રબીઉલ અવ્વલ શરીફના ચાંદ ૧ થી ૧૨ સુધી દરરોજ ઈશા બાદ મેહફિલે દુરૂદ બાદ ખત્મે યાસીન શરીફ રાખવામાં આવેલ. તેમજ તા. ૨૫–૯–૨૦૨૩, ચાંદ ૧૦ રબીઉલ અવ્વલ શરીફના રોજ ઈશા બાદ મસ્જિદમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ શાને મુસ્તફા ﷺ પર શાનદાર બયાન કર્યું હતું. ચાંદ–૧૧ની રાતે ઈશા બાદ મસ્જિદમાં ''મેહફિલે નઅત'' યોજાયી જેમાં બુલબુલે બાગે મદીના હઝરત ક઼ારી મક઼સૂદ અશરફી (પેશ ઈમામ : દયાદરા) સાહબે નઅતો મન્ક઼બતના ગુલદસ્તા પેશ કરી હાજરજનોનાં ઈમાનમાં તાજગી ભરી દીધી હતી. ચાંદ–૧૨ની રાતે મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે વિલાદતે મુસ્તફા ﷺ પર ઈમાન અફરોઝ ગુફતગૂ કરી હતી. જુમેરાતે મીલાદુન્નબી ﷺના દિવસે આઠ વાગે હઝરત સૈયદ ફરીદબાવા તિર્મિઝી સાહબની સદારતમાં સવારમાં જુલૂસ બાલ મુબારક સાથે ગામ ફેરી ફરીને મસ્જિદમાં પહોંચ્યું. મસ્જિદમાં જનાબ ક઼ારી મકસૂદ સાહબે નઅતે પાક પેશ કરી પછી હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે ઈમાન અફરોઝ બયાન તજલ્લિયાતે મૂએ મુબારક પર કર્યું. બાદમાં બાઅદબ મૂએ મુબારક શરીફની હાજરજનોએ ઝિયારત કરી. છેવટમાં અકુજી કોમ્યુનિટી હોલમાં ન્યાઝ જમાડવામાં આવી.

## જંબુસર ચાંદપીર ખાતે સુન્ની ઈજતેમા

**જંબુસર** : ચાંદપીર મસ્જિદ ખાતે તા. ૧૬–૧૦–૨૦૨૩ના રોજ ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો સુન્ની ઈજતેમા ઈશા બાદ થયો જેમાં જનાબ હાફિઝ મુહમ્મદ દહેગામી સાહબે નઅતે પાક પેશ કરી. ત્યારબાદ હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી) સાહબે ઉલમાએ દીનની ફઝીલત પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. છેવટમાં હઝરત મૌલાના ઈમરાન ગુજર ઝંઘારવી સાહબે મુસલમાનોના અખ્લાક઼ વગેરે સંબંધે ઈસ્લાહી ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

## હાડગુડમાં મેહફિલે નઅતનો પ્રોગ્રામ યોજાયો

હાડગુડ : તા. ૮–૧૦–૨૦૨૩, રવિવારે જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ નિમિત્તે અસરની નમાઝ બાદ સુન્ની દાવતે ઈસ્લામી–હાડગુડ થકી જામા મસ્જિદ–હાડગુડ ખાતે ''મેહફિલે નઅતે પાક''નો શાનદાર પ્રોગ્રામ થયો, જેમાં મુંબઈથી તશરીફ લાવેલ હઝરત અલ્હાજ ક઼ારી રિઝવાન ખાન સાહબ (રુકને શૂરા : સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ પોતાના અનોખા અંદાઝમાં નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા, સાથોસાથ ઈમાન અક઼ીદા તથા અમલની ઈસ્લાહ કરતી નસીહતો પોતાની વિશિષ્ટ શૈલીમાં રજૂ કરી હતી.

*(રજૂ. સૈયદ અબ્દુર્રઉફ સાહબ–MSDI હાડગુડ)*